પ્રકાશક:–
જૈન યુવક સંઘના મંત્રીઓ:–
મણીલાલ મોહોકમચંદ શાહ
અમીચંદ ખેમચંદ શાહ
ધનજી સ્ટ્રીટ, મુંબઈ નં. ૩.

સને ૧૯૩૭]

—: મુદ્ર

શ્રી મહાવીર

નિવેદન.

મુંબઇમાં ૧૯૮૮ ની સાલમાં શરૂ કરેલ પર્યુષણ વ્યાખ્યાનમાળા તરફ જૈન સમાજના જિજ્ઞાસુ વર્ગનું ધ્યાન ખેંચાવાથી ત્રણ વર્ષના ગાળા પછી સંવત ૧૯૯૨ ની સાલમાં વ્યાખ્યાનમાળા શરૂ કરવાની ભાવના થઇ, અને બનારસથી પંડિત શ્રી સુખલાલજી, વર્ધાથી પંડિત શ્રી દરબારીલાલજીએ ને કાકા કાલેલકર જેવા સમર્થ વિદ્વાનોએ મુંબઈ આવવાનું સ્વીકાર્યું, તેમની માયાળુ લાગણી ને સહકારથી વ્યાખ્યાનમાળા શરૂ કરી અને મુંબઇવાસી યુવાન તેમજ વૃદ્ધ વર્ગે અમારા એ પ્રયાસને ખુબ આવકાર આપી લોકરૂચી સંબંધે અમે બાંધેલ અભિપ્રાયમાં અમારી સત્યતા અંગે સબળ ટેકો આપ્યો.

જૈન તેમજ જૈનેતર વિદ્વાનોને વ્યાખ્યાનમાળામાં પ્રવચન કરવા આમંત્ર્યા હતા, તેમાં બનારસ ને વર્ધા જેવા દૂરના સ્થળેથી આવીને તેમ મુંબઇ જેવા રોકાણવાળા શહેરમાં પણ પોતાના સમયનો ભોગ આપી જે વિદ્વાન બધુંઓએ વ્યાખ્યાનમાળામાં ભાષણો કર્યા અથવા લખેલા નિબંધો વાંચી સહકાર આપ્યો છે તે સૌના આભારી છીએ.

વ્યાખ્યાનમાળા ચાલતી હતી ત્યારે લેખો છપાવી પુસ્તક રૂપે બહાર પાડવાનું નક્કી થતાં, તેજ વખતે અનેક ઉદાર ભાઇ બ્હેનોએ ગ્રાહક તરીકે પોતાના નામે નોંધાવેલાં, તેમના તેજ વાચક વર્ગના હાથમાં પુસ્તક મૂકવામાં ઢીલ થવાના કારણમાં જે વિદ્વાનોએ વ્યાખ્યાનમાળામાં પ્રવચનો કરેલાં તેમનો મહેરો ને મહત્વનો ભાગ આ પુસ્તકમાં આવી જાય છે, પરંતુ તે મહત્વનાં ભાષણો મેળવવાના લીધેજ ઢીલ થઇ છે.

વ્યાખ્યાનમાળાના આઠે દિવસ હીરાબાગના ટ્રસ્ટીઓએ હીરાબાગનો વ્યાખ્યાન હોલ અને પર્યુષણના છેલ્લા દિવસે ભાઇશ્રી દરગોવિંદદાસે ભાંગવાડી થીએટર કંઇ પણ લીધા સિવાય તદ્દન ફ્રી આપીને અમારા પ્રત્યે જે ઉદારતા દર્શાવી છે તે બદલ અમે તેઓના આભારી છીએ.

આ સિવાય જે ભાઇઓએ તન મન ને ધનની મદદ કરી છે તે સૌનો આભાર માનીએ છીએ.

લી૦ મંત્રીઓ,

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

વિષયાનુક્રમ.

પ્રાસ્તાવિક.

આ જાતની પર્યુષણ વ્યાખ્યાનમાળા શરૂ થયે સાતથી વધારે વર્ષ થયાં. એની ઉપયોગિતા હવે ભાગ્યે જ સિદ્ધ કરવાની રહે છે. તેમ છતાં એને કસવાની બે કસોટીઓ છે. મુખ્ય કસોટી એ એનો પ્રેરક હેતુ છે. અને બીજી કસોટી એનું પરિણામ છે. વ્યાખ્યાનમાળાના યોજકો અને એમાં વ્યાખ્યાન આપવા ભાગ લેનારાઓનો હેતુ કોઇ પણ જાતના સ્વાર્થને સિદ્ધ કરવાનો ન હોય તેમજ પર્યુષણમાં સહજ મળતી નિવૃત્તિ અને લોકોમાં જાગેલી જિજ્ઞાસાનો ઉપયોગ કરી લઇ વ્યાખ્યાનમાળા દ્વારા લોકોમાં કાંઇક વિચારશક્તિ કેળવવી, વહેમો અને સંકુચિતતા દૂર કરી તેને સ્થાને સમભાવ જગાડવો, એ હોય તો સમજવું જોઇએ કે વ્યાખ્યાનમાળા કદી નિરર્થક સિદ્ધ નહિં થવાની. હજી લગી આ મુખ્ય હેતુ સચવાતો આવ્યો છે. પરિણામની દૃષ્ટિએ જોતાં પણ વ્યાખ્યાનમાળા દિવસે દિવસે આશાપ્રદજ નિવડતી જાય છે. વ્યાખ્યાનમાળા વખતે ઉપસ્થિત શ્રોતાઓની સંખ્યા તેમજ છપાતી વ્યાખ્યાનમાળાના ગ્રાહકો અને વાચકોની સંખ્યા પૂરવાર કરે છે કે વ્યાખ્યાનમાળાની યોજના લોકોને રૂચી છે અને વધારે ને વધારે રૂચતી જાય છે. આ બધું છતાં યોજકોએ દિવસે દિવસે વધારે ને વધારે સાવધાની કેળવવાની રહે જ છે. વક્તા અને લેખકોની પસંદગી, વિષયોની વહેંચણી, બરાબર વખતસર કામ પતાવવાની પદ્ધતિ અને વખતસર વ્યાખ્યાનમાળા પ્રસિદ્ધ કરવાની ગોઠવણ એ મુદ્દાઓ તરફ વિશેષ સાવધ રહેવું જ પડશે. આમંત્રિત વક્તાઓ પાસેથી પ્રથમથી જ તેમના લખેલ વ્યાખ્યાનો મેળવી લેવાની પરિપાટી જેટલે અંશે ચોક્સાઇથી અનુસરાશે તેટલે અંશે વ્યાખ્યાનમાળા

વિષયક પુસ્તિકાની રાહ જોઇ બેસનાર જિજ્ઞાસુઓની વૃત્તિ યોગ્ય રીતે સંતોષાવાથી જિજ્ઞાસાનું વાતાવરણ તાજું રહેશે.

વ્યાખ્યાનમાળાનો પ્રારંભ ગુજરાતમાં, ખાસ કરી અમદાવાદમાં થયેલો. મુંબઈ સુધી એણે પગલાં ભર્યાં છે. આ બન્ને સ્થળે વ્યાખ્યાનમાળા કાંઇક વધારે નિયમિત રીતે ને વિશેષ આકર્ષકરીતે ચાલે છે. તેમ છતાં મેં પ્રવાસ દરમિયાન અને બીજી રીતે જોયું છે કે અનેક શહેરો તેમજ કસ્બાઓમાં અમુક વર્ગની જિજ્ઞાસા વિશેષ પ્રમાણમાં જાગી છે અલબત એ બધે સ્થળે કોઇ યોજકો નીકળી આવે તોય યોગ્ય વક્તાઓ મેળવવા એ કામ જરાય સહેલું નથી. અને યોગ્ય વક્તાઓ સિવાય નિષ્પ્રાણ વ્યાખ્યાનમાળા ચલાવવાનો કાંઈ અર્થ પણ નથી. તેમ છતાં એટલું તો શક્ય છે કે ઓછામાં ઓછું જ્યાં જ્યાં હાઇસ્કુલ હોય તે સ્થળે આવી ગોઠવણ બહુ અઘરી નથી. કલકત્તા જેવા શહેરોમાં પુરતી વ્યાખ્યાનમાળા શરૂ કરવા વિષે વિચાર કરે એ તો એક રીતે મોડું જ થયું લેખાય.

વ્યાખ્યાનમાળાની પુસ્તિકાઓ પ્રથમ તો ગુજરાતીમાં જ બહાર પડી છે. તેમ છતાં શરૂઆતથી જ એ ગુજરાતી વ્યાખ્યાનો સાથે થોડાં કે ઘણાં હિન્દી વ્યાખ્યાનો અપાતાં અને છપાતાં આવ્યાં છે. આ સિવાય ગુજરાતીમાં લખાયેલ ને છપાયેલ વ્યાખ્યાનોમાંથી ઘણા હિન્દીમાં અનુવાદિત થઈ અનેક સ્થળે પ્રસિદ્ધિ પામ્યા છે. એને પરિણામે આ વ્યાખ્યાનમાળા કોઈ એક ફિરકાની ન રહે તો ગમે જૈન ફિરકાની જાણે સાધારણ હોય તેવીજ બની ગઈ છે. વ્યાખ્યાનમાળાની શરૂઆતથી જ એ ઉદ્દેશ તો હતો જ કે ગમે ફિરકાના જૈન ભાઈ બહેનો અને વિદ્વાનો ભાગ લે જ. એ ઉદ્દેશ અત્યારસુધી બરાબર સચવાતો આવ્યો છે અને એનું ઇષ્ટ પરિણામ પણ સ્પષ્ટ આવ્યું છે.

આ વ્યાખ્યાનમાળાની પીઠી પણ સ્પષ્ટ અમારા દિગંબર [illegible] [illegible] [illegible] છે. [illegible] વખતે દિગંબર વિદ્વાનો પણ [illegible]

વ્યાખ્યાનમાળા ચલાવવા તરફ કવચિત્ કવચિત્ ઢળ્યા હોય એમ દેખાય છે અને કેટલેક સ્થળે દિગંબર પંડિતો આ પ્રવૃત્તિ સ્વીકારી લેવાની ચર્ચા કરતા પણ સાંભળ્યા છે. આ સ્થળે એક સૂચના કરવી મને યોગ્ય લાગે છે. શ્વેતાંબરીય પર્યુષણ પૂરાં થતાં જ દિગંબરીય દશલક્ષણી શરૂ થાય છે. જ્યાં બન્ને ફિરકાના અનુયાયીઓ હોય ત્યાં જુદી જુદી વ્યાખ્યાનમાળા પ્રવર્તે એ અનિષ્ટ નથી, પણ એ બન્ને ફિરકાના સમજદાર સંચાલકો અને પંડિતોની ખાસ ફરજ છે કે એમણે એક સંમિલિત વ્યાખ્યાનમાળા ચલાવવી. સમય નક્કી કરવામાં ફિરકાગત ધાર્મિક શ્રધ્ધા આડે આવવાની એ હું જાણું છું, પણ બીજા અનેક લાભો જોતાં આ બાબતમાં ઉદારતા કેળવવી એ આ જમાનામાં અઘરૂં હોવું ન જોઇએ. એ દૃષ્ટિએ વિચારતાં બીજો કોઈ વધારે સારો સમય ઉભયમાન્ય ન થાય ત્યાં લગી મને પોતાને એમ લાગ્યું છે કે શ્વેતાંબરીય પર્યુષણના છેલ્લા ચાર પાંચ દિવસોને દશલક્ષણીના શરૂઆતના તેટલા જ દિવસો, એમ મળી એક અઠવાડિયા કે દશ દિવસની સંયુક્ત વ્યાખ્યાનમાળા ગોઠવવી, જેમાં જૈનેતર વક્તાઓ ઉપરાંત બન્ને ફિરકાના યોગ્ય અને સમભાવી વક્તાઓને આમંત્રવા. આમ થવાથી એ વક્તાઓ દ્વારા બન્ને ફિરકાના અમુક અનુયાયી વર્ગનું માનસ ઉદાર અને ઉન્નત થશે એટલુંજ નહિ પણ એક ફિરકાની સાહિત્ય તેમજ પરંપરાની ઘણી વિશેષતાઓ બીજા ફિરકાની જાણમાં આવતાં બન્ને વચ્ચે વધારે સૌહાર્દ કેળવાશે, જે અત્યારની રાષ્ટ્રીય અને માનુષિક એકતાની દૃષ્ટિએ સૌથી પહેલાં જરૂરી છે અને જેના વિના જૈનોનો અનેકાંતવાદ માત્ર ચર્ચાનોજ વિષય રહ્યો છે.

વ્યાખ્યાનમાળા મુખ્ય ભાગે સવારે ચાલે છે. એ વખત બ્હેનોને વાસ્તે બહુ અનુકૂળ નથી. બ્હેનો એ ધર્મ દિવસોમાં વ્યાખ્યાનમાળા છોડી પણ નથી શકતા અને હાજર થવામાં એમને બહુ તણાવું પડે છે. તે સિવાય વ્યાખ્યાનના વિષયો પણ ઘણીવાર તેમને વાસ્તે બહુ ભારે પડી

જાય છે. તેથી તેમને વાસ્તે બપોરનો અનુકૂળ સમય ગોઠવવો અને ક તેમજ ચરિત્ર પ્રધાન વિષયોની પસંદગી કરવી. અલબત્ત એ તો સર્વ સંભવિત અને યોગ્ય પણ છે કે એવા સરલ વિષયો દ્વારા પણ બ્હેનો માનસ યોગ્ય દિશામાં કાંઈક વધારે ઝીણવટ સાથે કેળવી શકાય વાસ્તે તેજ જાતના ઉદાત્ત વક્તાઓમાંથી ભાઈ અને બ્હેન બ પ્રકારના વક્તાઓને પસંદ કરવા ઘટે.

આ વર્ષે અપાયેલ વ્યાખ્યાનો આ પુસ્તિકામાં બધાં જ નથી આ તેમ છતાં મોટો ભાગ આવી જ ગયો છે. એનું મૂલ્યાંકન આ ર જાણીને જ નથી કરતો. વાચકો પોતે જ વાંચી વિચારી શકશે કે ક જુદા જુદા વિષયો જુદા જુદા દૃષ્ટિબિન્દુથી જુદા જુદા વક્તાઓ કેવી કેવી રીતે ચર્ચ્યા છે અને એની પાછળ એમનું વાંચન, ચિ તથા લેખન બળ કેવું છે, હું ધારૂં છું કે સમજદાર વાચક આ વાંચી પોતાનો ગમે તેવો દૃષ્ટિભેદ કાયમ રાખવા છતાં આ પ્રયત્ન આકર્ષાયા સિવાય કદી જ નહિ રહે. એ પણ ધ્યાનમાં રાખવું ઘ આ વ્યાખ્યાનમાળા જૈનો તરફથી અને મુખ્યપણે જૈનો વાર ચાલતા છતાં વસ્તુતઃ એ સર્વસાધારણ જેવી જ છે. જૈન કે જૈ જે વાંચે તે બધાને એમાંથી બહુ મળી આવે તેમ છે એ તો અ જણાવીએ જ છીએ કે જ્યારે જ્યારે યોગ્ય રીતે જાહેરાત થાય છે ત્યારે વ્યાખ્યાનમાળામાં જૈનેતર શ્રોતાઓની હાજરી સંતોષપ્રદ હોય વળી વ્યાખ્યાનમાળામાં જ્યારે પ્રસિદ્ધ પ્રસિદ્ધ જૈનેતર વક્તાઓ આવ હોય છે, ત્યારે જૈન અને જૈનેતર બન્નેની જિજ્ઞાસા અને કુતૂહ એકદમ અનેક ઘણું જાય છે. કાકા કાલેલકર કે રામનારાયણ કે મશરૂવાળા [illegible] છે, એ જાણીતું જ વ્યાખ્યાન સ્થાન ઓ ઉભરાઈ જાય છે. પ્રસ્તુત પુસ્તિકામાં જૈનેતર વક્તાઓના ચાર ન કેટલાંક જ વ્યાખ્યાનો મળ્યાં છે, એ આ પુસ્તિકાની સ વિશેષતા નથી.

મારા પોતાના બેમાંથી એક લેખના ઉદ્ભવ વિષે કાંઈક ખુલાસો કરવો જરૂરી છે. ગયે વર્ષે અમદાવાદમાં ભરાયેલ જૈન યુવક પરિષદ્‌ના પ્રમુખ તરીકે શ્રીયુત પરમાનંદદાસ કાપડિયાએ ભાષણ આપેલું, તે વિષે સમાજમાં ઉહાપોહ જાગેલો, જે જૈન સમાજની પ્રકૃતિ અને ભૂમિકા જોતાં સામયિક તેમજ ઇષ્ટ પણ હતો, તે વખતે અમદાવાદવાળા શ્રીયુત કસ્તુરભાઇ મણિભાઇને મેં બનારસથી પત્ર લખેલો કે ધર્મના સ્વરૂપ વિષે તમે કે તમારા પૃષ્ઠપોષકો ઇચ્છો તો હું નમ્ર અને વિવેકી ચર્ચા કરવા ઇચ્છું છું. તેમણે એ પત્રનો કાંઇ સક્રિય કે નિષ્ક્રિય જવાબ આપ્યો નહિ. પણ મને લાગ્યું કે જો આપણો પોતાનો વિચાર સ્પષ્ટ અને નિશ્ચિત જ હોય તો લોક સમક્ષ ન મૂકવો ? જે અધિકારી હશે તે વિચારશે. એ દૃષ્ટિથી મેં ધર્મ અને તેના ધ્યેયની પરીક્ષા વિષય ઉપર એક લેખ પર્યુષણ વ્યાખ્યાનમાળા નિમિત્તે તૈયાર કર્યો જે આ પુસ્તિકામાં આવેલો છે, હું ઇચ્છું છું કે એના મુદ્દા વિષે વિચારકો વિચાર કરે ને સમભાવે ગુણ દોષ મીમાંસા કરે.

તા૦ ૧૫-૧૦-૩૬ ના જૈન યુગની નોંધમાં આજ વ્યાખ્યાનમાળાના બે પ્રસંગો ઉપર ટીકા કરવામાં આવી છે, જે વિષે અત્રે સરળ ભાવે ખુલાસો કરવો જરૂરી છે. વેસ્યાવૃત્તિના ઉદાહરણ તેમજ નર્સના કામ અને આઠમી નરકની વાત એ બે મુદ્દાઓ ઉપર ટીકા છે, ટીકાકારને સ્મરણ ન હોય તો મારે સ્મરણ આપવું જોઇએ કે વેસ્યાનો દાખલો વક્તાએ આપેલો તે પોતા તરફથી નહિ પણ પ્રસિદ્ધ અને અત્યારે પણ જીવિત એક સાધુ દ્વારા અપાયેલ દાખલાનો વક્તાએ ઉલ્લેખ કરેલો, અને તેમ છતાં એ દાખલાથી કોઇનું મન દુભાયું હોય તો તે બદલ સાંવત્સરિક પર્વને દિવસે જાહેર સભામાં તેજ વક્તાએ તદ્દન ખુલ્લા દિલથી માફી માગેલી હું ધારું છું કે આવી માફી કરતાં વધારે એ પર્વની પવિત્રતા ભાગ્યેજ બીજી હોઈ શકે. ટીકાકાર કહે છે કે પર્યુષણની પવિત્રતા સાચવવા વક્તાઓએ સંયમ રાખવો એમાં શંકા નથી

કે સંયમ એ મોટામાં મોટો સદ્ગુણ છે, પણ સાથેજ આપણે ધ્યાનમાં રાખવું ઘટે કે કોઈ પણ વસ્તુની પવિત્રતાની રક્ષા એ છેવ તો આપણા પોતાના ઉપર જ અવલંબિત રહે છે. નમાજની પવિત્ર સાચવવા ઇચ્છનાર મુસલમાન ભાઇઓ વાજાં વગેરેના ઘોંઘાટને તે ભંગનું કારણ માની ઉશ્કેરાય છે, ને લડે પણ છે. એ ઠીક છે હિન્દુઓ બુદ્ધિપૂર્વક ને આપમેળે જ તે વખતે વાજાં ન વગાડે તે કાંઈ ખોટું નહિં, પણ એમનો ધર્મ જો એમને વાજાં વગાડવા પ્રેરે તે મુસલમાનની નમાજ પવિત્રતા શું વાંધો લેવામાં કે ઉશ્કેરાવામાં જ છે ખરી રીતે એવા પ્રતિકૂળ સંજોગોમાં તેઓ જેટલી ક્ષમા અને ધીર દાખવે તેટલીજ તેમની નમાજ પવિત્રતાની ભાવના સાચી અને કસ ટીએ પાર ઉતરી કહેવાય એજ ન્યાયે કોઇ વક્તાએ તદ્દન પ્રામાણિ પણે તેમજ કોઇને જરા પણ ચીડવવાના કે વગોવવાના આશય સિવ અમુક મુદ્દો અમુક શબ્દોમાં ચર્ચ્યો અને તે બીજા વર્ગને અણઘટ લાગ્યો, તો તે બીજા વર્ગની કસોટી છે કે તે વખતે તેણે તદ્દન ઉદાર કેળવવી. પર્યુષણની પવિત્રતા બીજો કોઇ આપણી ઇચ્છા ને માન્ પ્રમાણેજ વર્તે બોલે કે લખે એટલામાંજ નથી સમાની, પણ આપ શ્રદ્ધા અને ઇચ્છા વિરુદ્ધ પ્રસંગે પણ આપણી ઉદારતા કાયમ ગ [illegible] નમાય છે. આ દૃષ્ટિએ વિચારતાં એવા નજીવા પ્રસંગો ઉ ટીકા ટિપ્પણ કરી છાપાઓ ચર્ચા એ મને યોગ્ય નથી લાગતું. ટીકા [illegible] મહત્વના વિચારપર મુદ્દાઓ [illegible] પોતાના દૃષ્ટિબિન્દુથી ચર્ચા કરી શકે.

[illegible] ભાષણો થયા, કયા કયા વિ [illegible]

કેટલાં છપાવવા રહી ગયા વગેરે બાબતો વિષે મંત્રીઓ જુદો ખુલાસો કરવાના જ છે. આ વર્ષની એક વિશેષતા એ પણ છે કે હિન્દી વ્યાખ્યાનો હિન્દીમાં ન છપાતાં ગુજરાતીનો અનુવાદિત થઈ છપાય છે. મૂળ હિન્દી વ્યાખ્યાનો સત્ય સંદેશ પત્રમાં છપાયેલાં હોઇ જિજ્ઞાસુઓ એમાંથી મેળવી શકે. પર્યુષણના દિવસોમાં મને રજા તો ન જ હતી. પણ યુવક સંઘના મંત્રીઓનો આગ્રહ હું ટાળી ન શક્યો. થોડાક દિવસો પરાણે કાઢી મુંબઈ આવ્યો ને આખી યોજના તેમજ તાલાવેલી જોઈ હું ખૂબ રાજી થયો. મને જણાયું કે હવે જિજ્ઞાસાનું પૂર અમૂક વર્ગમાં ખૂબ ઉભરાતું જાય છે. તેનો સરસ ઉપયોગ કરી લેવાની આ પર્યુષણ પર્વ જેવી સુંદર અને નિવૃત્તિ પ્રધાન તક બીજી ભાગ્યેજ છે. એ ભાન સાથે પર્યુષણ પર્વમાં વહેલી વિદ્યા વિનિમયની અમૂર્ત ગંગામાં સ્નાન કરી મૂર્ત ગંગાના તટ તરફ પાછો એવી આશાથી ચાલ્યો ગયો કે સમજદાર અને જવાબદાર જૈન ભાઇઓ પર્યુષણ પર્વની નિવૃત્તિ તેમજ કલ્યાણમયનાનો વધારે સારા કલ્યાણમાં ઉપયોગ કરવા વાસ્તે ઉત્તરોત્તર વધારે ગંભીર અને વધારે સ્પષ્ટ વ્યાખ્યાનો અપાવવાની તેમજ છપાવવાની ગોઠવણ કરે.

વ્યાખ્યાનમાળાની શક્યતા હોય કે નહિં, તેમ છતાં એનો વ્યાપક ઉપયોગ સિદ્ધ કરવાનો એક સરલ માર્ગ એ પણ છે કે ત્રણે ફિરકાના નિસ્વાર્થ જૈન પત્રકારો પર્યુષણ નિમિત્તે એક ખાસ અંક બહાર પાડવાની પહેલેથી જ તૈયારી કરે, જેમાં ટૂંકા પણ મહત્ત્વના લેખો આવે ને બીજાં બાહ્ય આકર્ષણો સિવાય પણ એ અંકો વાચકોની વિચાર ભૂમિકાને [ ] ઉન્નત કરે, તેમજ નવા નવા વિષયો ઉપર

માહિતીવાળી ચર્ચા કરે. આ યોજનાથી બધા પ્રાંતોમાં વસતા જૈનો એક સરખો લાભ થવાનો. પત્રકારોએ એ સ્મરણમાં રાખવું ઘટે કે સં દળદાર કરવાના મોહમાં ન પડતાં તેની ગંભીરતા અને વિવિધતા વિષેની સમભાવી ચર્ચા તરફ ખાસ લક્ષ અપાય.

વ્યાખ્યાનમાળાના યોજકોની કાર્ય તત્પરતા અને નીખાલસતા મારા ઉપર સારી છાપ પડી છે, એ મારે કહેવું જોઈએ.

— સુખલાલ



આજના સાધુઓ નવીન માનસને દોરી શકે ?

(વક્તા–પંડિત સુખલાલજી)

યુરોપમાં ગૅલિલિયો વગેરે વૈજ્ઞાનિકોએ જ્યારે વિચારની નવીન દિશા ખુલ્લી મૂકી અને લૂનો જેવા ખૂદ પાદરીના પુત્રોએ ધર્મચિંતનમાં સ્વતંત્રતા દાખવી ત્યારે તેમની સામે કોણ હતા ? એ પ્રશ્નના ઉત્તરમાં ત્યાંના પોપ અને ધર્મગુરૂઓજ આપણી સામે આવે છે. બાયબલની જૂની ઘરેડ, વિચારની નવીનતા અને સ્વતંત્રતા જ્યારે સાંખી ન શકી ત્યારે જડતા અને વિચાર વચ્ચે દ્વંદ્વ શરૂ થયું. અને જડતાએ પોતાનું અસ્તિત્વ સલામત રાખવા એકજ માર્ગ અવલંબ્યો અને તે એ કે ધર્મગુરૂઓએ કે પોપોએ પોતાના ધર્મની મર્યાદા માત્ર બાયબલના ગિરિવચન પુરતી અને બની શકે ત્યાં સેવાક્ષેત્ર પૂરતી આંકી વિજ્ઞાન અને શિક્ષણના નવીન બળોને દોરવાનું અસામર્થ્ય તેઓએ પોતામાં જોયું; અને તરતજ તેમણે પોતાનું કાર્યક્ષેત્ર સંકુચિત કરી નવા જમાનાને બાધક થવાની આત્મઘાતક પ્રવૃત્તિમાંથી મુક્તિ મેળવી પોતાનું અને નવીન વિકાસનુ અસ્તિત્વ બચાવી લીધું.

યુરોપમાં જે જમાનાઓ પૂર્વે શરૂ થયું અને છેવટે ચાલી પડયું તેની શરૂઆત આજે આપણે હિન્દમાં જોઇએ છીએ; અને એ શરૂઆત પણ ખાસ કરી જૈનસમાજમાં જોઇએ છીએ. હિન્દુસ્તાનમાં બીજા સમાજોની વાત કોરે રાખી માત્ર વૈદિક કે બ્રાહ્મણસમાજની વાત લઇ જરા વિચારીએ. વૈદિક સમાજ કરોડોની સંખ્યા ધરાવનાર એક વિશાળ હિન્દુ સમાજ છે. એમાં ગુરૂપદે ગૃહસ્થ બ્રાહ્મણો ઉપરાંત ત્યાગી સન્યાસીઓ પણ છે. એ ગુરૂઓની સંખ્યા લાખોમાં જાય છે જ્યારે હિન્દુ

સમાજમાં નવશિક્ષણ દાખલ થયું ત્યારે એમાં પણ ત્યાગી અને ગૃહ- ગુરૂઓ ખળભળ્યા. એ ખળભળાટ કરતાંય વધારે વેગે નવશિક્ષણ પ્રસ- રવા લાગ્યું. એણે પોતાનો માર્ગ નવી રીતે શરૂ કર્યો. જે ગૃહસ્થ બ્રા- હ્મણ પંડિતો શાસ્ત્રજ્ઞાનને બળે અને પરંપરાને પ્રભાવે ચારે વર્ણના ગુરૂ જેવા માન્ય ગુરૂપદે હતા અને જેમની વાણી ન્યાયનું કામ કરતી, તેમજ વર્ણ અને આશ્રમોના કાળજૂના ચીલાઓની બહાર પગ મૂકનાર પાપનો ભય બતાવતી, તેમજ પ્રાયશ્ચિત્તનું રક્ષણ આપતી, તેજ પુરોહિત પંડિતોના સંતાનોએ નવીન શિક્ષણ લઇ પોતા વડિલો સામે બંડ કર્યું. જ્યારે તેમને સંતોષ ન મળ્યો ત્યાં બ્રહ્મસમાજ, આર્યસમાજ આદિ નવનવ સમાજો સ્થાપી પોતાના બંધએમના નવા ધર્મોની સ્થાપના કરી. એક તરફથી શિક્ષિત ગૃહસ્થવર્ગમાંથીજ પ્રજાના નવીન માનસને દોરે એવો સમર્થ વર્ગ તૈયાર થતો ગયો ને બીજી બાજુ ત્યાગી ગણાતા સન્યાસી વર્ગમાંથી પણ એવો વર્ગ નીકળવા મંડ્યો કે જે પશ્ચિમના નવશિક્ષણનાં બળોને સમજે અને તેને પચાવવામાજ પોતાની પ્રજાનું ગૃહ[illegible] ભાળી જેનો [illegible] વિવેકાનંદ અને રામતીર્થ નવ શિક્ષણ પામેલા અને પામતા હિન્દુઓ માનસને પારખ્યું. અને તેને યોગ્ય દિશામાં સહાનુભૂતિપૂર્વક દોરવા [illegible] [illegible] બુદ્ધિસિદ્ધ પ્રયત્ન કર્યો પરિણામે આપણે જોઇએ છીએ [illegible] જૂની પેઢીના સ્વરૂપમાં કટ્ટર [illegible] ગણો સનાતન પંડિત [illegible] [illegible] વૈદિક સમાજની નવ પઢીને શિક્ષણ [illegible] [illegible] નથી નવીન [illegible] [illegible] જૂના વૈદિક [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible]

કરેલું કર્યું છે કાલીદાસ અને માઘના વંશજ કોઈ મહાન સંસ્કૃત કવિઓએ ટાગોરના કવિત્વ સામે એટલા કારણસર દોષ નથી દાખવ્યો કે તેમણે વાલ્મિકી અને વ્યાસના ચીલાથી નવી રીતે પ્રસ્થાન કર્યું છે. ગીતાના ભાષ્ય રચનાર આચાર્યોના પટ્ટધરોએ ગાંધીજીને–એટલા કારણ સર ત્યાજ્ય નથી ગણ્યા કે તેમણે પૂર્વાચાર્યોએ ગીતામાંથી ફલિત નહિ કરેલ અહિંસાને ગીતામાંથીજ રાજમાર્ગ તરીકે ફલિત કરી છે. દલપત કવિના કટ્ટર ભક્તોએ કવિનાજ પુત્ર નાનાલાલને તેમના પોતાના પિતા કરતાં નવે રસ્તે વિચરવાને કારણે અવગણ્યા હોત કે ગુંગળાવ્યા હોત તો ગુજરાતને અગર હિન્દુસ્તાનને નાનાલાલ ધરાવવાનું જે આજે ગૌરવ પ્રાપ્ત છે તે હોત ખરૂં ? કોઈ ભાર્ગવ પછી તે ગમે તેટલો ધાર્મિક કે ઝનૂની હોઈને મુન્શીની પ્રતિભા સામે થાય છે ખરો ? આ ટુંક અવલોકન ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે વિશાળ હિન્દુ સમાજમાં અતિ સંકુચિત અને વહેમી બીકણ માનસ ધરાવનાર કરોડોની સંખ્યામાં હોવા છતાં એજ સમાજમાંથી આખી દુનિયાનું ધ્યાન ખેંચે એવા અને માન પામે એવા અસાધારણ પુરૂષો અને સ્ત્રીઓ પાકતા આવ્યા છે. તેનું એક માત્ર કારણ એજ છે કે એ સમાજમાં નવીન માનસને પારખનાર, તેને દોરનાર અને તેની સાથે તન્મય થનાર કોઈને કોઈ સતત નીકળતાજ આવ્યા છે.

હવે આપણે જૈન સમાજ તરફ વળીએ છેલ્લા પચાસેક વર્ષ થયાં જૈન સમાજમાં નવ શિક્ષણનો સંચાર ધીરેધીરે શરૂ થયો. આ સંચાર જેમ જેમ વધતો ગયો તેમતેમ પ્રત્યાઘાતની બળો આગળ આવવા લાગ્યાં. જૈન સમાજના નવા માનસ સાથે જૂના માનસની અથડામણી થવા લાગી. એ ઘટના તો આખી દુનિયાના સાધારણ નિયમ પ્રમાણેજ હતી તેથી તેમાં કાંઈ નવાઈ પામવા જેવું નજ હોય. પણ અહિં એક ખાસ જૈન સમાજની પ્રકૃતિ વિચારવા જેવી છે, તે એ કે જ્યારે આપણે જૈન સમાજનું જૂનું માનસ એમ કહીએ છીએ, ત્યારે સાધુઓનું માનસ મોટભાગે ખરી રીતે સમજવું જોઈએ. એશક કટ્ટર સ્વભાવના અને દુરાગ્રહી

જૈન ગૃહસ્થ સ્ત્રી પુરૂષો હતા, અને આજે પણ છે છતાં જૈન સમાજનું સૂક્ષ્મ નિરીક્ષણ કરનાર વાસ્તે એ વાત ભાગ્યેજ અજાણી હશે કે જૈન ગૃહસ્થ સ્ત્રી પુરૂષોની દોરવણીનાં સૂત્રો ખરી રીતે સાધુઓનાજ હાથમાં રહેલા છે. આનો અર્થ એ નહિ કે તમામ ગૃહસ્થ વર્ગે કોઇ એક ઠરાવ કરી પોતાનું નેતૃત્વ સાધુવર્ગને આપી દીધું છે, પણ એનો અર્થ એટલોજ છે કે જુની પરંપરા પ્રમાણે એમ મનાતું આવેલું છે કે ભણતર તો ત્યાગમાંના સાધુઓજ વધે. ગૃહસ્થો ભણે તોય ધંધા પૂરતું. બધા ત્યાગીઓનું અને બધી બાજુથી જ્ઞાનનો સાધુઓમાંજ સંભવે. ત્યારે સાધુઓનું ઉપનજ રહ્યું. આવી પરંપરાગત શ્રદ્ધાને લીધે જાણે કે આખો ગૃહસ્થ ધર્મ સાધુઓના કથનથી દોરવાતો આવ્યો છે અને વ્યાપાર ધંધા સિવાયના કોઇપણ વિચારણીય પ્રદેશમાં સાધુઓજ માત્ર વધારે સારી સલાહ આપી શકે, એમ પરાપૂર્વથી મનાતું આવેલું છે. એટલે જ્યારે જૈન નવી પરિસ્થિતિ ઉભી થાય ત્યારે જૂનો ધરેડપંથી વર્ગ [illegible] અને [illegible] ન [illegible] પણ ગીધી કે આડકતરી રીતે સાધુઓનું માનસજ એ [illegible] નહિતો [illegible] છે જો એવા [illegible] કોઇ સમય [illegible] સાધુઓ [illegible] શ્રાવકોને [illegible] [illegible] શમે અજ્ઞાન, સંકુચિત [illegible] સાધુઓ નવીન [illegible] [illegible] નથી [illegible] નવીન [illegible] વિરોધ ન કરનાર [illegible] માની લઇએ [illegible] નવીન [illegible] નથી [illegible] પ્રજા [illegible]

સાધુ સમાજમાં જણાતી જડતા.

જૈન સમાજમાં પણ આવા કડાકા મુખ્યપણે શ્વેતાંમ્બર મૂર્તિપૂજક-ોંજ સંભળાય છે. દિગંબર સમાજમાં તેમના સદ્દભાગ્યે સાધુઓ રહ્યા નહતા. અલબત્ત તે સમાજમાં હમણાં હમણાં થોડા નગ્ન સાધુઓ ના થયા છે જે જૂની ધરેડનાજ છે. તેમજ એ સમાજમાં અતિ ાંકડા મનનો પંડિત, બ્રહ્મચારી અને વર્ણીવર્ગ પણ છે. એ બધા દેગંબર નવપ્રજાને નવશિક્ષણ, નવવિચાર અને વિચારસ્વતંત્રતામાં મારે આડા આવે છે. એક રીતે તેઓ પણ પોતાના સમાજમાં મંદ ાતિએ પ્રવેશ પામતા પ્રકાશને રોધવા પોતાથી બનતું બધું કરે છે. તેને લઇને એ સમાજમાં પણ જડતા અને વિચાર વચ્ચે મહાભારત ચાલે છે. જ્યાં શ્વેતામ્બર મૂર્તિપૂજકમાં સાધુઓનો જેટલો પ્રભાવ છે અગર જેટલો અનધિકાર હસ્તક્ષેપ છે, તેમજ જેટલું ગૃહસ્થ સાધુઓ વચ્ચે તાદાત્મ્ય છે તેટલું દિગંબર સમાજમાં પંડિતવર્ગ અને સાધુઓ સાથે ન હોવાથી શ્વેતાંબર સમાજનો ક્ષોભ એ દિગંબરસમાજના ક્ષોભ કરતાં ઘણી રીતે વધારે ધ્યાન ખેંચે તેવો છે. સ્થાનકવાસી સમાજમાં તો સામાન્ય રીતે આવા ક્ષોભના પ્રસંગોજ ઉભા નથી થતા. તેનું કારણ સ્પષ્ટ છે તે એ કે એ સમાજમાં શ્રાવકો ઉપર સાધુઓનો પ્રભાવ વ્યવહારક્ષેત્રમાં હાથ નાખવા પૂરતો છેજ નહિ. ગૃહસ્થો સાધુઓને માને, વંદે પોષે એટલુંજ, પણ સાધુઓ ગૃહસ્થની પ્રવૃત્તિમાં સીધી કે આડકતરી રીતે ભાગ લેતા માલુમ પડે તો તેઓને સાધુ તરીકે જીવવુંજ ભારે પડી જાય. અલબત્ત શ્વેતાંબર સાધુઓએ ગૃહસ્થજીવનના વિકાસ બાબતે જે કાંઇ કર્યું છે તેનો શતાંશ પણ સ્થાનકવાસી સાધુઓએ નથી કર્યો જ્યાં એ પણ ખરૂં કે તેઓએ શ્વેતાંબર સાધુઓની પેઠે ગૃહસ્થના જીવનવિકાસમાં અંતરાયના પહાડો નથી ઉભા કર્યા કે નથી એમાં રોડાં નાંખ્યા. ખરી રીતે સ્થાનકવાસી સમાજમાં પણ જૂના અને નવા માનસ વચ્ચે અથડામણી છે, પણ તે અથડામણીના મૂળસ્ત્રોત સાધુઓના

હાથમાં નથી તેથીજ એમની એ અથડામણી લાંબો વખત નથી ચાલતી કે ઉગ્ર રૂપ ધારણ નથી કરતી એનો નિકાલ આપોઆપ બાપદીકરા વચ્ચે મા દીકરી વચ્ચે અને ભાઈભાઈ વચ્ચે આવી જાય છે; જ્યારે શ્વેતાંબર સમાજમાં આવો નિકાલ સાધુઓ અશક્ય કરી મુકે છે.

સાધુઓ અને ધાર્મિક તકરારો.

હવે આપણે સહેજ પાછલી શતાબ્દિઓ તરફ વળીએ અને જોઈએ કે અત્યારે જે અથડામણી સાધુઓ અને નવીન પ્રજા વચ્ચે દેખાય છે તેવી કોઈપણ જાતની અથડામણી અત્યાર અગાઉ સાધુ અને ગૃહસ્થો વચ્ચે ખાસ કરી કેળવણી અને સંસ્કાર બાબતમાં ઉભી થયેલી ખરી ? ઇતિહાસ કહે છે કે નહિ. શ્વેતાંબર સમાજમાં ભગવાન મહાવીર પછી અત્યાર સુધીના ઇતિહાસમાં અનેક તકરારો કલહો અને અથડામણીઓ થયાનાં પ્રમાણો મળે છે પણ એ અથડામણીઓ જ્યારે ધાર્મિક હતી ત્યારે તેની બન્ને બાજુના વિરોધી સુકાનીઓ માત્ર સાધુઓજ રહેતા. સાધુઓ પણ અહિંસક હોઈ [illegible] રીતે લડી ન શકે એટલે [illegible] હાથમાં રાખી પોતપોતાના ગચ્છની છાવણીઓ [illegible]

[illegible]

સાધુઓનું [illegible]

[illegible]

બાબતમાં ગમે તેટલું પાવરધાપણું મેળવે તોય ધાર્મિક શિક્ષણની બાબતમાં તેઓ સાધુઓનેજ અનુસરતા. સાધુઓનુંજ દષ્ટિબિંદુ એજ ગૃહસ્થોનું દષ્ટિબિંદુ. સાધુઓનાં શાસ્ત્રો એજ ગૃહસ્થોનાં અંતિમ પ્રમાણો. અને સાધુંઓ દ્વારા દર્શાવાતા શીખવાના વિષયો એજ ગૃહસ્થોના પણ અભ્યાસના વિષયો તેમજ સાધુઓએ પૂરાં પાડેલાં પુસ્તકો એજ ગૃહસ્થોની વાંચન-માળા અને લાયબ્રેરીઓ એટલે કેળવણી અને સંસ્કારની દરેક બાબતમાં ગૃહસ્થોને સાધુઓનુંજ અનુસરણ કરવાનું હોવાથી તેમનો ધર્મ હિન્દુ-સ્તાનની પતિવ્રતા નારીની પેઠે સાધુઓના પગલે પગલે જવા આવવાનો રહ્યો. પતિનું તેજ એજ પોતાનું તેજ એવી પતિવ્રતા સ્ત્રીની વ્યાખ્યા છે. તેથી એને સ્વતંત્ર પુરૂષાર્થ કરવાપણું ભાગ્યેજ રહે છે. જૈન ગૃહસ્થોની પણ શિક્ષણ અને સંસ્કારિતાની બાબતમાં એજ સ્થિતિ રહી છે. સિધ્ધસેન અને સમંતભદ્ર તાર્કિક ખરા પણ તે સાધુપદે પહોંચ્યા પછીજ. હરિભદ્ર ને હેમચંદ્રે નવનવ સાહિત્યથી ભંડાર ભર્યા ખરા પણ સાધુઓની નિશાળમાં દાખલ થયા પછી. યશોવિજયજીએ જૈન સાહિત્યને નવું જીવન આપ્યું ખરૂં પણ તે સાધુ અભ્યાસી તરીકે. આપણે શું જૂના જમાનામાં કોઇ ગૃહસ્થને પ્રસિદ્ધ વિદ્વાન જૈન સાધુ જેટલો સમર્થ વિદ્વાન નથી જોતા. તેનું શું કારણ ? અસાધારણ પાંડિત્ય અને વિદ્વત્તા ધરાવનાર શંકરાચાર્ય અને બીજા સન્યાસીઓના સમયમાંજ અને તેમની જ સામે તેમનાથી પણ ચડે એવા ગૃહસ્થ બ્રાહ્મણ પંડિતો વૈદિક સમાજમાં પાકયાનો ઇતિહાસ જાણીતો છે જ્યારે પ્રસિદ્ધ જૈન વિદ્વાન સાધુ કે આચાર્યની તોલે વિદ્વત્તાની દષ્ટિએ આવી શકે એવો એક પણ ગૃહસ્થ શ્રાવક જૈન ઇતિહાસે નથી પકડ્યો. તેનું શું એ કારણ છે કે ગૃહસ્થ બ્રાહ્મણમાં હોય તેવી બુધ્ધિ શ્રાવકમાં નજ સંભવે ! અથવા શું એ કારણ છે કે જ્યાં લગી શ્રાવક ગૃહસ્થ હોય ત્યાં લગી એનામાં એ જાતની બુધ્ધિ સંભવતીજ નથી, પણ જ્યારે તે સાધુવેશ ધારણ કરે છે ત્યારે

ખરું કારણ એ છે કે ગૃહસ્થ શ્રાવક કેળવણી અને સંસ્કારનાં ક્ષેત્રમાં સાધુઓના ક્લાસમાં સમાન દરજ્જે શીખવા દાખલજ નથી થયો. એટલે પૂરેપૂરો એ વર્ગ પતિવ્રતા ધર્મ પાળી ભક્તિની લાજ રાખી છે. અને સાધુઓની પ્રતિષ્ઠા એકધારી પોષી છે. તેથી એક અને સમાન ક્લાસમાં ભણેલા સાધુ સાધુઓ ગચ્છભેદ કે ક્રિયાકાંડભેદ કે પદવીમોહને લીધે જ્યારે લડતા ત્યારે ગૃહસ્થો એક અગર બીજા પક્ષને વફાદારીથી અનુસરતા પણ સીધી રીતે કોઈ ગૃહસ્થને કોઈ સાધુ સામે લડવાપણું, મતભેદ કે વિરોધ જેવું રહેતુંજ નહિ. આજ સબબને લીધે આપણો જૂનો ઇતિહાસ ગૃહસ્થ અને ત્યાગીના કેળવણી સંસ્કાર વિષયક અંતરવિગ્રહથી નથી રંગાયો. એ કોરું પાનું ચીતરવાનું કામ યુગના શિરે હવે શરૂ કર્યું છે.

આંતરવિગ્રહ.

માણસો અને નવશિક્ષણ પામેલા તેમજ પામતા વર્ગના માનસ વચ્ચે આટલો બધો અંતરવિગ્રહકારી ભેદ કેમ છે, એ ભેદ શેમાંથી જન્મ્યો છે, એ ભેદના સર્વવિદિત છતાં જાણવી બહુજ જરૂરી તેમજ મનોરંજક પણ છે. [illegible]

વાનાર શિક્ષણ, તેના વિષયો અને તેની પ્રણાલિકા વિષે કાંઈક જાણીએ તો આપણી ખાત્રી થઈ જવાની કે અત્યારે જે માનસિક ભૂકંપ આવ્યો છે તે સ્વાભાવિક અને અનિવાર્ય છે. સાધુઓ શીખે છે, આખી જીંદગી ભણનાર પણ સાધુઓ પડ્યા છે તેમના શિક્ષકો કાંતો તેમના જેવુંજ માનસ ધરાવનાર સાધુઓ હોય છે અને મોટે ભાગે તો પંડિતો હોય છે, કે જે પંડિતો વીસમી સદીમાં જન્મ્યા અને ઉછર્યા છતાં બારમી કે સોળમી સદીથી ભાગ્યેજ આગળ વધેલા હોય છે.

શિક્ષણના વિષયો ને તેની પ્રણાલિકા.

સાધુઓના શિક્ષણનો મુખ્ય વિષય જે સૌથી પહેલાં તેમને શીખવવામાં આવે છે તે ક્રિયાકાંડને લગતાં સૂત્રોનો છે. આ સૂત્રો શીખતી અને શીખવતી વખતે એકજ દૃષ્ટિ હોય છે કે તે ભગવાન **મહાવીરનાં** રચેલાં છે, અગર તો પાછળનાં છતાં એવાં ધ્રુવ છે જેમાં ઉત્પાદ અને વ્યયનો જૈન સિદ્ધાંત પણ ગૌણ થઈ જાય છે. વળી એ ક્રિયાકાંડી શિક્ષણ ઉપર એવી સર્વશ્રેષ્ઠતાની છાપ શ્રદ્ધાના હથોડા મારીમારી પાડવામાં આવે છે કે શીખનાર જૈન સિવાયનાં બીજાં કોઈ પણ ક્રિયાકાંડોને તુચ્છ અનેભ્રામક માનતા થઈ જાય છે, એટલુંજ નહિ પણ તે પોતાના નાનકડાશા ગચ્છ સિવાયના બીજા સહોદર પડોશી અને સધર્મી ગચ્છોનાં વિધિ-વિધાનોને પણ અશાસ્ત્રીય લેખતો થઈ જાય છે.

સાધુઓના શિક્ષણનો બીજો વિષય ધર્મ અને તત્ત્વજ્ઞાન છે તેઓ ધર્મના મથાળા નીચે જે જે શીખે છે તે બધામાં તેમની એક દૃષ્ટિ આદિથી અંત સુધી મક્કમ રીતે એવી પોષાય છે કે તે શીખવાનો ધર્મ પૂર્ણ છે, તેમાં કાંઈ વધારવા ઘટાડવા જેવું છે જ નહિ અને એ ધર્મની શ્રેષ્ઠતા વિષે તેમના મનમાં એવા સંસ્કારો પાડવામાં આવે છે કે જ્યા લગી તેઓ બીજા ધર્મની ત્રુટિઓ ન જુવે અને ઇતર ધર્મોની ખામીઓ ન જાણે ત્યાં લગી તેમને પોતાના ધર્મની શ્રેષ્ઠતાની ખાત્રી

કરાવવાનો બીજો માર્ગ દેખાતોજ નથી. તેમનો ઇતિહાસ એટલે જૈન સાહિત્યમાં દાખલ થયેલ કોઇપણ ઘટના કાલ્પનિક વાત હોય, રૂપક હોય, અગર પરાપૂર્વથી ચાલ્યા આવતા કથાનકો હોય, એ બધું તેમને મન ઇતિહાસ અને સાચો ઇતિહાસ છે. તેમને શીખવાની ભૂગોળ દર વિશ્વની પેલી પારથી શરૂ થાય છે એમાં પ્રત્યક્ષ જોઇ શકાય, સર્વ જ્યાં જઇ શકાય એવા સ્થાનો કરતાં મોટો ભાગ ક્યારેય પણ આ ઇંદ્રીયોથી જ્યાં કે જોઇ ન શકાય એવા સ્થાનોનો આવે છે. એમની ભૂગોળમાં દેવસ્થાનો છે, ઇન્દ્રપુરીઓ છે અને પરમાધામિક નરકપાળો પણ છે. જે નદીઓ, જે સમુદ્રો અને જે પર્વતોના પાઠ તેઓને શીખવાના હોય છે તે વિષે તેમની પાસે ભારે હોય છે કે [illegible] ત્યાં એ છે તો વર્ણવ્યા [illegible] પહેલાં જે [illegible] અનિશ્ચિત રીતે પરિવર્તન [illegible] છે એવા [illegible] શીખવામાં [illegible] જૈન [illegible] [illegible]

જ્ઞાન શીખે છે તેમાં ભારતીય વિકસિત તત્વજ્ઞાનનો કોઈપણ અંશ બાકી રહી જતો નથી. ભારતીય દાર્શનિક સંસ્કૃતિના પ્રાણભૂત પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા—બન્ને દર્શનોના પ્રામાણિક થોડા પણ અભ્યાસ સિવાય જૈન સાધુ પોતાના તત્ત્વજ્ઞાનને પૂરેપૂરું માનતો હોય છે. ભાષા, વ્યાકરણ, કાવ્ય, કોષ એ પણ એમના શીખવાના વિષયો છે, પણ તેમાં કાંઈ નવા યુગનું તત્ત્વ દાખલજ નથી થયું. ટુંકમાં જૈન સાધુઓની શિક્ષણપ્રણાલિમાં જો કે અનેકાંતવાદનું વિષય તરીકે સ્થાન હોય છે, છતાં એ પ્રણાલિમાં અનેકાંતની દૃષ્ટિ જીવંત હોતીજ નથી. તેથી તેઓ વિજ્ઞાનનો ટેકો ત્યારેજ લે છે જ્યારે તેમને પોતાના મતસમર્થનમાં કાંઈ અનુકૂળ વિજ્ઞાનમાંથી મળી આવે. ખરા ઇતિહાસને તેઓ ત્યારેજ પ્રશંસે છે, જ્યારે તેમની માન્યતાને અનુકૂળ કાંઈ તેમાંથી મળી આવે. તાર્કિક સ્વતંત્રતાની વાત તેઓ ત્યારેજ કરે છે જ્યારે તે તર્કનો ઉપયોગ અન્ય મતોના ખંડનમાં કરવાનો હોય. આ રીતે વિજ્ઞાન, ઇતિહાસ, તર્ક અને તુલના એ ચારે સિદ્ધાન્તવિષયક દૃષ્ટિઓનું તેમના શિક્ષણમાં નિષ્પક્ષ સ્થાન છેજ નહિ.

આધુનિક નવીન શિક્ષણ.

આથી ઉલટું આ દેશમાં કોલેજો અને યુનિવર્સિટિઓ સ્થપાતાં જ આદિથી અંત સુધી શિક્ષણના વિષયો, તેની પ્રણાલિ અને શિક્ષકો એ બધામાં પરિવર્તન થઈ ગયું છે. માત્ર કોલેજમાંજ નહિ પણ વર્નાક્યુલર નિશાળથી માંડી હાઈસ્કુલ સુધીમાં પણ શિક્ષણની પ્રત્યક્ષ પદ્ધતિ દાખલ થઈ છે. વિજ્ઞાન કોઈ પણ જાતના પક્ષ કે ભેદભાવ સિવાય સત્યના પાયા ઉપર શિક્ષણમાં દાખલ થયું છે. ઇતિહાસ અને ભૂગોળના વિષયો પૂરી ચોકસાઈથી એવી રીતે શીખવાય છે કે કાંઈ પણ ભૂલ કે ભ્રમણા માલૂમ પડતાં એનું સંશોધન થઈ જાય છે. ભાષા કાવ્ય આદિ પણ વિશાળ તુલનાત્મક દૃષ્ટિએ શીખવાય છે ટુંકમાં કહીએ તો નવીન શિક્ષણમાં [illegible] વૈજ્ઞાનિક ઢસાની દાખલ થઈ છે નિષ્પક્ષ ઐતિહાસિક

દૃષ્ટિને સ્થાન મળ્યું છે અને ઉદાર તુલનાત્મક પદ્ધતિએ સાંકડી મર્યા[illegible] ઓ વટાતી છે. આ ઉપરાંત નવીન શિક્ષણ આપનાર માસ્તરો કે પ્રો[illegible] ગરો કાંઇ શીખનાર વિદ્યાર્થીઓનો પંથ પોષવા કે તેમના પૈત્રિક ધર્મ[illegible] માનસને ગંઠાવવા બંધાયેલા નથી, જેવી રીતે પેલા પશુની પેઠે [illegible] થયેલા પંડિતો કમરકસીએ પણ બંધાયેલા હોય છે.

વાતાવરણ ને વાંચનાલયો.

માત્ર આટલોજ ભેદ નથી, પણ વાતાવરણ અને વાંચનાલયોનો [illegible] ભારે તફાવત છે. સાધુઓનું ઉન્નતમાં ઉન્નત વાતાવરણ એટલે એવા [illegible] [illegible] કે મુંબઇ જેવા શહેરની સાંકડી ગલીમાં આવેલ વિશાળ ઉપાશ્ર[illegible] [illegible] બાલ્યજીવન, સાધુઓનું ઉદાસીન વાતાવરણ. એમને કોઇ વિદ[illegible] [illegible] કે જેમના ચિંતન મનનનો લાભ નથી કે સહવાસનું ગૌરવ ન[illegible] [illegible] જ્યાં એકજ જાતનું સાહિત્ય હોય [illegible] નવીન [illegible] [illegible]. એમાં નવેદનવેદના વિ[illegible] [illegible] પ્રોફેસરોની વિચારધા[illegible] [illegible] વિવિધ વિષયોને છેક નવી [illegible] [illegible] વિદ્યમાન હોય છે.

[illegible] સાધુનિયમ અને નવવિ[illegible] [illegible]

આજની પ્રજાનાં તરૂણ તરૂણીઓને માત્ર આ દેશનાંજ વિવિધ સ્થળો અને વિવિધ જાતિઓ વચ્ચે જવાની તક નથી પણ તેઓને પરદેશના વિશાળ પ્રદેશને સ્પર્શવાની પણ તક સુલભ થઇ છે. સેંકડો યુવકોજ નહિ પણ યુવતીઓ અને કુમારીઓ સુધ્ધાં યુરોપ અને અમેરીકા ખંડમાં જાય છે. જેવા તેઓ જહાજ ઉપર ચડી અનંતાકાશ અને અપાર સમુદ્ર તરફ નજર નાખે છે, તેવાજ તેમનાં જન્મસિદ્ધ બંધનો છેક નાબૂદ ન થાય તોય તદ્દન ઢીલાં થઇ જાય છે. પરદેશભ્રમણ અને પરજાતિઓના સહવાસથી તેમજ વિદેશી શિક્ષણસંસ્થાઓ અને અદ્ભૂત પ્રયોગશાળાઓ તેમજ પુસ્તકાલયોના પરિચયથી તેમનું માનસ હજારો વર્ષની તીવ્રતમ ગ્રંથીઓને પણ ભેદવા મથે છે અને એમને બધુંજ નવી દ્રષ્ટિએ જોવા વિચારવાની વૃત્તિ થઇ આવે છે

આ રીતે આપણે જોયું કે જેઓને જૈન પ્રજા પોતાના ગુરુ તરીકે, પોતાના નાયક તરીકે અને પોતાને દોરનાર તરીકે માનતી આવી છે, તેમનું માનસ કઇ જાતનું સંભવિત છે અને હવે છેલ્લા કેટલાક દશકાઓ થયાં જે નવીન પેઢી નવશિક્ષણ ગ્રહણ કરી રહી છે અને જેને વાસ્તે એ શિક્ષણ મેળવવું અનિવાર્ય છે, તેનું માનસ કઇ રીતે ઘડાય છે ? જો આ બે પ્રકારના માનસના ઘડતર પાછળનો ભૂંસી કે સાંધી ન શકાય એટલો મોટો ભેદ હોય તો અત્યારે જે ભૂકંપ સમાજમાં અનુભવાય છે તેને અસ્વાભાવિક કે માત્ર આગંતુક કયો બુધ્ધિમાન કહેશે ? ત્યારે હવે આપણી સામે પ્રશ્ન એ ઉભો થાય છે કે જૈન સમાજના વર્તમાન ભૂકંપને શમવાનો કોઇ માર્ગ છે ? જવાબ હકાર અને નકાર બેય છે.

વર્તમાન ભૂકંપ શમવાના માર્ગ.

આજની અને હવે પછીની પેઢી નવીન શિક્ષણના દરવાજે તાળાં લગાડી પોતાનામાં આવેલા નવશિક્ષણના સંસ્કારોને છેક ભૂંસી નાખે તો એ ભૂકંપ શમે ખરો. એમજ રીતે કાં તો સાધુવર્ગ પોતાની સંકીર્ણ દષ્ટિમર્યાદા મોકળી કરી નવશિક્ષણના ક્ષેત્રમાં પ્રવેશ કરે તોય એ

રામવાની સંભાવના ખરી. નવશિક્ષણનાં દ્વારોમાં પ્રવેશ કર્યા વિના સોળમી કે અઢારમી સદીની જૂની પ્રણાલિનું શિક્ષણ પ્રાપ્ત કરવાનું કામ ચાલુ રાખ્યા છતાં પણ જો શ્વેતાંબર સાધુઓ સ્થાનકવાસી સાધુઓની પેઠે ધર્મને નામે નવપેઢીની વિચારણા કે પ્રવૃત્તિમાં અનધિકાર માથું મારવાનું છોડી દે તો એ ભૂકંપ શમે ખરો. ભૂકંપ શમવાને કાં તો [illegible] ચતુર્થ વર્ગે પોપ અને પાદરીઓની પેઠે પોતાની વિચાર અને કાર્ય [illegible] અદ્યતનની અનિવાર્ય આવશ્યકતા છે અને કાં તો નવીન પેઢીએ [illegible] મુક્તતાનંદનો બોધ કરવાની આવશ્યકતા છે.

[illegible] ઉપર સૂચવ્યા પ્રમાણે બેમાંથી એકે વર્ગ કાંઈ નમતું [illegible] [illegible] છે કે કોઈ પામર પણ અત્યારની [illegible] [illegible] મુખ્ય નકી ગુમાવશે નહિ. હવેનું [illegible] [illegible] નથી એટલે નવી પેઢી તો પાછળ પગલાં [illegible] [illegible] કે અત્યાર સુધી પવિત્ર તપસંપત્તિ [illegible] [illegible] છે, જો અનધિકારગમનના ધુંધવા પીતા છે [illegible] [illegible] આગ્રહ વધી [illegible] [illegible] આશીર્વાદ મળતા છે. તેથીજ [illegible] [illegible] કેવું હોઈ શકે!

[illegible] માનસને કેવું હોઈ શકે?

[illegible] સુધી [illegible]

[illegible] રીતે થઈ [illegible]

[illegible]


[illegible]

[illegible]

[illegible]

[illegible]

સાધુઓ નીકળવાનો સંભવ નથી, એટલે કોઈ પણ સાધુ નવમાનસને દોરી શકે એવી નજીકના ભવિષ્યમાં તો શું પણ દૂરના ભવિષ્ય સુદ્ધામાં સંભાવના નથી એટલે બીજો પ્રકાર બાકી રહે છે. તે પ્રમાણે નવશિક્ષણથી ઘડાયેલ અને ઘડાતા નવીન પેઢીના માનસે પોતેજ પોતાની દોરવણી કરવાની રહે છે. અને તે યોગ્ય પણ છે પતિત, દલિત અને કચરાયેલ જાતિઓ સુદ્ધાં આપમેળે ઉઠવા મથી રહી છે તો સંસ્કારી જૈન પ્રજાના માનસને માટે એ કાર્ય જરાય મુશ્કેલ નથી. પોતાની દોરવણીનાં સૂત્રો પોતે હાથમાં લે તે પહેલાં નવીન પેઢી કેટલાક મહત્ત્વના સિદ્ધાંતો નક્કી કરી કાઢે, તે પ્રમાણે કાર્યક્રમ ઘડે અને ભાવિ સ્વરાજ્યની લાયકાત કેળવવાની તૈયારી માટે સામાજિક જવાબદારીએ હાથમાં લઈ સામૂહિક પ્રશ્નોને વૈયક્તિક લાભની દૃષ્ટિએ નીહાળી સ્વશાસન અને સ્વનિયન્ત્રણનું બળ કેળવે એ જરૂરનું છે.



(૨)

ક્રાન્તિકાર ભગવાન મહાવીર.

(વક્તા—શ્રીયુત પરમાનંદ કુંવરજી કાપડીઆ.)

વસ્તુ માત્રનો સ્વભાવ પરિવર્તનશીલ છે. બુદ્ધ ધર્મનો સિદ્ધાન્ત **યત્સત્ ક્ષણિકમ્**એ અમુક અપેક્ષાએ જગતનો સનાતન નિયમ છે. બાળક યુવાન બને છે; યુવાન વૃદ્ધ થાય છે, વૃદ્ધ મૃત્યુ પામે છે, અને અન્યત્ર વળી કોઈ નવા બાળકનો જન્મ થાય છે. નવું જુનું થાય છે. જુનું જર્જરિત થાય છે; જર્જરિત નાશ પામે છે, ત્યાં વળી કોઈ નવું ઉત્પન્ન છે; બીજમાંથી પાદડાં ફુટે છે; [illegible] ફળ [illegible] કરે છે. પ્રાણીમાત્રમાં ચાલુ [illegible] કાળનો માનવી આજે પલટાય છે, [illegible] માનવી ફરી વિકસ નવું સ્વરૂપ પામ[illegible] [illegible] થતું રહે છે. કશું સ્થાયી કે [illegible] [illegible] છે, [illegible] આ [illegible] [illegible] [illegible] અપર [illegible] [illegible]

ઉઘાડા ફરતા અને ફળફુલ ખાઇને રહેતા: તેમને ખેતી આવડતી નહોતી; અક્ષરજ્ઞાનનો ખ્યાલ નહોતો; અગ્નિના ઉપયોગનું ભાન નહોતું; લગ્નની સંસ્થા નહોતી; ધર્મની કલ્પના નહોતી. ભગવાન ઋષભદેવનો ઉગમ થયો. તેમણે પ્રજાને અંકવિદ્યા અને અક્ષરવિદ્યા શિખવી; ખેતી કેમ કરવી, અનાજ કેમ પકાવવું, માટીનાં વાસણ કેમ બનાવવાં તે બધું શિખવ્યું, લગ્નની પ્રથા તે વખતની સમાજમાં દાખલ કરી ધર્મતત્વનો પ્રથમ બોધ કરાવ્યો. આ રીતે તેઓ તેમના સમયના મહાન ક્રાન્તિકાર થયા.

મનુષ્યસમાજમાં ઉપસ્થિત થતી ક્રાન્તિ બાહ્ય જીવનને લગતી અને આન્તર જીવનને લગતી એમ બે પ્રકારની હોય છે. વિજ્ઞાનને લગતી એક એક શોધ મનુષ્યના બાહ્ય જીવનમાં અસાધારણ પરિવર્તન નિપજાવે છે અને તેની આડકતરી અસર આન્તર જીવનને પણ સ્પર્શે છે. દાખલા તરીકે કૃષિકળા, વસ્ત્ર બનાવવાની કળા, પાક કળા, શીવણ કળા, લેખન કળા. મકાનો બાંધવાની કળા, આ પ્રત્યેક કળાનો શોધક કોણ હશે તે આજે આપણે જાણતા નથી, પણ આ દરેક કળાની શોધે મનુષ્ય જીવનની ચાલુ ઘટનામાં ભારે મહત્વનો ફેરફાર કર્યો છે અને તે પ્રત્યેક કળાના શોધકને ક્રાન્તિકાર તરીકે લેખવામાં જરા પણ અતિશયોકિત થાય છે એમ કહી શકાય નહિ. આવી જ રીતે કાગળ બનાવવાની કળા, છાપવાની કળા, વરાળયંત્રની શોધ, વિદ્યુત્ શકિતની શોધ તાર, રેલ્વે, સ્ટીમર, મોટર વગેરેના પ્રયોજકો પણ જનતાના જીવનનું સ્વરૂપ બદલવામાં બળવાન નિમિત્ત બન્યા છે એમાં જરા પણ શક જેવું છે જ નહિ. આજે એરોપ્લેન અને રેડીઓ આપણા જીવનનું કેટલું ગંભીર પરિવર્તન કરી રહેલ છે અને પ્રજા પ્રજા વચ્ચેનું અને દેશ દેશ વચ્ચેનું ભૌગોલિક તેમજ માનસિક અન્તર કેટલી ત્વરાથી તોડી રહેલ છે તેની વાસ્તવિક કલ્પના આવવી પણ આજે મુશ્કેલ છે.

આવીજ રીતે મનુષ્યના આન્તર જીવનને લગતી પરિસ્થિતિમાં ક્રાન્તિ નિપજાવનાર વ્યકિતઓ ઉપર વર્ણવ્યા તે કરતાં વધારે ગંભીર પરિણામો

ઉપજાવે છે અને જનતાના ઇતિહાસમાં નવાં નવાં પ્રકરણો સરજે
આવી વ્યક્તિઓની જીવનકથા એ જ જનતાનો સાચો ઇતિહાસ છે. આ
જેને આપણે નીતિ અને ધર્મ શાસ્ત્ર તરીકે ઓળખીએ છી[એ]
આજે એ વિચારસમુદાયના અવલંબન વડે માનવી પશુકોટિમાં
દેવકોટિમા પ્રવાસનો સનાતન પ્રવાસ સાધી રહેલ છે તે સર્વ આ
ક્રાન્તિકાર મહાન વ્યક્તિઓના અસાધારણ પુરુષાર્થનું પરિણામ
દેશેદેશમા [illegible] મહાપુરુષનો કાળે કાળે જન્મ થાય છે. [illegible]
[illegible], દનાશ અને દિલ્હ[illegible]
[illegible] છે અને ઉત્કર્ષના મા[illegible]
[illegible]માં ક્રોમ્વેલ થયો, ગ્રીન
[illegible] જર્મનીમાં માર્ટિ[ન]
[illegible] અને મહાવીર થયા. [illegible]
[illegible] પ્રગતમાં અસાધા[રણ]
[illegible] ઓમાં
[illegible] ચેતનની ચીન[illegible]
[illegible]

શક્તિ આગળ આખરે નમવું પડે છે. ગીતામાં જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મનું સામ્રાજ્ય થાય છે ત્યારે ત્યારે હું અવતાર ધારણ કરું છું, અધર્મનું ઉન્મૂલન કરું છું અને ધર્મનું સ્થાપન કરું છું એમ કહીને જે આખી ધર્માવતારની કલ્પના આપી છે અથવા તો જે ખ્યાલ તીર્થંકર, બુધ્ધ કે ક્રાઇસ્ટની કલ્પના પાછળ રહેલો છે તેમાં કાળે કાળે અને દેશે દેશે ઉદ્‌ભવતા આવા ક્રાન્તિકારોની કલ્પનાનુંજ સુચન રહેલું છે.

આજે આપણે આવાજ એક ક્રાન્તિકાર ભગવાન મહાવીરનો વિચાર કરવા એકત્ર થયા છીએ. ભગવાન મહાવીરનું ક્રાન્તિકારિત્વ સમજવા માટે તેમના સમયની ભૂમિકા સમજવી આવશ્યક છે. તેમનો સમય કેવળ બૌધ્ધિક જડતા અને હૃદયશૂન્યતાથી ભરેલો હતો. તે વખતે બ્રાહ્મણ વર્ગની સર્વોપરિ સત્તા હતી અને તેનો સ્વાર્થ અન્ય વર્ગોને દબાયલા અને પછાત રાખવામાં રહેલો હતો. સર્વ તત્વનો સાર વેદમાં રહેલો છે અને વેદ વિચારનો ઇજારો માત્ર બ્રાહ્મણનેજ છે—આવી બૌદ્ધિક ગુલામી સર્વ કોઇના માનસને ઘેરી રહી હતી. સ્વર્ગપ્રાપ્તિ માટે યજ્ઞ એકજ સાધન છે અને ક્રિયાકાંડમાંજ મોક્ષની પ્રાપ્તિ રહેલી છે. આવી સમજણ તે સમયની પ્રજામાં ઉંડી જડ ઘાલી બેઠી હતી અને સૌ કોઇ બાહ્ય ક્રિયાકાંડમાં નિમગ્ન હતા. ઉચ્ચનીચની અભેદ્ય દિવાલો ઉભી કરવામાં આવી હતી. સ્ત્રી જાતિને તો તે વખતની સમાજમાં કશું સ્થાન હતુંજ નહિ; માંસાહાર પ્રચલિત હતો; સામાન્ય જીવન ખુબ શિથિલ બની ગયું હતુ.

આવી સામાજિક પરિસ્થિતિ સામે બળવો કરનાર આજની દુનિયા જેને જાણે છે તેવા બે મહાપુરૂષ હતા. એક ભગવાન બુદ્ધ અને બીજા ભગવાન મહાવીર. ભગવાન બુદ્ધ અને મહાવીરના તત્વવિચાર અને પ્રરૂપણમા કેટલોક તફાવત જરૂર છે પણ તેમનો બળવો બ્રાહ્મણ, વેદ

અને વહેમ ક્રિયાકાંડ સામે એક સરખો જ હતો. પ્રજાની માનસિક જડતા જોઈને તેમનું દિલ ઘવાયું હતું અને તેમાંથી છૂટવાનો પ્રજાને માર્ગ દેખાડવાનો તેમનો પ્રયાસ હતો. આજે જે વાત અને જે વિચાર સામાન્ય લાગે છે તે વાત અને તે વિચાર તે વખત માટે અસામાન્ય હતા. સમાજ કેવળ શાસ્ત્ર-પ્રધાન હતો અને દેશમાં રાજા કરતાં ક્ષત્રીય પ્રજા ઉપર પણ સ્થિતિ-ચુસ્ત બ્રાહ્મણ વર્ગનું અસાધારણ પ્રભુત્વ હતું. આવા સમયમાં મેં [illegible] ફરીને કહેવું કે 'હું બ્રાહ્મણને બ્રાહ્મણ છે એટલે મોટો નથી માનતો, વેદમાં અમુક વાત કહી છે એટલે જ સત્ય છે એમ નથી સ્વીકારતો, વેદ [illegible] અજ્ઞાન અને હિંસાથી ભરેલા યજ્ઞો કોઈ કાળે પણ સ્વર્ગે [illegible] વાત હું કબૂલ નથી કરતો.' આ કાંઈ સાધારણ વીરતા નથી. [illegible] તે જ વિચારનો પ્રચાર કરવો અને તે મુજબ વર્તવું [illegible] તેનું પરિણામ તે વખતની આખી [illegible] પરિસ્થિતિને ઉથલા[illegible] [illegible] આ બે મહાપુરુષોએ કર્યું. [illegible] શ્રમણ ભગવાનનો જન્મ [illegible]

[illegible]

પણ આપણી જેવા એક માનવી હતા એમ છતાં જ્યારે આપણે
પ્રચલિત રૂઢિ, માન્યતા, વહેમ અને વ્યવહારની ધુંસરી નીચે કચડા
રહેવાનું જ પસંદ કરીએ છીએ ત્યારે ભગવાન મહાવીરનો સત્યપરા
આત્મા આખી સમાજ સામે બળવો કરી ઉઠે છે અને આખી સમાજ
ક્ષુબ્ધ બનાવી દે છે. આ રીતે જ્યારે તેમના ચરિત્રનો વિચાર કર
છીએ ત્યારે તેમનું પ્રભુત્વ અનેરૂં લાગે છે. આખો બ્રાહ્મણસમુ
તેમનો સામનો કરે છે અને તેમને દબાવી દેવાનો પ્રયત્ન કરે છે,
આત્માના ઉંડાણમાંથી ઉગેલા સત્ય વિચારને કોણ દબાવી શક્યું છે
તો નિડરપણે અને દૃઢતાપૂર્વક જનતા સમક્ષ પોતાના વિચારોનું પ્રરૂ
કર્યે જાય છે અને જેના મૂળમાં સંયમ, તપ અને અહિંસા છે એ
શ્રમણ સંસ્કૃતિની પરમપાવની ગંગા વહેતી કરે છે જેના પુ
પ્રવાહમાં સ્નાન કરીને આજે પણ અનેક આત્માઓ પોતપોત
કલ્યાણ સાધી રહ્યા છે.

આવા ભગવાન મહાવીરે તે સમયની પ્રજા સમક્ષ જે દર્શ
નિરૂપણ કર્યું તેની શું શું વિશેષતાઓ હતી તેનો આપણે કાંઈક વિ
કરીએ. સૌથી પ્રથમ તો વેદ ઈશ્વરપ્રણીત છે અને તેમાં જે કાંઇ લ
છે તે આપણી બુધ્ધિ સ્વીકારે યા ન સ્વીકારે તો પણ ત્રિકાલાબાધિક સ
છે એ ચાલુ માન્યતાનો તેમણે અસ્વીકાર કર્યો અને બુધ્ધિ તથા અન્તઃ
ણના આદેશને તેમણે પ્રાધાન્ય આપ્યું. અનેક સત્યાસત્યમીશ્રિત કથનોમ
સત્ય કેમ તારવવું એની કળા તેમણે લોકોને શિખવી, સાચી વૈજ્ઞા
દૃષ્ટિ લોકોને આપી આજ વિચારસરણિમાંથી બૌધ્ધિક દિશાએ અ
કાન્તવાદનો જન્મ થયો અને નીતિ અને જીવનવ્યવહારશાસ્ત્રની બાજુ
અહિંસા દૃષ્ટિનો વિકાસ થયો. આખું ધાર્મિક જીવન ક્રિયાકાંડથી જ
બની ગયું હતુ અને યજ્ઞયાગાદિમાં જ ધર્મતત્ત્વની પર્યાપ્તિ મનાતી
આમ જડ અને રૂપ બનેલી પ્રજાને તેમણે વિચારવાની અને તે મુ
આચાર ઘડવાની નવી દૃષ્ટિ આપી યજ્ઞોના નામે ચાલી રહેલી

હિંસાની નિરર્થકતા અને પાપમયતા તેમણે ઉઘાડી પાડી અને સર્વ યજ્ઞો આ જન્મે કે આવતા જન્મે શી રીતે સફળતાદાયી બની શકે એ પ્રશ્ન તેમણે રજુ કર્યો. સમગ્ર ધર્મવિચારનું અહિંસા, સંયમ અને તપ ઉપર સંસ્થાપન કર્યું. જીવનનો ઉદ્ધાર કરવામાં બાહ્ય ક્રિયાકાંડ કે યજ્ઞયાગાદિ કશી પણ મદદ કરી શકનાર નથી. આંતર ચારિત્ર્યનું શોધન તથા શુદ્ધિમય જીવનના ઉત્કર્ષનો ખરો પાયો છે અને તપ એ આત્મોન્નતિનું ખરૂં સાધન છે એ વાત ઉપર તેમણે ખુબ ભાર મુકી અને જનતાના દૃષ્ટિબિન્દુઓમાં તેમણે ખુબ પરિવર્તન કર્યું.

બીજી બાબત તેમણે એ કરી કે તે સમયનો સમાજ વર્ણાશ્રમ[illegible] ખુબ જકડાએલો હતો અને તે સમાજમાં બ્રાહ્મણ માટે [illegible] હતો. આ પ્રકારની સમાજ રચનાનો તેમણે વિરોધ કર્યો અને સર્વસમાનતાનો સિદ્ધાન્ત તમણે આગળ કર્યો. ઉચ્ચનીચ[illegible] ની કલ્પનાઓ તેમણે તોડી નાખી, અને તેમના [illegible] અને શુદ્રને સરખું સ્થાન આપવામાં આવ્યું. આ [illegible] [illegible]

ભગવાન મહાવીરે ઇશ્વરકર્તૃત્વનો વિરોધ કર્યો; ઇશ્વરકૃપા સિવાય આપણો ઉદ્ધાર શક્ય છે જ નહિ અને તે ઇશ્વરકૃપા મેળવવા માટે આ જગતમાં ઇશ્વરના પ્રતિનિધિ બ્રાહ્મણને પ્રસન્ન રાખવો અને તે કહે તેમજ કરવું આવી જે ગુલામી મનોદશા સર્વત્ર પ્રસરી રહી હતી તે મનોદશા માંથી પુરૂષાર્થપ્રેરક ધર્મોપદેશ વડે ભગવાન મહાવીરે તે સમયની જનતાને મુક્ત કરી.

તેમણે જીવન વ્યવહારને લગતી ત્રણ ચાર બાબતો ઉપર ખાસ ભાર મુક્યો. તેમના સમય સુધી બ્રહ્મચર્યનો પરિગ્રહવિરમણવ્રતમાં સમાવેશ કરવામાં આવતો હતો અને બ્રહ્મચર્યભંગમાં પરિગ્રહવિસ્તારથી વિશેષ કાંઈ દોષ રહ્યો હોય એમ માનવામાં આવતું નહોતું. આ માન્યતા ખોટી અને ઉન્માર્ગે લઇ જનારી હતી. બ્રહ્મચર્યમાં પરિગ્રહવિરમણના ખ્યાલ ઉપરાંત જુદીજ વિશેષતા છે અને આ રીતેજ બ્રહ્મચર્યવ્રતનો વિચાર થવો ઘટે છે. બ્રહ્મચર્ય બીજી બહારની વસ્તુઓ ગ્રહણ કરવી કે છોડી દેવી એવો માત્ર બાહ્ય વ્યાપાર નથી પણ તે તો આત્મિક સંયમનો પ્રશ્ન છે. આવી નવી સમજણ ભગવાન મહાવીરે રજુ કરી અને સંયમવિજ્ઞાનના વિકાસમાં આ નવી સમજણે ખુબ ફાળો આપ્યો.

બીજી બાબત તપને લગતી. ધર્મવિષયમાં તપની ભાવના કાળજુની છે પણ જેટલો ભાર તપ ઉપર ભગવાન મહાવીરે મુક્યો છે તેટલો ભાર તેમની પહેલાં કે તેમની પછી આજ સુધીમાં કોઇએ મુક્યો નથી. તપ એટલે આત્મિક પુરૂષાર્થ. જે ઇન્દ્રિયવિકારોનું આપણા ચાલુ જીવન ઉપર અસાધારણ આક્રમણ અને સ્વામિત્વ છે તે વિકારો ઉપર સ્વામિત્વ મેળવવું, શરીર વ્યાપારોને સુયમિત કરવા, ખાસ કરીને જીહ્વાને વશ કરવી, મનને જ્યાં ત્યાં ભટકતું અટકાવીને આત્મતત્વના ચિન્તનમાં એકત્ર કરવું- આનું નામ તપ. જે કર્મબંધનોને લીધે સંસારમાં અનાદિકાળથી પરિભ્રમણ થયા કરે છે તે કર્મ બંધનોનો છેદ કરવાનું જૈન દૃષ્ટિએ એક અને અદ્વિતીય ઉપાય તપ છે. આત્મસાધનના ભક્તિ, શ્રદ્ધા, જ્ઞાન,

[illegible]

પોતાની હદ જુદો સુધારવી જોઈએ અને કર્તવ્યોને વધ રતી [illegible]
આને લગતી ચાલુ પર્યાલોચના. પ્રતિક્રમણ એટલે આત્મનિરીક્ષણ વ્યાપ[illegible]
વ્યાપારની જેટલી અગત્ય છે તેટલી જ નામાની અગત્ય છે. નામા વિને[illegible]
વ્યાપાર આંધળો છે; વ્યાપાર વિનાનું નામું અર્થવિનાની આંકડા[illegible]
છે. પ્રતિક્રમણ વિનાનો પુરુષાર્થ પણ આંધળી રીતે ઓપેલો છે; [illegible]
બીજી બાજુએ પુરુષાર્થસાધના વિનાનું [illegible]

આવીજ રીતે તે કાલના ધર્મવિચારમાં અહિંસાની ભાવના તો રહેલી હતી પણ એ અહિંસાની ભાવના અને ક્ષેત્રને અન્તિમ વિચારપરંપરા સુધી વિકસાવવાનું તેમજ વિસ્તારવાનું કાર્ય ભગવાન મહાવીરે જ કર્યું છે. નિરામિષાહાર ઉપર ખુબ જ ભાર મુકાયો અને જૈન કદિ સામિષાહારી હોઇ શકે જ નહિ એવી માન્યતા સર્વસ્વીકૃત બની ગઈ. અહિંસા માત્ર માણસ માણસ પુરતી જ અથવા તો માણસ અને પશુપ્રાણી પુરતી જ ન રહી પણ વનસ્પતિ, વાયુ અને જળ સુધી અહિંસા ક્ષેત્રનો વિસ્તાર થયો. હિંસા એટલે કોઇના પ્રાણનું અપહરણ કરવું એટલો જ તેનો અર્થ નહિ પણ કોઇ પણ જીવની જરા પણ લાગણી દુખાવવી–એ પણ એક પ્રકારની હિંસા જ છે એ સમજણ અહિંસાવિચારમાં અન્તર્ગત કરવામાં આવી. કાંઈ પણ નહિ તો અહિંસાધર્મના પરમપથદર્શક તરીકે ભગવાન મહાવીરનું નામ જગતના ઇતિહાસમાં અમરપણે અંકિત રહેવાનું જ છે એ વાત નિઃશંક છે.

આવી રીતે ભારતવર્ષના ધાર્મિક ઇતિહાસમાં ભગવાન મહાવીરથી આજ સુધીમાં અનેક ક્રાન્તિકારો થયા છે અને તેમણે પ્રજાના ધાર્મિક જીવનને કેવળ શુષ્ક વ્યવહાર અને ક્રિયાકાંડમાં અટવાઈ જતું અટકાવીને તેમાં નવા પ્રાણ, નવી ભાવના, નવી પ્રેરણાનો સંચાર કર્યો છે. ભગવાન મહાવીરની આગળ થઇ ગયેલ શ્રીકૃષ્ણે પણ બ્રાહ્મણ વર્ગથી પોતાની આવતી સ્થિતિચુસ્ત મનોદશાનો સખ્ત વિરોધ કરીને નવો ચીલો પાડવાનું કામ કરેલ છે અને શુષ્ક પાંડિત્ય સામે સક્રિય કર્મશક્તિનું જ પ્રતિપાદન કર્યું છે. ધાર્મિક ઇતિહાસની ચાલુ ઘટના વિચારતાં માલુમ પડે છે કે પ્રજાનું જીવન ઘડવામાં ઉત્તરોત્તર બે વૃત્તિઓ કામ કરતી આવી છે. એક ક્ષાત્ર વૃત્તિ અને બીજી બ્રાહ્મણ વૃત્તિ. ક્ષાત્ર વૃત્તિ જુનું તોડે, નવું સરજે; નિષ્પ્રાણ બનેલી જુની પ્રણાલિકાઓ, રૂઢિઓ, પ્રથાઓની બેડીઓમાંથી વર્તમાન પ્રજાને મુક્ત કરે અને નવી સંસ્કૃતિનો પ્રવાહ વહેતો કરે. આ પ્રમાણે ક્ષાત્રવૃત્તિએ

[illegible]

ભગવાન મહાવીર આ [illegible]
મારી એવી કલ્પના છે કે [illegible]
ભગવાન મહાવીરના [illegible]
તીર્થંકર એટલે પુરાણી પ્રથાના [illegible]
આર્ય ઇતિહાસ અને પરંપરાગત [illegible] પુનઃ પ્રબુ-
દ્ધ ઉપસ્થિત કરનાર શક્તિને સજીવ. ભગવાન મ[illegible]
અનેક શક્તિઓ આપણા દેશમાં કાળે કાળે પ્રગટી છે અને
નવજીવન અર્પ્યું છે. શંકરાચાર્ય, કબીર, નાનક, રામકૃષ્ણ પ-
દયાનંદ સરસ્વતી, સ્વામી સહજાનંદ, ગૌરાંગ, તુલસીદાસ, આનં-
સર્વ આવી જ શક્તિઓ હતી. થોડા વર્ષો પહેલાં [illegible] ગયેલા

ાન્ય તિલક અથવા તો આજે કાર્ય કરી રહેલ મહાત્મા ગાંધીજી અથવા તો પંડિત જવાહરલાલ આવાજ પ્રકારની ક્રાન્તિ તરફ પ્રજા માનસને ારી રહેલ છે. આ સર્વમાં પણ ગાંધીજી યુગપ્રધાન પુરૂષ છે જેણે પ્રજા જીવનના એક નહિ પણ અનેક અંગો ઉપર અસાધારણ અસર કરી છે અને લોકોને જીવનવિષયક નવી દૃષ્ટિ આપી છે.

ભગવાન મહાવીરના સર્વ ચરિત્રનું મર્મ તેમની સત્યોન્મુખતામાં રહેલું છે. અમુક માન્યતા પુરાણકાળથી ચાલી આવે છે લોકોનો મોટો સમુહ તે મુજબ માને છે આટલા ખાતર તે માન્યતા સ્વીકારવા યોગ્ય છે તે વાત ભગવાન મહાવીરને કદી કબુલ નહોતી. પોતાને સાચું લાગે તેજ સ્વીકારવું અને તેજ લોકો સમક્ષ રજુ કરવું, પરિણામ ગમે તે આવે પણ તે મુજબ જ આચરવું આવી તેમના જીવનની ટેક હતી અને એ ટેકને અનુરૂપ તેમનામાં નિડરતા હતી. ભગવાન મહાવીરના ચરિત્રમાંથી સૌથી મોટો પાઠ વિચારસ્વાતંત્ર્યનો મળે છે. તેમના જીવનનો મુખ્ય સંદેશ એ છે કે 'તમે કોઇ પણ વ્યકિત કે સંસ્થાની માનસિક ગુલામી સ્વીકારતા નહિ. ધર્મશાસ્ત્રના શબ્દોનું દાસત્વ કબુલતા નહિ; વિચાર વાણી અને કર્મને સંયમ અને તપવડે પવિત્ર બનાવજો અને એવા નિર્મળ મનમાં જે વિચાર સ્ફુરે તેજ પ્રમાણે બોલજો અને તેજ પ્રમાણે વર્તજો !' આજે એ ભગવાન મહાવીરના નામનો મોટો સંપ્રદાય ચાલે છે જે જૈન ધર્મ તરીકે ઓળખાય છે. આ ધર્મ વિપુલ શાસ્ત્રસાહિત્ય ધરાવે છે અને તેનું નિરૂપણ કરનારા અનેક ધર્માધિકારીઓ છે. આ ધર્માધિકારીઓ આ શાસ્ત્રોને જેવી રીતે પોતે સમજે છે તેવી રીતે પ્રજાને સમજાવે છે અને તે પ્રમાણે અક્ષરશઃ વર્તવામાં જ ખરો ધર્મ રહેલો છે એમ વ્યાખ્યાન પીઠ ઉપરથી ભાર દઇને કહ્યા કરે છે. આપણી સામે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આપણે આ શાસ્ત્રશબ્દને અક્ષરશઃ વળગી રહીને ચાલવું એજ સાચો માર્ગ છે કે ભગવાન મહાવીરના મૂળ જીવનમાંથી પ્રતીત થતી વિચાર સ્વાતંત્ર્યને પોષતી સત્યોપાસના એ સાચો માર્ગ છે ? જ્યારે

[illegible]

... રહેલી છે.

તા. ૨૦-૪-૩૭ }
મુંબઈ. }

પરમાનંદ.

(૩)

ધર્મની અને એના ધ્યેયની પરીક્ષા.

(વકતા–પંડિત સુખલાલજી)

કેળવણી સૂર્ય પ્રકાશ જેવી છે.

કેળવણી એ સૂર્યના પ્રકાશ જેવી છે. એ માત્ર બીજી વસ્તુનો જ અંધકાર ખસેડી સંતોષ નથી પકડતી, પણ એતો પોતાના ઉપરના અંધકારને પણ સાંખી નથી શકતી. ખરી વાત તો એ છે કે કેળવણી પોતાના સ્વરૂપ અને બધાં જ પોતાના અંગો વિષેની ભ્રમણાઓ કે અસ્પષ્ટતાઓ સહી નથી શકતી–એ એક જ તેના બળને લીધે તે બીજા વિષયો ઉપર પણ પ્રકાશ ફેંકી શકે છે કુશળ ચિકિત્સક પોતાનું દરદ પ્રથમ જ પારખે છે, અને તેથીજ તે બીજાના રોગોની ચિકિત્સા અનુભવ-સિદ્ધ બળથી કરે છે. મેકોલેની પ્રસિદ્ધ મિનિટ પ્રમાણે હિન્દુસ્તાનમાં શરૂ થયેલ કલાર્કી અંગ્રેજી શિક્ષણે પ્રથમ પોતાની વિષેની ભ્રમણાઓ સમજવા ને દૂર કરવા માથું ઉચક્યું અને સાથે સાથે એજ શિક્ષણે ધર્મ, ઇતિહાસ, સમાજ, રાજકારણ આદિ બીજા શિક્ષણના વિષયો ઉપર પણ નવી રીતે પ્રકાશ નાખવો શરૂ કર્યો જે વિષયનું શિક્ષણ અપાવું શરૂ થાય છે. તેજ વિષયની એના શિક્ષણને લીધે વિચારણા જાગૃત થતાં અનેક દૃષ્ટિએ પરીક્ષા પણ થવા લાગે છે.

જ્યાં ધર્મ ત્યાં વિચારપરીક્ષા હોયજ.

ધર્મનો પિતા, એનો મિત્ર અને એની પ્રજા એ બધું વિચાર જ છે. વિચાર ન હોય તેમાં ધર્મની ઉત્પત્તિ ન જ સંભવે. ધર્મના જીવન અને પ્રસરણ સાથે વિચાર હોયજ છે. જો ધર્મ વિચાર ન પ્રગટાવે, એને ન પોષે તે પોતાનો આત્મા જ ગુમાવે છે, તેથી ધર્મ વિષે વિચારણા કે પરીક્ષા કરવી એ તેને જીવન આપવા બરાબર છે. પરીક્ષાની પણ પરીક્ષાઓ ચાલે તો એ પરિણામે લાભકારક જ છે. પરીક્ષાને પણ

[illegible]

[illegible]

ધર્મની સદ્ગુણપોષક ભાવના

ધર્મનો મનુષ્યપ્રેમ [illegible] સમાજવાદીઓને આપણે પૂછીએ કે તમે દયા, સત્ય, અહિંસા, [illegible] પ્રેમ, ક્ષમા આદિ ગુણોનો નાશ કરવા ઇચ્છો છો! તો તે શું [illegible] આપે? સમાજવાદીઓનો કટ્ટરમાં કટ્ટર વિરોધી પણ કેમ પુરવાર [illegible] નહિ શકે કે તેઓ ઉપર્યુક્ત ગુણોનો લોપ કરવા માગે છે. [illegible] ધર્મપ્રાણ કહેવાતા ધર્મજનોને–ગમે તે પંથના અનુયાયીઓને પૂછી [illegible] તમે અસત્ય, દંભ, ક્રોધ, હિંસા, અનાચાર આદિ દુર્ગુણોને પોષવા [illegible] છો કે સત્ય, મૈત્રી વગેરે ઉપર્યુક્ત સદ્ગુણોને પોષવા ઇચ્છો છો! તો [illegible] ધારું છું તેઓ એક જવાબ આપવાના કે તેઓ એક પણ દુર્ગુ[illegible] પક્ષ નથી કરતા પણ બધા જ સદ્ગુણોને પોષવા માગે છે. સાથે સાથે [illegible] સમાજવાદીઓને પણ ઉક્ત દુર્ગુણો વિષે પૂછી લઈએ તો ઠીક રહે [illegible]

કોઈ એમ નહિ કહે કે તે સમાજવાદીઓ પણ દુર્ગુણો પોષવા માગે છે અગર તે માટે બધી યોજના કરે છે. જો ધાર્મિક કહેવાતા કટ્ટર પંથી અને ધર્મોચ્છેદક મનાતા સમાજવાદી એ બન્ને સદ્‌ગુણો પોષવા તેમજ દુર્ગુણો નિવારવાની બાબતમાં એકમત છે અને સામાન્ય રીતે સદ્‌ગુણમાં ગણાતા ગુણો અને દુર્ગુણમાં ગણાતા દોષો વિષે બન્નેનો મતભેદ નથી તો અહિં સવાલ થાય છે કે ધરેડપંથી અને સુધારવાદી એ બન્ને વચ્ચે ધર્મત્રાણ અને ધર્મવિચ્છેદની બાબતમાં જે ભારે ખેંચતાણ ભારે મારામારી ને ભારે વિવાદ દેખાય છે તેનું શું કારણ? એ મતભેદ કે તકરાર ધર્મનામની કઈ વસ્તુ વિષે છે?

છતાં શાને માટે તકરાર?

સદ્‌વૃત્તિ કે સદ્‌વૃત્તિજન્ય ગુણો જે માનસિક હોઈ સૂક્ષ્મ છે તેના ધર્મપણા વિષે તો મતભેદ છે જ નહિ. મતભેદ એ ધર્મ તરીકે લેખાતા ધર્મરૂપે મનાતા અને ધર્મનામથી વ્યવહાર પામતા બાહ્ય રૂપો, બાહ્ય આચરણો કે બાહ્ય વ્યવહારો વિષે છે. આવો મતભેદ એક અગર બીજે રૂપે તીવ્ર કે તીવ્રતરરૂપે મનુષ્ય જાતિના ઇતિહાસ જેટલોજ જૂનો છે. સામાન્ય રીતે મતભેદના વિષયરૂપ બાહ્ય નિયમો વિધાનો કે ક્રિયાકલાપોને ત્રણ ભાગમાં વહેંચી શકાય.

ત્રણ જાતના નિયમોમાં મતભેદ.

૧-વૈયક્તિક જે નિયમોનો મુખ્યસંબંધ વ્યક્તિની ઇચ્છા સાથે છે તે: જેમકે-ખાનપાન, સ્નાન આદિના નિયમો. કોઈ કંદમૂળને ધર્મની દૃષ્ટિએ તદ્દન વર્જ્ય માની એ ખાવામાં અધર્મ માને, જ્યારે બીજો તેને જ ખાઈ ઉપવાસ ધર્મ માને. એક જણ રાત્રી પડવા પહેલાં જ ખાવામાં ધર્મ માને, બીજો રાત્રીભોજનમાં અધર્મ જ ન ગણે. એક વ્યક્તિ સ્નાનમાત્રમાં ધર્મમાહાત્મ્ય સ્વીકારે, બીજો સ્નાન માત્રમાં અધર્મ લેખે અને છેવટે બધું નહિ તો કોઈ પોતાને માન્ય એવી શત્રુંજી જેવી નદીએ સિવાયના જળાશયોમાં ધર્મમાહાત્મ્ય સ્વીકારવાની ના પાડે.

૨—કેટલાક જન્મ વ્યવહારો સામાજિક હોય છે, જે ધર્મ લેખાય છે. એક સમાજ મંદિર બાંધવામાં ધર્મ માની તે પાછળ પૂરી શક્તિ ખર્ચે, બીજો સમાજ પુણ્ય પણ તેનો વિરોધ કરવામાંજ ધર્મ માને. મંદિર માનનાર સમાજો પણ જુદી જુદી રીતે માનનારા છે. એક હિન્દુ હિંદુ રામ સિવાય બીજી મૂર્તિના નમન-પૂજનમાં અધર્મ ભાળે છે, ત્યારે બીજો સમાજ એજ હિન્દુ આદિની મૂર્તિઓના આદરમાં અધર્મ માને છે. જે જ નહિ પણ એકજ દેવની મૂર્તિઓના નમન કે વસ્ત્રાભરણ જેવા સ્વરૂપમાં પણ ભારે સામાજિક મતભેદ છે. એકજ પ્રકારના સ્વરૂપે એકજ દેવની નગ્નમૂર્તિ માનનાર વચ્ચે પણ પૂજનના પ્રકારોમાં કંઈ ઓછો મતભેદ નથી. એક સમાજ પુરાના એક સાથે કે ક્રમે ક્રમે ટકે વિવાહને અધર્મ નથી લેખતો ત્યારે પાડોશમાં વસતી જ્ઞાતિ વિધવા પુનર્લગ્નના નામમાત્રથી કંપે છે. એક કોમ બને તેટલા દૂરનાં ગોત્ર લગ્નસંબંધને ધર્મ્ય ગણે છે, ત્યારે બીજી કોમ બને તેટલા નજીક ખાનદાનમાં લગ્નનું શ્રેષ્ઠત્વ સ્વીકારે છે. એક સમાજ ધર્મદૃષ્ટિએ પશુ વધનું સમર્થન કરે છે, ત્યારે બીજો એજ દૃષ્ટિએ એનો વિરોધ કરે છે.

૩—**સાર્વજનિક પ્રવૃત્તિઓ**—કેટલીક પ્રથાઓ એવી છે કે જેનો સંબંધ સમગ્ર જનતા સાથે હોવા છતાં તેના ધર્મપણા વિષે તીવ્ર મતભેદ ઉભો થાય છે. અત્યારે કોઈ પ્રત્યક્ષ આક્રમણકારી દુશ્મનોની સવારીઓ સદ્ભાગ્યે કે દુર્ભાગ્યે ચઢી નથી આવતી એટલે એવા દુશ્મનોને હટાવવા મારવામાં ધર્મ છે કે અધર્મ છે એ ચર્ચા કૃપાળુ બ્રિટિશ સરકારે બંધ કરી આપણો સમય બચાવીજ લીધો છે; છતાંય પ્લેગદેવ જેવા રોગોની સવારીઓ ઉભીજ છે. તે વખતે એવા રોગોના દૂત ગણાતા ઉંદરોને મારવામાં કોઈ સર્વજનહિતની દૃષ્ટિએ ધર્મ જુએ છે તો બીજાઓ એને તદ્દન અધર્મ લેખે છે. જ્યાં વાઘ, સિંહ વગેરે ક્રૂર અને ઝેરી પ્રાણીઓ કે જંતુઓનો ઉપદ્રવ હોય છે ત્યાં પણ સાર્વજનિક હિતની દૃષ્ટિએ એને સંહારવામાં ધર્માધર્મનો સવાલ ઉભો થાય છે. એ વર્ગ સાર્વજનિક હિતની દૃષ્ટિએ કોઈપણ જળાશય કે જાહેર રસ્તા

આદિને મળમૂત્રથી બગાડવામાં અધર્મ લેખે છે, જ્યારે બીજો વર્ગ એ વિષે તદ્દન તટસ્થ જ નહિ પણ વિરોધી વર્તન કરે છે જાણે કે એ એમાં ધર્મ માનતો હોય. આ તો માત્ર થોડાક નમુનાઓ થયા પણ અનેક જાતના ઝીણા ઝીણા અને મોટામોટા એવા ક્રિયાકાંડોના પ્રકારો છે કે જેને એક વર્ગ બીલકુલ ધર્મ માની વળગી રહેવા આગ્રહ કરે છે, જ્યારે બીજો વર્ગ છેક તેવા ક્રિયાકાંડોને બંધન ગણી તેને ઉખાડી ફેંકવામાંજ ધર્મ લેખે છે આ રીતે દરેક દેશ દરેક જાતિ અને દરેક સમાજમાં બાહ્ય રૂપો, બાહ્ય વિધિવિધાનો અને બાહ્ય આચારો વિષે ધર્મ હોવા ન હોવાની દૃષ્ટિએ બેસુમાર મતભેદો છે. તેથી આપણી પ્રસ્તુત પરીક્ષા ઉપર્યુક્ત મતભેદના વિષય પરત્વેની છે. આપણે એ તો જોયું કે એવી બાબતોમાં અનાદિ મતભેદો છે અને તે ઘટે તેમજ વધે પણ છે. મોટા ભાગે લોકોમાં એ મતભેદો પૂરજોશમાં પ્રવર્તતા હોવા છતાં થોડાક પણ એવા માણસો હમેશા મળીજ આવે છે કે જેમને એ મતભેદો સ્પર્શી જ નથી શકતા. એટલે વિચારવાનું એ પ્રાપ્ત થાય છે કે એવું તે શું છે કે જેને લીધે આવા બહુવ્યાપી મતભેદો એ થોડા ગણ્યાગાંઠ્યા લોકોને નથી સ્પર્શતા? વળી જે તત્વને લીધે એવા લોકોને મતભેદો નથી સ્પર્શતા તે તત્ત્વ શું બીજાઓમાં શક્ય નથી?

આપણે ઉપર જોયું કે ધર્મનાં બે સ્વરૂપો છે. પહેલું તાત્ત્વિક જેમાં સામાન્યતઃ કોઇનો મતભેદ નથી તે સદ્ગુણાત્મક, બીજું વ્યાવહારિક જેમાં જાતજાતના મતભેદ અનિવાર્ય છે તે બાહ્ય પ્રવૃત્તિરૂપ. જેઓ તાત્ત્વિક અને વ્યાવહારિક ધર્મ વચ્ચેનો ભેદ સ્પષ્ટપણે સમજે છે, જેઓ તાત્ત્વિક અને વ્યાવહારિક ધર્મના સંબંધ વિષે વિચારી જાણે છે, ટુંકમાં તાત્ત્વિક અને વ્યાવહારિક ધર્મના યોગ્ય પૃથક્કરણની તેમજ બળાબળની ચાવી જેઓને લાધી છે તેમને વ્યાવહારિક ધર્મના મતભેદો ક્લેશવર્ધક તરીકે સ્પર્શી નથી શકતા, એવા પુરુષો અને સ્ત્રીઓ ઇતિહાસમાં થયા છે અને અત્યારે પણ શક્ય છે એનો સાર એ નીકળ્યો કે જો ધર્મ

[illegible]ની ખરી મદદ મળતી હોય તો તેમાં પણ મતભેદ હોવા જેવું ન થી. ખરી મદદ તે તો એ એકાદ [illegible] મતભેદ [illegible] ઉપાય છે. અને એ મદદનું તત્ત્વ પ્રેરનારી મજબૂત [illegible] થાય છે તેથી એવી મદદ મેળવવી કે જેથી એ દૃષ્ટિ છે. આપણે [illegible] કે નૈતિક અને વ્યાવહારિક ધર્મ વચ્ચે [illegible] સંબંધ છે.

શુદ્ધ વૃત્તિ અને શુદ્ધ નિષ્ઠા નિર્વિવાદપણે ધર્મ છે જ્યારે [illegible] વ્યવહારોના ધર્માધર્મપણામાં મતભેદ છે. તેથી તે તે આચારો કે વ્યવહારો નિયમો કે રીતરિવાજોની ધર્મતા કે અધર્મતાની કસોટીએ [illegible] જ હોઈ શકે

શુદ્ધાશુદ્ધ નિષ્ઠાપર ધર્માધર્મનો આધાર

જે જે પ્રથાઓ રીતરિવાજો ને નિયમો શુભ નિષ્ઠામાંથી ઉદ્ભવ્યા હોય તેને સામાન્ય રીતે ધર્મ કહી શકાય અને જે આચારો શુભનિષ્ઠા જનિત ન હોય તેને અધર્મ કહેવા જોઈએ. એ આપણે અનુભવથી પોતાની જાતમાં અને માત્ર અનુમાનથી બીજાઓમાં જોઈ શકીએ છીએ. અમુક એકજ આચાર શુદ્ધ નિષ્ઠામાંથી ક્યારેક જન્મે છે તો ક્યારેક અશુદ્ધ નિષ્ઠામાંથી. વળી એક જણ જે આચારને શુદ્ધ નિષ્ઠાથી સેવે છે તેનેજ બીજો અશુદ્ધ નિષ્ઠાથી આચરે છે

શુદ્ધ નિષ્ઠાનાં દૃષ્ટાંત

જો અમુક વર્ગ શુદ્ધ કે શુભ નિષ્ઠાથી મંદિર-નિર્માણ પાછળ પોતાની [illegible] લોકોની શક્તિ, સમય અને ધનને તેમાં રોકવામાં ધર્મ માને તો બીજો વર્ગ એટલીજ અને કોઈકવાર એથી પણ વધારે શુદ્ધ કે શુભ નિષ્ઠાથી મંદિર નિર્માણનો વિરોધ કરી એ પાછળ ખર્ચાતાં ધન-જનબળને બીજી જ દિશામાં વાપરવામાં ધર્મ દેખે છે, અને એ પ્રમાણે આચરી બતાવે છે. એક વર્ગ કદાચ એ વિધવા બાળાના હિત ખાતર

પુનર્લગ્નનો વિરોધ કરે છે તો બીજો વર્ગ એ બાળાનો અધિકાર જોઇ એનાજ અધિકાર-ધર્મની દષ્ટિએ શુભનિષ્ઠાથી એના પુનર્લગ્નની હિમાયતમાં ધર્મ લેખે છે. એક વર્ગ ઉંદરો કે બીજા ઝેરી જંતુઓના દ્વેષને કારણે નહિ પણ બહુજનહિતની દષ્ટિએજ શુભ નિષ્ઠાથી તેની હિંસાની હિમાયત કરે તો બીજો વર્ગ બહુ જનના જીવનહક્કની દષ્ટિએ શુભનિષ્ઠાથી જ તેની હિંસાનો વિરોધ કરવામાં ધર્મ લેખે છે એટલે કે ઘણા મતભેદના રીતરિવાજો કે પ્રથાઓના સમર્થન અગર વિરોધ પાછળ ઘણીવાર બન્ને પક્ષકારોની શુભ નિષ્ઠા પણ સંભવે છે.

અશુદ્ધ નિષ્ઠાનાં દૃષ્ટાંત.

એ તો જાણીતીજ વાત છે કે હજારો સ્વાર્થીઓ માત્ર પોતાની ગત સ્વાર્થવૃત્તિ અને લોલુપ અશુભ નિષ્ઠાને લીધેજ મંદિર કે તેવી જી સંસ્થાઓનું સમર્થન કરે છે. તીર્થોના માહાત્મ્ય ગાઇ માત્ર આજી-ા કરે છે. પોતાની બીજી કોઇ સ્વાર્થવૃત્તિથી કે પ્રતિષ્ઠાના ભૂતના જી ભયથી પ્રેરાઇ પેલી વિધવાના ભલાબુરાનો વિવેક કર્યા સિવાય માત્ર શુભ નિષ્ઠાથી એના પુનર્લગ્નનું સમર્થન કરનાર પણ જડી આવે છે; યારે એવીજ કે કદાચ એથીયે વધારે પણ અશુભ વૃત્તિથી પુનર્લગ્નનું મર્થન કરનાર પણ મળી આવે છે. મદ્યમાંસ જેવા હેય પદાર્થોને પણ ભનિષ્ઠાથી, પ્રસંગ વિશેષે ઉપયોગમાં લેવાનો ધર્મ મનાયો છે જ્યારે શુભ નિષ્ઠાથી એનો ત્યાગ કરવા કરાવવામાં ધર્મ સિધ્ધ ન થવાના ખલાઓ પણ આપી શકાય છે.

કોઇ નિયમ ત્રણે કાલમાં એકસરખો આચરણીય રહી શકે ?

આ રીતે કોઇપણ વૈયક્તિક, સામાજિક કે સાર્વજનિક નિયમ કે આચાર પ્રથા કે રીતરિવાજ એવો નથી કે જેને વિષે સમજદાર પ્રામાણિક માણસ એમ કહી શકે કે અમુક વ્યવહાર તે ત્રણે કાળમાં સૌને માટે માત્ર એકસરખી રીતે શુભ નિષ્ઠાપૂર્વકજ સંભવેજ છે અને અમુક વ્યવહાર તો અશુભ નિષ્ઠાપૂર્વકજ હોવાનો સંભવ છે. આટલા વિચારથી

જોઈએ છીએ કે શુભ નિષ્ઠાથી સ્થપાએલી મંદિર-સંસ્થાની ધાર્મિક વહીવટી પેઢીઓ છેવટે આપખુદી અને સત્તા પોષવાનું સાધન બની જાય છે એટલુંજ નહિ પણ એકવાર ધર્મભીરૂ દૃષ્ટિએ પાઈ પાઈનો ધાર્મિક હીસાબ રાખનાર પણ એજ નાણાના લોભમાં પ્રસંગ આવતાં દેસાઈ ધાર્મિક કરજ ચુકવવું ભુલી જાય છે. શુભ નિષ્ઠાથી સ્વીકારેલ ત્યાગીના વેશની પ્રતિષ્ઠા બંધાતાં અને ત્યાગીના બાહ્ય આચરણોનું આકર્ષણ જામતાં તેજ વેશ અને બાહ્ય આચરણને આધારે અશુભ વૃત્તિઓ પોષવાના દાખલાઓ ડગલે અને પગલે મળે છે. કોઈ વ્યક્તિ બાહ્ય નિયમથી લાભ નથી જ ઉઠાવતી એમ ન કહી શકાય પણ બાહ્ય નિયમ લાભપ્રદ થાયજ છે એવો પણ એકાંત નથી. તેથી જેમ એકાંતપણે શુદ્ધ નિષ્ઠાને કોઈપણ બાહ્ય વ્યવહારનું કારણ માની ન શકાય તેમ તેને એકાંતપણે બાહ્ય વ્યવહારનું કાર્ય પણ માની ન શકાય. એટલે કારણની દૃષ્ટિએ કે ફળની દૃષ્ટિએ કોઈપણ વ્યવહારને એકજ વ્યક્તિ વાસ્તે અગર સમષ્ટિ વાસ્તે ઐકાન્તિક ધર્મ હોવાનું વિધાન નજ કરી શકાય. એજ સબબ છે કે જૈન શાસ્ત્ર અને ઇતર શાસ્ત્રોમાં શુદ્ધ તાત્ત્વિક ધર્મને સૌ અને સદાને માટે એકરૂપ માનેલ હોવા છતાં વ્યાવહારિક ધર્મને તેમ માનેલ નથી.

નવા નિયમથી જુનવાણી દુભાય તેનું કેમ?

પણ વળી પ્રશ્ન થાય છે કે જો વ્યાવહારિક આચારો ઐકાન્તિક ધર્મ રૂપે સંભવતાજ નથી તો જ્યારે એવા આચારોનો કોઈ વિરોધ કરે છે તેને સ્થાને અન્ય નિયમો અને આચારો સ્થાપવા મથે છે ત્યારે પ્રથમના આચારોને અનુસરનારાઓની લાગણી કેમ દુભાય છે? અને એ લાગણી દુભવવી સુધારકવાદીઓ વાસ્તે ઈષ્ટ છે? જવાબ સ્પષ્ટ છે. વ્યાવહારિક ક્રિયાકાંડોને ભૂલથી તાત્ત્વિક ધર્મ માની લેનાર વર્ગ હંમેશા ખોટો હોય છે. તેઓ એવા ક્રિયાકાંડો ઉપર ધર્મના આધારોને તાત્ત્વિક ધર્મનો આધાર માનવાની ભૂલ કરે છે એ ભૂલમાંથીજ એમનું દીલ દુભાય

શરીરનો સ્વીકાર આત્મજીવનમાં અનિવાર્ય છે. કપડાં શરીરને રક્ષણ આપે. પણ તે રક્ષણ આપેજ એવો એકાંત નથી. ઘણીવાર કપડાં ઉલટાં શરીરની વિકૃતિના કારણ બનવાથી ત્યાજ્ય બને છે અને રક્ષણ આપે ત્યારેય શરીર ઉપર કપડાં કાંઈ એકને એક નથી રહેતાં શરીરના પ્રમાણે કપડાં નાનાં મોટાં કરાવવાં અને બદલવાં પડે છે, એ વાતતો જાણીતી છેજ પણ સરખા માપનું કપડું પણ મેલું જૂનું કે જંતુમય થતાં બદલવું પડે છે સાફ કરવું પડે છે. તદ્દન કપડા વિના પણ શરીર નિરોગ રહી શકે છે ઉલટું એ સ્થિતિમાં વધારે નિરોગપણું અને સ્વાભાવિકપણું શાસ્ત્રમાં મનાયેલું છે. તેથી ઉલટું કપડાનો સંભાર આરોગ્યનો નાશક અને બીજી અનેક રીતે નુકશાનકારક પણ સિદ્ધ થયો છે. ઘરેણાંને તો શરીરની રક્ષા કે પુષ્ટિ સાથે કશો જ સંબંધ નથી, એ તો માત્ર તરંગી અને ક્ષણે ક્ષણે બદલાતા શોખની ગણ્યાંગાંઠ્યાં લોકોની માનીતી વસ્તુ છે. કપડાં અને ઘરેણાં કરતાં જેનો આત્મા સાથે વધારે નિકટ સંબંધ છે અને જેનો સંબંધ અનિવાર્ય રીતે જીવનમાં આવશ્યક છે તે શરીરની બાબતમાં પણ ધ્યાન ખેંચવા જેવું છે. શરીરનાં અનેક અંગોમાં હૃદય, મગજ, નાભિ જેવાં ધ્રુવ અંગો છે કે જેના અસ્તિત્વ ઉપરજ શરીરના અસ્તિત્વનો આધાર છે. એમાંથી કોઇ અંગ ગયું કે જીવન સમાપ્ત. પણ હાથ, પગ, કાન, નાક આદિ અગત્યનાં અંગો છતાં તે ધ્રુવ નથી. તેમાં બગાડ કે અનિવાર્ય રોગ ઉત્પન્ન થતાં તેના કાપમાં જ શરીરનું અસ્તિત્વ સમાયેલું છે. આત્મા, શરીર, તેનાં ધ્રુવ અધ્રુવ અંગો, વસ્ત્રો, અલંકારો એ બધાનો પારસ્પરિક શો શો સંબંધ છે, તેઓ એક બીજાથી કેટલે દુર અને કેટલે નજીક છે, કયું અનિવાર્ય રીતે જીવનમાં જરૂરી છે અને કયું નહિ, એ વિચાર જે કરી શકે તેને ધર્મતત્ત્વના આત્મા, તેના શરીર અને તેનાં વસ્ત્રાલંકાર રૂપ બાહ્ય વ્યવહારો વચ્ચેનો પારસ્પરિક સંબંધ, તેમનું બળાબળ અને તેમની કીંમત ભાગ્યેજ સમજાવવી પડે.

શરીરનો સ્વીકાર આત્મજીવનમાં અનિવાર્ય છે. કપડાં શરીરને રક્ષણ આપે. પણ તે રક્ષણ આપેજ એવો એકાંત નથી. ઘણીવાર કપડાં ઉલટાં શરીરની વિકૃતિના કારણ બનવાથી ત્યાજ્ય બને છે અને રક્ષણ આપે ત્યારેય શરીર ઉપર કપડાં કાંઈ એકને એક નથી રહેતાં શરીરના પ્રમાણે કપડાં નાનાં મોટાં કરાવવાં અને બદલવાં પડે છે, એ વાતતો જાણીતી છેજ પણ સરખા માપનું કપડું પણ મેલું જૂનું કે જંતુમય થતાં બદલવું પડે છે સાફ કરવું પડે છે. તદ્દન કપડા વિના પણ શરીર નિરોગ રહી શકે છે ઉલટું એ સ્થિતિમાં વધારે નિરોગપણું અને સ્વાભાવિકપણું શાસ્ત્રમાં મનાયેલું છે. તેથી ઉલટું કપડાનો સંભાર આરોગ્યનો નાશક અને બીજી અનેક રીતે નુકશાનકારક પણ સિદ્ધ થયો છે. ઘરેણાંને [illegible] શરીરની રક્ષા કે પુષ્ટિ સાથે કશો જ સંબંધ નથી, એ તો માત્ર [illegible] અને ક્ષણે ક્ષણે બદલાતા શોખની ગણ્યાંગાંઠ્યાં લોકોની [illegible] વસ્તુ છે. કપડાં અને ઘરેણાં કરતાં જેનો આત્મા સાથે [illegible] સંબંધ છે અને જેનો સંબંધ અનિવાર્ય રીતે જીવનમાં [illegible] શરીરની બાબતમાં પણ ધ્યાન ખેંચવા જેવું છે. શરીરનાં [illegible] હૃદય, મગજ, નાભિ જેવાં મુખ્ય અંગો છે કે જેના અસ્તિત્વ [illegible] અસ્તિત્વનો આધાર છે. એમાંથી કોઈ અંગ ગયું કે [illegible] હાથ, પગ, કાન, નાક આદિ અગત્યનાં અંગો છતાં [illegible] બગાડ કે અનિવાર્ય રોગ ઉત્પન્ન થતાં તેનો [illegible] ત્વ સમાયેલું છે. આત્મા, શરીર, તેનાં મુખ્ય [illegible] કારો એ બધાનો પારસ્પરિક શો શો સંબંધ છે, [illegible] કેટલે દુર અને કેટલે નજીક છે, શું અનિવાર્ય [illegible] અને શું નહિ, એ વિચાર જે કરી શકે [illegible] તેના શરીર અને તેનાં વસ્ત્રાલંકાર [illegible] સ્પરિક સંબંધ, તેમનું બળાબળ અને [illegible] વો પડે

ધર્મનાશની ખોટી બુમ.

અત્યારે જ્યારે કોઇ ધર્મનાં કપડાં અને ઘરેણાંરૂપ બાહ્ય વ્યવહારે બદલવા, તેમાં કમી કરવા, સુધારો કરવા અને નકામા હોય તેને ઉ ઉતારવાની વાત કરે છે ત્યારે એક વર્ગ બુમ પાડી ઉઠે છે કે આ તો દેવ, ગુ ધર્મ તત્ત્વનો ઉચ્છેદ કરવાની વાત છે. આ વર્ગનું બુમરાણ એક અ અને મુર્ખની જેવું છે બાળકના શરીર ઉપરનાં મેલાં અને નુકશાનકા કપડાં ઉતારતાં તે 'મને મારી નાખ્યો'' એવી બુમ પાડી ઉઠે છે, તે સૌંદર્ય પોષવાની કે વારસાગત ચાલી આવતી ભાવનાથી સાચવી, વધા અને સમારી રાખેલા વાળ, જ્યારે તેના મુળમાં કોઈ ભારે સડાનું ક થતાં કાપવામાં આવે અને તે વખતે પેલો મુર્ખ "મને મારી નાખ્ કે "કાપી નાખ્યા" એવી વાળ-મોહ-વશ બુમ પાડે, તેના જેવી બુ પેલા ધર્મરક્ષકોની નથી લાગતી શું? પ્રશ્ન થશે કે શું તાત્ત્વિક અ વ્યાવહારિક ધર્મનો સંબંધ તેમજ તેનું બળાબળ, ઘરેડપંથી વિદ્વા ગણાતા આચાર્યરાજો નથી જાણતા?

જો તેમનું બુમરાણ સાચું હોય તો જવાબ એ છે કે કાંતો તે ન જાણતા, જાણે છે તો એવા અસહિષ્ણુ છે કે તેના આવેશમાં ભાનો પણ ગુમાવી બાહ્ય વ્યવહારના પરિવર્તનને તાત્ત્વિક ધર્મનો નાશ કહેવા ભુલ કરી બેસે છે અને પોતાને તે આવા બુમરાણનું કારણ એજ લા છે કે જ્યારે જીવનમાં તાત્ત્વિક ધર્મ રહેતોજ નથી અને વ્યાવહારિ ધર્મની બંધાયેલી લોકપ્રતિષ્ઠા તેમજ તે પ્રત્યેની લોકભક્તિ ઉપર કશ પણ ત્યાગ કે અર્પણ સિવાય કોઇપણ જાતની કર્તવ્ય જવાબદા સિવાય સુખી અને એદી જીવન ગાળવાની ટેવ પડી જાય છે ત્યારે જીવન અને એ ટેવ બચાવવા ખાતર જ સ્થૂલદર્શી લોકોને છે મરી દોડા કરવાનું તેમને નસીબે જાણ્યે અજાણ્યે આવી પડે છે

ખોટી બુમ મારનારને શિખામણ.

ધરેડપંથી ધર્માચાર્યો અને ધર્મપંડિતો એક બાજુ પોતાના ધર્મને ત્રિકાળાબાધિત, શાશ્વત કહી સદાધ્રુવ માને મનાવે છે અને બીજી બાજુ કોઇ પોતાની માન્યતા વિરૂધ્ધના વિચારો પ્રગટ કરે કે તરતજ ધર્મનો નાશ થવાની બૂમ પાડી ઉઠે છે. આ કેવો વદતોવ્યાઘાત? હું તેવા વિદ્વાનોને કહું છું કે જો તમારો ધર્મ ત્રિકાળાબાધિત છે તો સુખે સોડ તાણી સુઇ રહો, કોઇના ગમે તેવા પ્રયત્ન છતાં એમાં રંચ માત્ર પણ તમારે મને ફેર પડવાનો છેજ નહિ; અને જો તમારો ધર્મ વિરોધીના વિચાર માત્રથી નાશ પામવા જેટલો આળો કે કોમળ છે તો તમારા હજાર ચોકીપહેરા છતાં તે નાશ પામવાનોજ, કારણ વિરોધી વિચાર કોઇને કોઇ દિશામાંથી થવાના તો ખરાજ, એટલે તમે ધર્મને ત્રિકાળાબાધિત માનો અગર વિનશ્વર માનો પણ તમારે વાસ્તે તો બધી સ્થિતિમાં હોહા કરવાનો પ્રયત્ન માત્ર નકામો છે.

ધર્મના ધ્યેયની પરીક્ષા.

ધર્મના ધ્યેયની પરીક્ષા પણ ધર્મ પરીક્ષા સાથે અનિવાર્ય રીતે સંકળાયેલી છેજ. તેથી હવે એ ઉત્તરાર્ધ ઉપર આવીએ.

દરેક દેશમાં પોતાને આસ્તિક માનનાર મનાવનાર વર્ગ, ચાર્વાક જેવા કેવળ ઇહલોકવાદી અગર માત્ર પ્રત્યક્ષસુખવાદી લોકોને કહેતો આવ્યો છે કે તમે નાસ્તિક છો, કારણ તમે વર્તમાન જન્મની પેલી પાર કોઇનું અસ્તિત્વ માનતા ન હોવાથી કર્મવાદ અને તેમાંથી ફલિત થતી બધી નૈતિક-ધાર્મિક જવાબદારીઓનો ઇન્કાર કરો છો. તમે માત્ર વર્તમાન જીવનની અને તે પણ પોતાનાજ જીવનની સગવડીયા ટુંકી દ્રષ્ટિ ધરાવનાર હોઇ સામાજિક અને આધ્યાત્મિક દીર્ઘદર્શિતાવાળાં જવાબદારીનાં બંધનોની ઉપેક્ષા કરો છો, તેનો ઇન્કાર કરો છો અને તેમ કરી

આપણે હવે જોવાનું એ છે કે વ્યવહારમાં કર્મવાદીઓ ચાર્વાકપંથી કરતાં કેટલી ચઢીયાતી રીતે જીવી બતાવે છે, તેઓ ચાર્વાકપંથી કરતાં પોતાના સંસારને કેટલો વધારે સારો અને વધારે ભવ્ય બનાવી કે રચી જાણે છે?

'ચર્ચામાં એક પક્ષ બીજાને ગમે તે કહે તો તેને કોઇ રોકી શકતું નથી અને માત્ર ફાવે તેમ કહેવાથી પોતાનું ચઢીયાતાપણું સાબીત થઇ શકતું નથી. ઉતરતા અને ચઢીયાતાપણાની કસોટી જીવનમાંથી જ મળી રહે છે. ચાર્વાકપંથી ટુંકી દૃષ્ટિને લીધે પરલોક ન માને તેથી તેઓ પોતાની આત્મિક જવાબદારી અને સામાજિક જવાબદારીથી ભ્રષ્ટ રહી માત્ર પોતાના ઐહિક સુખની ટુંકી લાલસામાં એક બીજા પ્રત્યેની સામાજિક જવાબદારીઓ અદા ન કરે તેથી વ્યવહાર લંગડો બને. એમ બને કે ચાર્વાકપંથી પોતાને ફાવે ત્યાં બીજા પાસેથી સગવડ લઇ લે. માબાપનો વારસો પચાવી લે. સુધરાઇ ખાતાની સગવડો ભોગવવામાં જરાય પાછી પાની ન કરે. સામાજિક કે રાજકીય લાભોને લેશપણ જવા ન કરે. પણ જ્યારે એજ માબાપને પાળવા પોષવાનો સવાલ આવે ત્યારે આંખ આડા કાન કરે, સુધરાઇ ખાતાનો કોઈ નિયમ પાળવાનું પોતાને શિર આવે ત્યારે ગમે તે બહાને છટકી જાય, સામાજિક કે રાષ્ટ્રીય આપત્તિ વખતે કાંઇ કરવાનું પ્રાપ્ત થતાં તે પેટમાં દુઃખવાના બહાનાથી નિશાળથી બચી જનાર બાળકની પેરે, કોઇને કોઇ રીતે છટકી જાય અને એ રીતે પોતાની ચાર્વાક દૃષ્ટિથી કૌટુંબિક, સામાજિક અને રાજકીય બધા જીવનને લંગડું બનાવવાનું પાપ કરે. આ એની ચાર્વાકતાનું દુષ્પરિણામ. હવે આપણે પરલોકવાદી આસ્તિક કહેવડાવનાર અને પોતાને વધારે શ્રેષ્ઠ માનનાર વર્ગ તરફ વળીએ. કર્મવાદી પણ પોતાની કૌટુંબિક સામાજિક અને રાજકીય બધીજ જવાબદારીઓથી છટકતો દેખાય તો એનામાં અને ચાર્વાકમાં ફેર શો રહ્યો? વ્યવહાર બન્નેએ બગાડ્યો. આપણે જોઇએ છીએ કે કેટલાક સ્વસમયવાદી પોતાને ખુરશામાં ખુરશી ચાર્વાક કહી

રણામાં કે ઐહિક જવાબદારીઓમાં માત્ર બદ્ધ થઈ જવું એ તો ધર્મ-દ્રોહ છે. એમ કહી તે પ્રથમના હિસાબે પરલોક પણ અત્યારના હિસાબે વર્તમાન જન્મને ઉવેખશે અને વળી બીજાજ પરલોક અને બીજા જ જન્મને સુધારવાની ધૂનમાં ગાંડો થઈ ધર્મ તરફ દોડશે. એને પરિણામે એ સંસ્કારને પરિણામે વળી પ્રથમ માનેલો પરલોક તેને વર્તમાન જન્મ બનશે ત્યારે પાછો તે તો ધર્મના પરલોક સુધારવાના ધ્યેયને વળગી એ પ્રાપ્ત થયેલ પરલોકને ઉવેખશે અને બગાડશે. આમ ધર્મનું ધ્યેય પરલોક છે એ માન્યતાની પણ ગેરસમજનું પરિણામ તો ચાર્વાકના પરલોકવાદના અસ્વીકાર કરતાં બીજું આવવાનો સંભવજ નથી.

કેટલાંક ઉદાહરણો.

આ અટકળ વધારે પડતી છે એમ કોઇ રખે માને. આપણે ઉદાહરણ વાસ્તે દૂર જવાની જરૂર નથી. જૈન સમાજ આસ્તિક ગણાય છે. તે કર્મવાદી છે. પરલોક સુધારવાનો તેનો દાવો છે. ને પોતાના ધર્મનું ધ્યેય પરલોક સુધારવામાં જ પૂરું થાય છે એમ ગર્વથી માને છે.

પણ આપણે જો જૈન સમાજની પ્રત્યેક પ્રવૃત્તિનો બારીકીથી અભ્યાસ કરીશું તો આપણને દેખાશે કે તે પરલોક તો સાધી શકતો જ નથી વધારામાં ચાર્વાક જેટલો ઐહિલોક પણ સાધી શકતો નથી. એક ચાર્વાક મુસાફર ગાડીમાં બેઠો; તેણે પોતાની પૂરી સગવડ સાચવવા બીજાની સગવડોના ભોગે બીજાઓ ઉપર વધારે અગવડો મૂકીને પોતાની સીટ પૂરે-પૂરી ઉપરી કાંઇક વધારે મેળવી. થોડીવાર પછી ઉતરવાનું છે એ જઆ જવાની છે એની એને કાંઇ પડી ન હતી. બીજી વાર બીજે પ્રસંગે પણ એ માત્ર પોતાની સગવડની ધૂનમાં રહ્યો અને બીજાના સુખને ભોગે સુખેથી મુસાફરી કરતો. બીજો પેસેન્જર-પરલોકવાદી જૈન જેવો હતો તેને જવા તો હતું, કાંઇક જોઇએ તેથી વધારે પણ ત્યાં હતી ને [illegible] [illegible] [illegible] તો ઉતરવું છે, કે [illegible] બીજાને [illegible] [illegible]
[illegible]

બીજો યુવક સામાજિક જવાબદારીઓ તરફ ઢળતો હોય તેવામાં પરલોકવાદી ગુરૂ તેને કહે:—અરે, નાત જાતના ગોળ તોડી એને વિશાળ બનાવવાની વાતમાં પડ્યો છે પણ કાંઇ આત્માનું વિચાર્યું? પરલોક ભણી તો જો. આવી આળપંપાળમાં શું ફસ્યો છે? પેલો યુવક ગુરૂને પગલે ન જાય તોય ભ્રમણામાં પડી હાથમાં લીધેલ કામ છોડી દેતો દેખાય છે. એક બીજો યુવક વૈધવ્યની વારે ધાઇ પોતાની બધી સંપત્તિ અને બધી લાગવગનો ઉપયોગ પુનર્લગ્ન વાસ્તે કરતો હોય અગર અસ્પૃશ્યોને અપનાવવામાં, અસ્પૃશ્યતા નિવારવામાં કરતો હોય ત્યારે આસ્તિકરત્ન ગુરૂ કહે:—અરે, વિષયના કીડા, એવાં પાપકારી લગ્નોના પ્રપંચમાં પડી, પરલોક કાં બગાડે છે? બીચારો તે ભરમાયો અને મૌન લઈ બેસી ગયો. ગરીબોની વારે ધાવા ને તેમને પૈસો નહિ તો પાઇ મળે તેવા રાષ્ટ્રીય ખાદી જેવા કાર્યક્રમમાં કોઇને પડતો જોઇ ધર્મત્રાતા ગુરૂએ કહ્યું:—અરે એ તો કર્મનું ફળ છે. સૌનું કર્યું સૌ ભોગવે તું તારૂં સંભાળને? આત્મા સાચવ્યો, એણે બધું સાચવ્યું પરલોક એજ ઉચ્ચ ધ્યેય હોવું જોઇએ. આવા ઉપદેશથી એ યુવક પણ કર્તવ્યથી સરક્યો. આપણે આવા બનાવો આ જાતના કર્તવ્યઅંશો સમાજે સમાજમાં અને ઘરે ઘરમાં ઓછે કે વધતે અંશે જોઈ શકીશું. ગૃહસ્થોની જ વાત નથી ત્યાગી ગણાતા ધર્મગુરૂઓમાં પણ કર્તવ્યપાલનને નામે મીંડું છે. ત્યારે ચાર્વાક ધર્મ કે તેના ધ્યેયને સ્વીકાર ન કરીને જે પરિણામ ઉપસ્થિત કર્યાનું કહેવાય છે તે પરિણામ પરલોકને ધર્મનું ધ્યેય માનનારે ઉપસ્થિત નથી કર્યું, એમ કોઈ કહી શકશે? જો એમ ન હોત તો આપણા આખા દીર્ઘદર્શી ગણાતા પરલોકવાદી સમાજમાં આત્મિક, કૌટુંબિક, સામાજિક અને રાષ્ટ્રીય જવાબદારીઓની ખામી ન જ હોત.

કરજ કરીને પણ ઘી પીવું એવી માન્યતા ધરાવનાર માત્ર પ્રત્યક્ષવાદી અને તે પણ સ્વસુખવાદી ચાર્વાક હોય કે પરલોકવાદી આસ્તિક હોય, પણ જો તેઓ બન્નેમાં કર્તવ્યની યોગ્ય સમજ, તેની જવાબદારીનું

આનો જવાબ ઉપરના વિવેચનમાંથી જ ફલિત થઇ જાય છે, તે એ કે દરેકને પોતાના વૈયક્તિક અને સામાજિક કર્તવ્યનું ઠીક ઠીક ભાન; કર્તવ્ય પ્રત્યેની જવાબદારીમાં રસ અને એ રસને મૂર્ત કરી દેખાડવા જેટલા પુરૂષાર્થની જાગૃતિ હોવી એજ ધર્મનું ધ્યેય મનાવું જોઇએ. જો ઉક્ત તત્ત્વોને ધર્મના ધ્યેય તરીકે સ્વીકારી તેના ઉપર ભાર આપવામાં આવે તો પ્રજા જીવન સમગ્રપણે પલટો ખાય. ધર્મ તાત્ત્વિક હોય કે વ્યાવહારિક પણ જો ઉક્ત તત્ત્વો જ એના ધ્યેય તરીકે સ્વીકારવામાં આવે અને પ્રત્યક્ષ સુખવાદ કે પરલોક સુધારણાવાદનું સ્થાન ગૌણ કરી દેવામાં આવે તો પછી મનુષ્ય ગમે તે પક્ષનો હોય છતાં નવજીવન ઘડતરમાં કોઇપણ જાતની વિસંગતિ વિનાજ એક સરખો પોતાનો ફાળો આપે. આવું ધ્યેય સ્વીકારવામાં આવે તો જૈન સમાજની ભાવી પેઢી બધી રીતે પોતાની વધારે યોગ્યતા દર્શાવી શકશે.

એ ધ્યેયવાળો ભાવી જૈન પ્રથમ પોતાના આત્મિક કર્તવ્યો સમજી તેમાં રસ લેશે. તેથી એ પોતાની બુદ્ધિની વિશુદ્ધિ અને વિકાસ માટે પોતાથી બનતું બધુંજ કરશે અને પોતાના પુરૂષાર્થનું જરાય ગોપન નહિ કરે, કેમકે એ સમજશે કે બુદ્ધિ અને પુરૂષાર્થના દ્રોહમાં જ આત્મદ્રોહ અને આત્મ કર્તવ્યનો દ્રોહ છે. તે કુટુંબ પ્રત્યેના પોતાના નાના મોટા સમગ્ર કર્તવ્યો અને જવાબદારીઓ અદા કરવામાં પોતાનું જીવન સાર્થક્ય લેખશે. એટલે તેના જીવનથી તેનું કુટુંબરૂપ ઘડિયાળ બરાબર અનિયમિતના વિનાજ ચાલતું રહેશે. તે સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની એક એક જવાબદારીના પાલનમાં જ પોતાનું મહત્ત્વ માનશે એટલે સમાજ અને રાષ્ટ્રના અભ્યુદયના માર્ગમાં એનું જીવન ભારે મદદગાર થશે.

જૈન સમાજમાં એકાશ્રમ રહેવા એટલે કે ત્યાગાશ્રમ સંસ્થા ઉપર જ મુખ્ય ભાર અપાવાને લીધે અધિકારનો વિચાર બાજુએ રહી જવાથી જીવનમાં જે વિશ્રૃંખલતા આવેલી દેખાય છે, તેના સ્થાનમાં અધિકારાનુ

દેવ દ્રવ્ય.

(ગુજરાતી અનુવાદ.)

વ્યાખ્યાતાઃ–શ્રી દરબારી લાલજી ન્યાયતિર્થ.

મારી સમક્ષ આજ એક મુશ્કેલી છે. આ વ્યાખ્યાનમાળાના અગાઉના ત્રણ વ્યાખ્યાનોમાં મને એક સુગમતા એ હતી કે વ્યાખ્યાનના વિષયોનો અર્થ તો હું જાણતોજ હતો, પણ આજના વિષયના અર્થની મને ગમ પડતી નથી. ક્યારનો હું વિચારી રહ્યો છું કે દેવ અને દ્રવ્યનો સંબંધ શો ? અને એ શબ્દનો મર્મ શો હોઇ શકે ? જૈનોના દેવ તો અંતિમ ફકિરી ધારી રહ્યા છે ને કોડી ગરજ઼ીય રાખતા નથી એમની પાસે ધન અને સંપત્તિ હોવાની કલ્પના કરીને એ દ્રવ્યને દેવદ્રવ્ય કેમ કરી કહી શકાય ? શબ્દ શાસ્ત્ર કે સિદ્ધાંત શાસ્ત્ર અનુસાર ભલે દેવદ્રવ્ય ન બનાવી શકાય. પણ મનુષ્ય નામના પ્રાણીઓ ગમે તે કરી શકે છે એમ હું આ જગતમાં જોઇ રહ્યો છું. એ માનવો એક તરફ દેવને 'વીતરાગ' કહી શકે છે અને બીજી તરફ એમના નામે દ્રવ્ય એકત્રિત કરવાની ચિંતાય કરી શકે છે ! એથી જ દેવદ્રવ્યને નામે મંદિરોમાં લાખ્ખો ને કરોડોનો માલ ભર્યો પડ્યો રહે છે. એના સંચાલકો કહ્યા કરે છે કે 'ભગવાનનું એ દ્રવ્ય હોઇ સમાજ હિતાર્થે ન વાપરી શકાય.' આ રીતે 'વીતરાગ' ને શેઠજી બનાવીને આવા લોકો એના મુનિમ બની બેસીને મજા કરવા લાગે છે.

આપણે એ ભુલી બેઠા છીએ કે જે વીતરાગદેવ પોતાને ખાતર બનાવેલું ભોજન પણ સ્પર્શતા નથી તે વીતરાગ દેવ આવડી મોટી સંપત્તિનું શું કરે ? જે દ્રવ્ય જનતાના લાભાર્થે અને ગરીબોના કલ્યાણાર્થે વપરાઇ શકે તેજ દેવદ્રવ્ય કહી શકાય. ભગવાન જો ક્યાંયે હોય તો તે મંદિરોમાં કે મહંતો પાસે તો નથી જ. પણ એનું નિવાસસ્થાન ગરીબોના

છે. એના પર કોઇ વ્યક્તિની માલિકી નથી, પ્હેલાં જે પરિભાષા મેં બનાવી છે તે પ્રમાણે આને જ દેવદ્રવ્ય ગણી શકાય.'

આમ હરરોજ દેવદ્રવ્ય વાપરતા છતાં મને સમજાતું નથી કે કઇ હિમ્મત પર આ લોકો એમ કહી શકે છે કે 'દેવદ્રવ્યનો ઉપયોગ સામાજીક હિતોમાં નહિ થઇ શકે!' એક તરફ કેળવણી પ્રચારની સંસ્થાઓ પાઇ પાઇ માટે તલસે છે, અજ્ઞાનના અંધકારથી સમાજ ઘેરાયલો છે, અનાથ બાળકો ને વિધવાઓ મુંઝાય છે, ગરીબોને ખાવા નથી મળતું ત્યારે બીજી તરફ અમારાં મંદિરોમાં લક્ષ્મીનાં પૂર દમામથી નૃત્ય-ગાન ચાલે છે. કેટલી વિચિત્રતા? વિશ્વપ્રેમી વીતરાગદેવની આ કેવી અવગણના છે! હુ એમ કહેવા માંગુ છું કે વીતરાગ દેવની મૂર્તિ પર સોનાચાંદીના મુગટો ધરાવવા કરતાં ગરીબના ઉપર રોટલાનો ટુકડો ધરવો તે લાખ ગણું ઉત્તમ કાર્ય છે. આપણે વિવેકનું કેવું દેવાળું કાઢી રહ્યા છીએ-કે જે દેવને કશી ચીજની ખપ નથી, જે પરિગ્રહને ત્યાજ્ય માને છે એના મસ્તકને સંપત્તિના બોજાથી આપણે ભ્રષ્ટ કરી રહ્યા છીએ અને ભુખથી જેનું પેટ પીઠ સાથે ચોંટી રહ્યું છે, જે પેટે પત્થર બાંધી રાત વિતાવે છે, બેસતાં જેની કમ્મર ભાંગી પડે છે, ને જેને સારૂ વીતરાગ ભગવાને સર્વસ્વ ત્યાગ્યું, તે ભૂખ્યાં ભાંડુઓને સારૂ આપણે રોટલાનો ટુકડો પણ નથી આપતા ને ઘૃણા દર્શાવી તિરસ્કારીએ છીએ! શું આવા પ્રકારના આચરણથી આપણે આપણને વીતરાગના સુપુત્ર કહેવડાવવા માગીએ છીએ! આમ વીતરાગદેવની જે અવગણના આપણે કરી રહ્યા છીએ એટલી તો એમના ઉપદેશને નહિ માનનારા પણ નહિ કરતા હોય. સાચી વાત તો એ છે કે વીતરાગને ઢાલ બનાવી આપણે હલકા સ્વાર્થની સાધના કરી રહ્યા છીએ. અને વીતરાગના અનુયાયી કહેવડાવવા છતાં વીતરાગ દેવથી ઘણે દૂર છીએ.

એક વાત હું ઘણા સમયથી વિચારી રહ્યો છું કે જૈનોએ માત્ર એકજ આરામાં [illegible] બનાવવા શરૂ કરીને એક બે નહિ પણ ચોવીસ

કોઇએ નિર્ધનકર દુઃખી બન્યા વિના નથી રહ્યા. ફેર એટલોજ કે એ પોતાની નહિ પણ જગતની ચિંતાથી શોષાય છે. સંસાર માટે એ ભૂખ્યા રહે છે, દિવસ ને રાત આદર્શ સિદ્ધિ સારૂં આથડે છે. અને લોકોના કલ્યાણ સારૂ માનવી સહી શકે તે તમામ કષ્ટ સહીને પણ પોતાની ભાવના પ્રસારે છે ને જગતને માર્ગદર્શન કરાવે છે. દુઃખીયાને માટે એકાદ આંસુ પણ આપણે સારી શકીએ તો એ સાચી દેવપૂજા છે. સમાજમાંથી ધન એકત્ર કરી દેવોના નામે તિજોરીઓમાં ભરી રાખવામાં કે દેવદ્રવ્ય એકત્રિત કરવા સારૂ પૂજાવાદના પ્રકારો સર્જવામાં દેવપૂજા નથી. જે દોષોને દૂર કરવાને ખાતર પ્રભુએ જીવન સમર્પ્યું એ અશુદ્ધિઓથી એમને મઢવામાં આપણે કઇ ભક્તિ સિધ્ધ કરી રહ્યા છીએ? 'દેવદ્રવ્ય' શબ્દનો અર્થ ઘટાવવોજ હોય તો આપણું કર્તવ્ય છે કે દેવના નામ પર સંચિત થએલી સંપત્તિ સમાજના ઉપયોગમાં લગાવીને સમાજને દેવ-પૂજા કરવા લાયક બનાવીએ.

હું તો જાણું છું કે આ ભાષણ કરીને રોગીને મેં કડવું ઔષધ આપ્યું છે, આખરે કેકને કંઇ લાભ તો આપશેજ.



તે તક મળવી એટલે દરેક મનુષ્યને પૂરતો ખોરાક, પહેરવાના કપડાં, રહેવા ઘર, વિગેરે શારીરિક જરૂરીઆતો પ્રાથમિક હક તરીકે મળવા જોઇએ. તેવીજ રીતે પોતાની માનસિક શક્તિઓ ખીલવવા માટે દરેકને પોતાને યોગ્ય કેળવણી અને તેના સાધનો મેળવવાનો સમાન હક છે. શ્રમ કરવા તૈયાર હોય એવા કોઇ પણ મનુષ્યને પોતાની આજીવિકા માટે ચિન્તા રહેવી ન જોઇએ. દરેકને પોતાની લાયકાત મુજબ કામ કરવાની તક મળવી જોઇએ. કોઈ અપંગ હોય વૃદ્ધ હોય તેને આજીવિકાની ચિન્તા રહેવી ન જોઇએ. આવી તક અત્યારે સમાજના મોટા ભાગને નથી મળતી તે દેખીતું છે. તેનું કારણ ગરીબાઈ છે; આર્થિક અસમાનતા છે. તે ગરીબાઈ અને આર્થિક અસમાનતા અત્યારની સામાજીક અને આર્થિક વ્યવસ્થા અને બંધારણનું પરિણામ છે. તે કોઇના કર્મ અથવા નસીબનું પરિણામ નથી. આ સામાજિક વ્યવસ્થા અને બંધારણ જેને પરિણામે આર્થિક અસમાનતા છે તે સનાતન નથી, કુદરતી નથી. મનુષ્યે ઉત્પન્ન કરેલી છે, મનુષ્ય તેને ફેરવી શકે છે. સમાજવાદી જે અસમાનતાઓ દૂર કરવા માંગે છે તે મનુષ્યે ઉત્પન્ન કરેલી અસમાનતાઓ છે. કેટલીક કુદરતી અસમાનતાઓ—શારીરિક અને માનસિક શક્તિની—મનુષ્ય મનુષ્ય વચ્ચે હોય છે, તે તો રહેવાની; પણ તે અસમાનતાઓ મનુષ્યના દુઃખનું કારણ નથી તેથી તો વૈવિધ્ય આવે છે. મનુષ્યના દુઃખનું કારણ જે અસમાનતાઓ છે તે તો સામાજીક છે, મનુષ્યે ઉત્પન્ન કરેલી છે, અને મનુષ્ય તે દૂર કરી શકે છે.

સમાજવાદીને માટે આ બધી સામાજીક અસમાનતાઓ અને વિષમતાઓનું મૂળ આર્થિક અસમાનતા છે. જ્યાંસુધી આર્થિક અસમાનતા દૂર ન થાય ત્યાંસુધી બીજી અસમાનતાઓ દૂર કરી શકાય નહિ.

આ આર્થિક અસમાનતાનું મૂળ ઉત્પાદનના સાધનોની ખાનગી માલેકી છે. જમીન, કારખાનાઓ, મકાનો વ્યવહારના સાધનો, જેવા કે રેલ્વે, સ્ટીમરો વિગેરે બધા કેટલીક વ્યક્તિઓની માલેકીના છે. સમાજને

ભાગ આ સાધન રહિત છે. પરિણામે જે વર્ગના હાથમ
નાં સાધનો છે તે વર્ગ ઉત્પન્નનો મોટો ભાગ પોતે ઝૂંટવી
તેના માત્ર આ સાધનોની માલેકીના કારણેજ લઇ જાય છે. રી
વ્યાજ, મકાનનું ભાડું, ગણોત વગેરે સઘળી આવક હરામની છે
રીતે સઘળું ઉત્પાદન જે મનુષ્યના ઉપભોગ માટેજ થવું જોઈ
ન થતાં માત્ર એક વર્ગના ખાનગી નફા માટેજ થાય છે. વિ

વિકાસથી ઉત્પાદન અઢળક થયું હોવા છતાં સમાજનો મોટો ભા
મરે છે. તેનું કારણ એ છે કે તે ઉત્પાદનના સાધનો જેના હાથ
તે સમાજના કલ્યાણ અર્થે તેનો ઉપયોગ કરતા નથી પણ પે
સ્વાર્થ માટેજ તેનો ઉપયોગ કરે છે. ઉત્પાદનનો સઘળો આધ
ી નફો મેળવવાના એકજ ધોરણે થાય છે. પરિણામે એક વ
જેના હાથમાં આ ઉત્પાદનનાં સાધનો હોય છે, તે સમાજનાં મો
ં શોષણ કરે છે, અને તેના ઉપર શાસન ભોગવે છે. તેને પોતા
બનાવે છે. પોતાના ઉત્પાદનનું વેચાણ પોતાના દેશમાં ન થાય ત
ા દેશના લાખો માણસો ભૂખે મરતા હોય તો પણ પોતા
માટે બીજા દેશોમાં પોતાનું ઉત્પાદન વેચે છે, અને તે વેચાણ
. માટે આ દેશો જીતે છે અને વિગ્રહ કરે છે. આમ મુડીવાદમાં

ાદ જન્મે છે અને વિગ્રહો થાય છે. ઉત્પાદનના સાધનો આ
એક વર્ગના હાથમાં ભેગા થયા પછી આ યંત્ર યુગમાં અને વિ
શોધખોળોને પરિણામે તે વર્ગના હાથમાં સમાજનું ધન વિશેષ
. એકઠું થતું જાય છે અને બીજી તરફ ગરીબાઈ અને ભૂખ
ા જાય છે.

આ મુડીદાર વર્ગ પોતાના આ હકો કાયમ જાળવી રાખવા
ની બીજી સંસ્થા વ્યવસ્થા અને બંધારણ પોતાને અનુકૂળ બન
... આ વર્ગના હાથમાંજ હોય છે કેળવણીના બધા સાધ

આ વર્ગના કાબુમાં હોય છે. કેળવાયેલાઓ જાણે અજાણે આ વર્ગના ગુલામ થઈ પોતાની બુદ્ધિનો ઉપયોગ તેમના હક્કોનાં રક્ષણ માટે જ કરે છે. માણસને આજીવિકા આપવાના બધા સાધનો તેમની માલેકી-નાજ હોવાથી દરેકના ઉપર તે વર્ગનો કાબુ રહે છે. ધર્મગુરૂઓ તેમનાજ ગુણગાન કરે છે. અને કાયદાઓ કરવાની સત્તા તેમના હાથમાંજ હોવાથી તેમને અનુકુળજ કાયદાઓ ઘડાય છે અને ન્યાયની અદાલતો એ કાયદા-ઓનોજ અમલ કરે છે. જેની પાસે પૈસો હોય તેજ પ્રતિષ્ઠિત ગણાય છે. અને મનુષ્ય જીવનના મૂલ્યાંકનનું એ એકજ ધોરણ બને છે. બધી સામા-જીક નીતિના નિયમો તેને અનુસરીનેજ ઘડાય છે.

આ બધી અસમાનતાઓ દૂર કરવાનો એકજ ઉપાય છે. તે અનિષ્ટોનું મૂળ-ઉત્પાદનના સાધનોની ખાનગી માલેકીનો નાશ કરી તેને સામાજીક માલેકીના બનાવવા અને ઉત્પાદનનું ધોરણ અને તેનો સઘળો વ્યવહાર અને વ્યાપાર કોઇ વ્યક્તિઓના ખાનગી નફા માટે નહિ પણ સમાજના હિત માટેજ બનાવવો. ઉત્પાદનના સાધનોની ખાનગી માલેકીનો નાશ થાય એટલે તેને અનુરૂપ આખી નવી સામાજીક રચના થાય, તે સામા-જીક રચનામાં દરેક મનુષ્યને પોતાની સર્વ શક્તિઓ ખીલવવાની સમાન તક મળશે મનુષ્ય મનુષ્યનુ, જાતિ જાતિનું, દેશ દેશનું શોષણ અને પરતંત્રતા દૂર થશે. કોઈ મનુષ્યને વધારે પડતું ધનસંચય કરવાની જરૂરજ નહિ રહે. કારણકે સામાજીક વ્યવસ્થાજ એવી હશે કે જેમાં દરેક મનુષ્યની જરૂરીઆતો સમાજ પૂરી પાડશે અને પોતા માટે અથવા પોતાની સ્ત્રી અથવા સંતાનો માટે ભવિષ્યની ચિન્તા નહિ હોય. તેમજ આર્થિક બંધારણ એવું હશે કે જેમાં કોઇ મનુષ્ય લોભને વશ થઈ ઈચ્છે તોપણ ધનસંચય કરવાની તેને તકજ નહિ મળે. દરેક મનુષ્ય પોતાની શક્તિ મુજબ સમાજને સેવા આપવાને બંધાએલો રહેશે. તેવા સમાજમાં મનુષ્યની કિંમત તેની પાસે કેટલો પૈસો છે, તે ઉપરથી અંકાશે નહિ પણ તે કેટલી અને કેવી સેવા સમાજને આપે છે, તે ઉપરજ અંકાશે. સમાજ-

"માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો". દેહધ્યાસ ઓછો કરવો એ મુખ્ય લક્ષ્ય છે. દેહની ક્રિયા માત્રમાં હિંસા છે માટે નિવૃત્તિ એ ધર્મ છે. દેહનો ગુણ હિંસા છે માટે આત્માનો ગુણ અહિંસા અહિંસા મનમાં. અપરિગ્રહ, બ્રહ્મચર્ય, અસ્તેય, અનાસ્વાદ, સર્વ વ્રતોનો આપોઆપ સમાવેશ થાય છે. પરિગ્રહમાં હિંસા છે, દેહના ભોગ માત્રમાં હિંસા છે. જગતના સર્વ સંબંધો જીવને બંધનું કારણ છે. એ "સર્વ સંબંધનું બંધન તિક્ષ્ણ છેદીને "સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી." "કોના સંબંધે વળગણા આ કઇ રીતે હું પરિહરૂં" એ એકજ જીવનું લક્ષ્ય હોવું જોઇએ.

આવા ધર્મમાં જાતિ ભેદ નથી, વર્ણ ભેદ નથી, ઉચ્ચ નીચના ભેદ નથી, દયા છે, પરોપકાર છે, સમાનતા છે, પ્રેમ છે માણસો આ ધર્મને આચરે તો સમાજવાદની જરૂર નથી. કોઇ વાદની જરૂર નથી. પણ આવો ધર્મ આચરણમાં વિરલ વ્યક્તિઓએજ ઉતાર્યો છે. બીજી તરફ આ ધર્મનો અવળો અર્થ કરી તેને નામે હિંસા અને ઝેરવેર વધ્યાં છે.

જૈન ધર્મ નિવૃત્તિ પ્રધાન છે. સમાજ વ્યવસ્થા, સામાજીક સુધારણા તેનું ધ્યેય નથી. તે લોકોત્તર ધર્મ છે. તેમાં લૌકીક વ્યવહાર અને વ્યવસ્થાને સ્થાન નથી. પોતાનો ધર્મ વિચારી લઇ દરેક વ્યક્તિએ પોતાનો વ્યવહાર નક્કી કરવો રહ્યો.

આનું પરિણામ એ આવ્યું છે કે સામાજીક ફરજો પ્રત્યે ભયંકર બેદરકારી દેખાય છે. એકાકી ભાવ સેવનાં સામાજીક ઋણ પ્રત્યે અવગણના થઇ છે. ધર્મ ગુરૂઓએ અનધિકારે નિવૃત્તિ ઉપદેશ આપ્યો છે. અને દરેક વ્યક્તિ પોતાની પરિસ્થિતિને પોતાના કર્મ અથવા નસીબનુંજ પરિણામ માની તેમાં સંતોષ માનવાનો ધર્મ સ્વીકારે છે. ધનવાનોએ ધન સંગ્રહ અને ગરીબોનું શોષણ ચાલુ રાખ્યું છે. અને આ પરિગ્રહ પાપનો દંડ આવતા ભવે ભોગવવાનો માનતા હોવાથી ધર્મના ઉપદેશની અસર રહી નથી. ધર્મગુરુઓ ઇશ્વર છે અને મનો ઉપદેશ-સંતોષ રાખવો

જૈન ધર્મમાં પરિગ્રહ માત્ર પાપ છે; સમાજવાદીને પારકાને ભોગે મેળવેલ પરિગ્રહ પાપ છે. જૈન ધર્મમાં દેહના સુખોપભોગ માત્રમાં પાપ છે; સમાજવાદીને પારકાના શોષણથી ભોગવેલું સુખ પાપ છે. બન્ને સંયમ સ્વીકારે છે. પણ જૈન ધર્મ આત્માની મુક્તિ માટે દેહનું દમન (Mortification of flesh) ઉપદેશે છે. સમાજવાદી આરોગ્ય રસિકતા (Aesthetic taste) અને સમાજ હીતની દ્રષ્ટિએ સંયમ સ્વીકારે છે. બન્ને નિસ્વાર્થતાને આવશ્યક માને છે. જૈન ધર્મ નિઃસ્વાર્થતા એટલે દેહની જરૂરીઆતો ઓછી કરી પરિગ્રહ છોડવાનું કહે છે; સમાજવાદ પોતાના સ્વાર્થને ખાતર મનુષ્યોનું શોષણ કરી પરિગ્રહ વધારવામાં પાપ માને છે. બન્ને સમાનતાને અંતિમ ધ્યેય તરીકે સ્વીકારે છે. જૈન ધર્મ પરિગ્રહ ઓછો કરી ગરીબાઇથી સમાન થવાનું ઉપદેશે છે; સમાજવાદ ઉત્પન્ન વધારી સર્વને સમાન અને ન્યાયી વ્હેંચણી કરી સમાનતા આપે છે અને દરેકને પોતાનું વ્યક્તિત્વ કેળવવાની સમાન તક આપે છે. જૈન ધર્મ વ્યક્તિના અધ્યાત્મિક વિકાસ ઉપરજ ભાર મૂકે છે, સમાજવાદ સામાજીક ક્રાન્તિ છે.

સમાજવાદી સંસ્કૃતિ જીવનને રસમય અને સમૃદ્ધ બનાવે છે, જૈન ધર્મ એકાંત વૈરાગ્યમય છે. બન્ને જીવનના મૂલ્ય પરિવર્તન કરે છે, અને બન્નેમાં સાચા ધર્મના લક્ષણો છે.

સમાજવાદ સર્વકાળને માટે સાચો ધર્મ છે કે નહિ તે હું નથી જાણતો. પણ આ યુગનો તો તે યુગધર્મ છે, માનવ ધર્મ છે.

ભૂખ્યા પેટને આત્મા ને પરમેશ્વરની વાતો કરવી નિરર્થક છે, અને ધનવાનોમાં માત્ર ઉપદેશથી હૃદય પલટાની આશા રાખવી તે પણ નિરર્થક છે. મનુષ્યની શારીરિક અને માનસીક જરૂરીઆતો સમાન રીતે સંતોષાય તેવી સામાજીક વ્યવસ્થા ઉત્પન્ન કરવાનો એકજ માર્ગ તે ઉત્પાદનના સાધનોની ખાનગી માલેકીનો અંત આણવો તેજ છે. આ યંત્ર યુગમાં તે એકજ

શ્રી મહાવીર અને ઉપસર્ગો.

(વક્તાઃ—મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.)

દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગ.

પર્યુષણ પર્વને એક દૃષ્ટિએ શ્રી વીરજયંતિ કહી શકાય. પર્યુષણના ...ક દિવસમાં એ આસન્નઉપકારી અદ્ભુતત્યાગી અને મહાન યોગીના ...નનો વિચાર કરવામાં આવે તો એથી સ્વપરને સારો આત્મલાભ ...ા સંભવ છે.

જૈન ધર્મજ્ઞાનના બે મોટા વિભાગ પડે છેઃ એકમાં તત્ત્વચર્ચા ...વે છે (ફીલોસોફી) અને બીજામાં નીતિવિભાગ આવે છે (એથિક્સ) ...ન પરિભાષામાં બોલીએ તો એકને 'દ્રવ્યાનુયોગ' કહેવાય અને બીજાને 'ચરણકરણાનુયોગ' કહેવાય. દ્રવ્યાનુયોગમાં આત્મા અને ...જીવની તત્ત્વદૃષ્ટિએ ચર્ચા થાય છે અને આત્માનો અને કર્મનો સંબંધ ...વો છે, જીવ અને જગતનો સંબંધ કેવા પ્રકારનો છે, આત્મા અને ...કારની પરિસ્થિતિમાં વિકાસ કેવી રીતે પામે છે, તેના પાતના માર્ગ ...અને કારણો કયાં કયા છે, કર્મને અને જીવને સંબંધ કેવી રીતે થાય ...તેની મુક્તિ કયે માર્ગે થાય છે વિગેરે વિચારો આવે છે, જ્યારે ચરણ-કરણાનુયોગમાં આત્મવિકાસના અનેક સાધનો બતાવેલાં હોય છે.

સંક્ષેપમાં ધર્મની વ્યાખ્યા.

આ ચરણકરણાનુયોગ અથવા નીતિ વિભાગમાં ઘણી હકીકતો આ...છે, પણ તે સર્વનો પાયો 'અહિંસા, સંયમ અને તપ' એ ત્રણ શબ્દ... પર નિર્ભર રહે છે હિંસાનું સ્વરૂપ સમજી એનો ત્યાગ કરવો, દેહ અ... ખાસ કરીને ઇંદ્રિયો અને મન પર સંયમ રાખવો અને તપત્યાગ એ... બાહ્ય અને અભ્યંતર પ્રકારમાં આદરવા—આ ત્રણ પાયા ઉપર જૈન નીતિવિભાગ રચાયલો છે. એની ટુંકી વ્યાખ્યા કરીએ તો અહિંસામ...

હેતું એ પ્રત્યેક વ્યક્તિગત આત્માએ નીપજાવવાનું હોય છે. તેને અંગે તેને આજુબાજુના સંયોગો પર આધાર રાખી, તેની અંદર રહી પોતાનું સાધ્ય સાધવાનું હોય છે.

શ્રી વીરનું સંકીર્ણ જીવન.

શ્રી વીર પરમાત્માના જીવના પૂર્વ ભવના અનેક પ્રસંગો વિચારતાં એક વાત જરૂર તરી આવે છે અને તે એ છે કે એ આત્માએ **પોતાની આસપાસ ચિત્રવિચિત્ર વાતાવરણ ઉત્પન્ન કર્યું હતું** અને તેને પરિણામે પોતાની આસપાસ જામેલો કચરો દૂર કરવાને તેમને બહુ સખ્ત પ્રયાસ કરવો પડ્યો હતો. બીજા સર્વ તીર્થંકરોના પ્રમાણમાં તેમનો જીવનવિકાસ **અતિસંકીર્ણ** હોવાને કારણે તેમને એવા જબરા અને આકરા અનેક ઉપસર્ગો થયા છે કે કેટલીક વાર તો તેનું વર્ણન વાંચતાં આપણને પણ અંદર લાગણી થયા વગર ન જ રહે. અને આ કારણેજ એ સંકીર્ણ જીવનને વિવિધ દિશાએથી સમજવાની, ચર્ચવાની અને જીવનમાં ઉતારવાની જરૂર રહે છે

આપણું ઘણાખરાનું **જીવન અતિ સંકીર્ણ** જ **હોય છે.** આપણે દુનિયાના અનેક મનોવિકારોને તાબે થઇ દરરોજ બાહ્ય અને આંતર બાબતોમાં ખૂબ રગદોળાયલા હોઇએ છીએ આપણો વિકાસ સાધવા અથવા એ માર્ગે ચઢવા આપણને શ્રી વીર પ્રભુનું ચરિત્ર બહુ ઉપયોગી દૃષ્ટાંત પૂરું પાડે તેમ છે પ્રત્યેક જૈન એ જીવનને પોતાના જીવનપ્રસંગો સાથે વણી દે અને તેમાંથી રહસ્ય નીપજાવે તેવું હોઇ આપણે એના જુદા જુદા મુદ્દાઓ તારવીએ

શ્રી વીરનો આત્મવિશ્વાસ.

રાજ્યઋદ્ધિને ત્યાગ કરી, સંસારની અનેક લાલચોને લાત મારી, ઋદ્ધિ બાપનો આમડ હોવા છતાં માત્ર આત્મવિકાસ સાધવાની સાપેક્ષ દૃષ્ટિએ, ૩૦ વર્ષની યુવાન વયે, જ્યારે પરમાત્મા ઘરબાર છોડી જંગલમાં

ગોવાળીઆનો ઉપસર્ગ.

ાન એવી બની કે નવીન ત્યાગી વર્ધમાન ઉપર્યુક્ત કુમાર ગામની માં કાયોત્સર્ગ કરતા સ્થિર પગે ઉભા હતા ત્યાં એક ગોવાળીઓ પોતાના ાને આખો દિવસ હળમાં હાંકીને તે જ જગ્યા પર આવી પહોંચ્યો. ા બળદ સીમમાં ચરશે અને પોતે ગામમાં જઈ પોતાની ગાયોને , પછી બળદોને ઘેર લઇ જશે એમ વિચારી, ત્યાં સીમમાં બળદને ા મૂકીને ગોવાળીઓ ગામમાં પોતાને ઘેર ગયો.

બળદનો પત્તો ન લાગ્યો.

ગાયોને દોહવાનું કાર્ય પૂરૂં કરી ગોવાળીઓ બળદને પાછો લેવા આવ્યો તે ્યાન બળદો તો ચરતાં ચરતાં જંગલમાં ચાલ્યા ગયા. ગોવાળીઓ જુએ બળદો દેખાય નહિ. એ તો ચાલ્યો બળદની શોધમાં. પહેલાં તો પ્રભુને ્યું-'મારા બળદ ક્યાં ગયા?' પણ પ્રભુ તો ધ્યાનમાં હતા. જવાબ મળ્યો, એટલે ગોવાળીઓ જંગલ તરફ બળદને શોધવા ચાલ્યો. આખી ાત રખડ્યો, પણ એને પોતાના બળદનો પત્તો ન મળ્યો.

દૃષ્ટિ તેવી સૃષ્ટિ.

આખી રાત રખડેલ થાક્યો પાક્યો ગોવાળીઓ સવારે પાછો ફરે ાં તેણે તે જ બળદોને પ્રભુની નજીકમાં વાગોળતા બેઠેલા જોયા. ગોવા- ળીઓ સંસારી જીવડો હતો. એને આખા જીવનમાં બળદ અને ગાયના વિચાર અને સ્વપ્નાં આવતાં હતાં. એનું ધન ગાયોમાં અને બળદોમાં સમાઈ જતું હતું. એને સ્વાભાવિક શંકા થઇ કે પોતાના બળદોને ્પાવી જવાના ઇરાદાથી પેલા ઉભા રહેલા પુરૂષે જ તેમને સંતાડી ાખેલા હોવા જોઇએ. પોતે એક વાર જોઇ ગયો ત્યારે તો ત્યાં બળદો ન ોતા અને અત્યારે દેખાય છે, એટલે પેલા પુરૂષની દાનત ખરાબ હોવી જોઇએ. 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ'-એ સહજ નિયમ છે. ગોવાળીઓ પો- ાની બુદ્ધિએ અન્યને તોળે એ તદ્દન સ્વાભાવિક હોઈ એને પ્રભુ ઉપર

શંકા ઉત્પન્ન થઈ અને માનવા પ્રમાણે કામ પણ કરવા એ તૈયાર થઈ ગ ગામડાનો રહેવાશી જાડી બુદ્ધિવાળો અને બળદના ઉપર જીવનનિ કરનારો ગોવાળીઓ ગુસ્સામાં આવી ગયો અને બળદની રાશ ઉપા પ્રભુને મારવા દોડયો. શારીરિક બળ ઉપર મુસ્તાક રહેનાર માણસે આવેશ વધારે હોય છે અને એમને આઘાપાછા લાંબા પહોળા વિ કરવાની આવશ્યકતા ઘણી ઓછી હોય છે, પણ આદરેલા અધવચ છે અને માણસનું ધાર્યું થતુ નથી એ દરરોજના અનુભવનો વિષ એ વખતે એક વિચિત્ર ઘટના બની તે આપણે જરા જોઈ લઈ, ગોવાળીઆને વિચારીએ.

ઇંદ્રની વિજ્ઞપ્તિ

ગઈ કાલે જ પ્રભુનું દીક્ષા કલ્યાણક ઇંદ્રે ઉજવ્યુ હતું એણે ભાનના મહાનભિનિષ્ક્રમણમા પોતાને યોગ્ય ભાગ ભજવ્યો હતો. ભગવાનનો મહાત્યાગ નજરે નીહાળ્યો હતો. એણે રાજકુમારને સર્વ અલંકાર અને વસ્ત્રનો ત્યાગ કરતા જોયા હતા. એણે પંચમુષ્ટિથી લોચ ભગવાનના સ્વહસ્તે થતો જોયો હતો. તેને આજે પ્રભાતના રમાં સહજ જિજ્ઞાસા થઈ કે 'પ્રભુ શુ કરતા હશે?' ગુણાનુરા આવી ચિંતા તદ્દન સ્વાભાવિક છે. પોતે જુએ છે તો ગોવાળીઓ દની રાશને હાથમાં ઉગામી પ્રભુ તરફ દોટ મૂકતો દેખાય છે ઇંદ્રે બળથી ગોવાળીઆને નિશ્ચળ બનાવી દીધો એટલે ગોવાળીઆની એના હાથમાંજ રહી ગઈ અને એ થંભી ગયો. ઇંદ્રે એને તિરસ્કારથી કહ્યું કે 'શું તું સિદ્ધાર્થ રાજાના પુત્રને પણ ઓળ નથી?' એટલે ગોવાળીઆને સાન આવી અને શરમાઈને એ ચ ચાલ્યો ગયો.

પછી ઇંદ્ર પોતે ભગવાનની નજીક આવ્યા. એ જ વખતે ભગવ હતું. ઇંદ્રે ભગવાનને વંદન કર્યું અને પોતે સામે બેઠા

તેઓ વચ્ચે જે વાતચીત થઇ તે લાક્ષણિક હોઇ ખાસ નોંધી રાખવા લાયક છે.

ઇંદ્ર-"સ્વામી! આપને બાર વર્ષ સુધી ભયંકર ઉપસર્ગો થવાના છે, તેનો નિષેધ કરવા માટે હું આપની તહેનાતમાં રહેવા ઇચ્છું છું. હું આપનો હજુરીઓ (પારિપાર્શ્વિક) થવા ઇચ્છું છું. આપ મને તે માટે આજ્ઞા આપો."

શ્રી વીર-"અર્હંતો કદિ પણ પરસહાયની અપેક્ષા રાખતા નથી. અર્હંતો પરસહાયથી કેવળજ્ઞાન ઉપાર્જન કરે એવું કદિ થયું નથી, થતું નથી અને થશે પણ નહિ. જિનેંદ્રો પોતાના બળથી જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે અને પોતાના વીર્યથીજ મોક્ષે જાય છે."

મર્દાનગી ભરેલા જવાબપર વિચારણા.

ઇંદ્રે જવાબ સાંભળ્યો. એને પ્રભુ તરફ વધારે રાગ અને ભક્તિ થાં અને ઉચિત ગોઠવણ કરી અંતરમાં આનંદ પામતાં અને પ્રભુની ભાની પ્રશંસા કરતાં એ પોતાને સ્થાનકે ગયા. મહાપુરુષોના નિર્ણયોમાં ારો વૈભવ હોય છે, એના આત્મનિર્ણયમાં ઓજસ હોય છે એની ાત્મશ્રદ્ધામાં અનુપમેયતા હોય છે. આત્માના દૃઢ નિર્ણય પાસે કોઇ ાચણ આડી આવતી નથી. એને મન સાધ્ય એજ પ્રાપ્તવ્ય વસ્તુ હોય અને એને પોતાના નિર્ણયો પર એટલો વિશ્વાસ હોય છે કે એ કોઇ ણ પ્રકારની બહારની સહાયની અપેક્ષા રાખ્યા વગર પોતાના નિર્ણય ર જ ઝઝૂમે છે. નિર્ણય કરતી વખતે વસ્તુના લાભાલાભની સર્વ તુલના રવી ઘટે છે, એ નિર્ણય કરવામાં ઉતાવળ કરવી ઘટતી નથી એ નિર્ણય તાત્કાલિક લાભ કરનારો છે કે પરિણામે કે પરંપરાએ લાભ કરનારો છે એ સર્વ વિવેકથી વિચારવુ ઘટે છે; પણ એક વાર નિર્ણય કર્યો એટલે એને ગમે તે ભોગે વળગી રહેવાની દૃઢતા હોવાની ખાસ જરૂર છે. દુનિયાના સમાન્ય લોકો: જરા પમારો આવ કે સામનો ... બની

જાય છે, નિર્ણયને વિસારી મૂકે છે અને ગોટા વાળવા માંડે છે. મહા પુરૂષ અને સામાન્ય વ્યક્તિમાં આ જ મોટો તફાવત છે. મહાત્મા પુરૂષે ગમે તેટલી અગવડ અને અડચણ પડે કે જીવનસટોસટનો પ્રસંગ આવે તે પણ કરેલ નિર્ણયમાંથી પાછા હટતા નથી. શ્રી વીરપરમાત્માના જીવનનો વિકાસમાર્ગ એવા જ પ્રકારનો હતો. એનો વિશ્વભૂતિ તરીકે જીવનકાળ વિચારીએ કે એનું ત્રિપૃષ્ટ વાસુદેવનું જીવન વિચારીએ તો એની સર્વ કામમાં દઢતા અપૂર્વ હતી એમ જણાઇ આવશે. જે કેળના ઝાડને પ્રહાર કરી સર્વ કોઠાને જમીન પર પાડે, જે સિંહની સામે જઇ એને મુખથી પકડી એનાં જડબાંને તોડી નાખે, એનો આત્મવિશ્વાસ કેવો પ્રખર હશે તે સમજવું મુશ્કેલ નથી. પ્રાણીના જીવનવિકાસની ક્રિડાનું આ સુંદર દૃષ્ટાન્ત છે. દઢ નિર્ણય અને તેને વળગી રહેવાનો એક આગ્રહ જે પ્રાણીને હોય તે જ મનુષ્યજીવનમાં અનુકરણીય કાર્યો કરી સુંદર પરિણામ નીપજાવી શકે છે અને એવું જીવન એ જ ખરૂં જીવન છે. બાકી તો દુનિયામાં દરરોજ અનેક પ્રાણીઓ આવે છે, જાય છે, ખાય છે પીએ છે અને મોત આવે ત્યારે ચાલ્યા જાય છે.

વિશેષ વિચારણા

ચારિત્રના ઘડતરમાં આત્મવિશ્વાસ એ અપૂર્વ વસ્તુ છે. જેને પોતાની જાત ઉપર વિશ્વાસ હોતો નથી તે વારંવાર પરાવલંબન શોધે છે. નાનપણથી ઘણાને પારકા ઉપર આધાર રાખવાની ટેવ પડે છે. શ્રીમંતનાં છોકરાઓને નોકર પર એટલો બધો આધાર રાખવાની ટેવ પડી જાય છે કે એક દિવસ નોકર ન હોય તો એની સર્વ બાબતમાં અવ્યવસ્થા થઇ જાય છે. પોતાની જાત પર જેને વિશ્વાસ હોય તે જ સાહસ કરી શકે છે અને આદરેલ કાર્યને પાર પહોંચાડી શકે છે.

કેટલાંક અર્વાચીન અને જૂના—પ્રાચીન—નાં લખાણથી મોટા ભાગે માણસ [illegible] વાતમાં માને છે [illegible] છે [illegible] નાર્ય [illegible] હતા. કેટલાક તે અર્વાચીન [illegible] કર્મના મર્મ [illegible]

હોય છે ત્યારે તો એકલા જ. તે વખતે તેઓ નોકરોને હુકમ આપતા નથી કે હજુરીઆને હાજર રહેવા કહેતા નથી. કર્મનો સંબંધ આત્મા સાથે હોઇ, એની સામે મોરચા માંડવામાં ટ્રેડનોટો કામ આવતી નથી કે વિમાનમાંથી ગોળા નાખ્યે કામ સરતું નથી; તે વખતે તે એકલો એકાકી કર્મોની સામે થાય છે અને તે વખતે પોતે સિંહ છે, મહાશક્તિશાળી છે, અનંત વીર્યનો ધણી છે. એમ માનીને જ ચાલે છે. પછી તો ડુંગરા, ટેકરા, નદી, નાળાં કે સમુદ્રો એને નડતાં નથી અને આંતરના વિકારો એને અસર કરતા નથી. આત્માનું સ્વયં ઉત્થાન થાય ત્યારે એ ઘણી મોટી મંજલ કાપી નાખે છે અને સડસડાટ પગથિયાં ચઢી જઇ સાધન દ્વારા સાધ્યની સન્મુખ આગળ ધપ્યે જાય છે.

આત્મવિકાસ અને આત્મનિર્ણય.

અતિ સંકીર્ણ જીવનને લઇને શ્રી વીર પરમાત્માના આત્માને બહુ સખ્ત પ્રયાસો કરવા પડ્યા છે તે એમના ઉપસર્ગોના અનેક પ્રસંગોમાંથી જોવા લાયક છે. જે વખતે જેવી જેવી પરિસ્થિતિ ઉત્પન્ન થતી થઇ તે વખતે એને અનુરૂપ અસાધારણ **આત્મતેજ** અને **સહનશીલતા** એ મહાનુભાવ બતાવી શક્યા છે. પ્રત્યેક પ્રાણીના વિકાસમાર્ગો તો લગભગ ભિન્ન ભિન્ન જ હોય છે, પણ સાધ્ય એક હોઇ એને અનુલક્ષીને એ પોતાની ઘટના કરી લે છે. જે સાધનદ્વારા પોતાની સાધ્યસન્મુખતા થાય તે સાધન તે આત્માને હિત કરનારૂં હોય છે તેને એણે બરાબર આદરવું અને તે દ્વારા પોતાની પ્રગતિ કરવી. એણે કદિ પણ અન્યનાં સાધનોની ટીકા કરવી નહિ કે નિંદા કરવી નહિ. કયા પ્રાણીને કયું સાધન કાર્યકર થઇ પડશે તે તેણે પોતાની યોગ્યતા સમજી વિચારીને ગોઠવવું અને જરૂર લાગે ત્યાં યોગ્ય સલાહ આપનાર સુવિહિતની સલાહ લેવી. વાત એક જ છે કે દરેકનું અંતિમ સાધ્ય એક જ હોવું જોઇએ અને તે પ્રાપ્ત કરવામાં **આત્મનિર્ણય, આત્મવિકાસ અને દૃઢ ભાવના** હોવા જોઇએ. શ્રી વીર પરમાત્માનું ચરિત્ર આપણને અનેક સાધનમાર્ગો બતાવે છે, આપણે એજ માર્ગો આદરવા એમ કહેવાનો આશય નથી, પણ એક

સ્થીર મક્કમ પગલે પ્રભુ આગળ વધ્યા. તદ્દન એકલા અને વસ્ત્ર રહિત એ નરપુંગવે યક્ષમંડળ પાસે આવી પોતાની નાસિકા પર બન્ને નેત્રોને સ્થાપી કાયોત્સર્ગ આદર્યું, ધ્યાનમાં એકાગ્રતા કરી અને શુદ્ધ આત્મતત્ત્વનું ચિંતવન શરૂ કર્યું.

સર્પના ફુંફાડા.

થોડી વારમાં ચંડકૌશિક સર્પ ફુંફાડા મારતો ત્યાં આવી પહોંચ્યો. એના જાતિસ્વભાવ પ્રમાણે પ્રભુને દૂરથી જોતાંજ એ પરમાત્મા તરફ ધસ્યો અને ધસતાં ધસતાં તદ્દન નજીક ગયો પ્રથમ દૂરથી દષ્ટિ ફેંકી, અસર ન થઇ. સર્પ જરા ઝંખવાણો તો પડ્યો, પણ એના ક્રોધાગ્નિને એથી વધારે જોર મળ્યું. એ નજીક ગયો, પગે ડંખ માર્યા—એક, બે, ત્રણ, ચાર. દરેક સ્થાનકેથી સફેદ લોહી નીકળ્યું, પણ મનુષ્યના દેહ પર કાંઇ અસર ન થઇ. સર્પ ડંસતો જાય અને ખસતો જાય. મનુષ્યના પડવાથી પોતે દબાઇ જાય એવી શંકા કરીને દૂર જાય વળી પાછો આવે અને ફુંફાડે. ચાર વાર ડંસવાના પ્રયોગ કર્યા, પણ નિષ્ફળતા સાંપડી.

એક વચન અને શાંતિ.

સર્પ ઝંખવાણો પડ્યો, એમ કેમ બન્યું હશે એના વિચારમાં પડી ગયો અને વિસ્મય પામી પ્રભુની સામે જોઇ રહ્યો. મહાવીરે તે વખતે આંખો ઉઘાડી, તેના પર નજર કરી અને મુખેથી માત્ર એટલુંજ બોલ્યા, ' બુઝ! ચંડકોશીઆ! બુઝ! નકામો મોહમાં મુંઝાઇ ન પડ. '

રજૂ કર્યા તે બદલ તેમને કાંઇ ઓછું સહન નથી કરવું પડ્યું, અત્યારનો નવીન માનસ ધરાવતો જૈન, સ્વતંત્ર વિચારક તરીકે સિદ્ધસેનને ભલે ગમે તેટલું મહત્વ આપી ગૌરવ લે, પણ સિદ્ધસેન જ્યારે જીવતા ત્યારે તેમનું માન કેટલું થયું છે તે પરથી જ જૈન સમાજમાં વિચાર સ્વાતંત્ર્યને કેટલી હદે અવકાશ છે એ નક્કી કરવું જોઇએ. વળી આજની સંઘ બહારની પ્રવૃત્તિ જૈનો કેટલા વિચાર સહિષ્ણુ છે એનું માપ કાઢવા બસ નથી શું? જૈનોની પ્રકૃત્તિ સદા શ્રદ્ધાળુ રહી છે. તેથી નવા વિચાર માટે તેમને કદી બહુ આદર થયો હોય એની સાક્ષી ઇતિહાસમાંથી તો શોધી જડે તેમ નથી. બૌદ્ધ આચાર્યોએ બુદ્ધના ઉપદેશને સામે રાખીને જે પ્રસ્થાન ભેદ ઉપજાવી કાઢ્યા છે તે બે ઘડી આજના ઉદ્દામ વિચારકને પણ આશ્ચર્ય મુગ્ધ કરે તેવાં છે. તે બુદ્ધના જ "મારા વચનની પૂરી પરીક્ષા કર્યા પછી જ તેને સ્વીકારજો" એ આદેશને આભારી છે. જૈનાચાર્યો સામે તો સર્વજ્ઞ બેઠા હતા અને પોતે પરમ શ્રધ્ધાળુ થઇને સર્વજ્ઞની સામે ઉપસ્થિત હતા. જૈનોના પ્રસ્થાનભેદ જો કહેવા હોય તો-સાધુ કપડા પહેરી શકે કે નહિ, સંવત્સરી ચોથની કે પાંચમની, એવા બાલીશ લાગતા મતભેદો સિવાય, બીજી મૌલિક ચિંતન વિષયક વસ્તુમાં બહુ થોડા છે. જે કાંઇ ગચ્છના કે પરંપરાના મતભેદો છે, તેમાં એવું કોઇ તત્વ નથી કે તેના પ્રસ્થાપકે પોતાની બુધ્ધિનો ચમત્કાર એ મતભેદના મુદ્દામાં બતાવ્યો હોય. એટલે જૈન ધર્મને વિશ્વધર્મ બનાવવો હોય તો તેના અનુયાયીઓએ પોતે ખૂબ ઉદાર થવું જોઇશે, વિચાર સ્વાતંત્ર્યની છૂટ આપવી પડશે પરંતુ જ્યારે તેઓ તેમ કરતાં શીખ્યા હશે ત્યારે તેઓ રઢ જૈન રહ્યા હશે કે કેમ તે અને કહી શકાય નહિ. વિશ્વધર્મમાં એટલી તાકાત હોવી જોઇએ કે ગમે તેવા ઉદ્દામ વિચારકને પણ એક વાર પોતામાં સમાવી તો લે જ અને પછી તેના વિચારનો સમન્વય કરે. જે ધર્મમાં એ જીવંત સમન્વય શક્તિ ન હોય તે વિશ્વધર્મ કેવી રીતે હો મને તો એ જ સમજાતું નથી.

વ્હેમ અને ધર્મ.

(વ્યાખ્યાતાઃ—પં. નાથુરામજી પ્રેમી.)

મિથ્યા ધારણા, મિથ્યાત્વ, ખોટો વિશ્વાસ, વ્હેમ વગેરે ઘણું કરીને એકાર્થવાચી છે, ખોટી રીતે વિચાર વિનિમયનું પરિણામજ વ્હેમ છે. જ્યારે મનુષ્યને કાર્ય કારણ ભાવનું જ્ઞાન થઇ જાય છે, ત્યારે ત્હેની સોચવાવિચારવાની પદ્ધતિ ઠીક થતી જાય છે, અને તે વ્હેમોથી છુટકારો મેળવે છે.

એક માણસ કોઇ કામે જઇ રહ્યો હતો, ત્હેની આગળ બિલાડી આડી ઉતરી ચાલી ગઈ, માણસ જે કામે ગયો હતો તે કામ સિદ્ધ ન થયું, બસ, ત્હેણે નિશ્ચય કરી લીધો કે બિલાડી આડી ઉતરવાથી કામ સિદ્ધ ન થયું પરંતુ એ વિચાર-પદ્ધતિજ ખોટી છે, કાર્યકારણના નિયમને તે સમજતો નથી, અને એટલેજ એ વિચારી શકતો નથી કે ત્હેનું કામ સફળ નહિ થવામાં "બિલાડીનું આડું ઉતરવું" કેમ કારણ બન્યું? અગર બિલાડી આડી ન ઉતરતી તો ત્હેનું કામ કેમ સફળ થાત, અને આડી ઉતરી તો કેમ ન થયું? આપણી અયોગ્યતા આળસ વગેરે પણ તે નિષ્ફળતાના કારણો હોઇ શકે છે.

બે મનુષ્યોને હૈજા કૉલેરાનો રોગ થયો, ત્હેમાં એક મરી ગયો અને બીજો બચી ગયો, જે બચી ગયો ત્હેને માટે દેવીના પુજારીએ કહ્યું કે મ્હેં ત્હેની રક્ષાને માટે દેવી પાસે પ્રાર્થના અને અનુષ્ઠાન કર્યું હતું. એ સાંભળી પહેલા માણસને વિશ્વાસ બેસી ગયો કે હું દેવીની કૃપાથીજ બચ્યો છું, તે એ વિચારીજ શકતો નથી કે મ્હારો શરીરનો બાંધો અને જીવન-શક્તિ એટલી પ્રબળ દેખાય છે કે જેના ઉપર રોગોનો હુમલો અસર કરી શકતો નથી. મરનારાઓની ઘરની અપેક્ષાએ મારૂં ઘર વધારે સ્વચ્છ છે. અથવા મારી સેવા-સુશ્રુષા વિશેષ સાવધા-

રૂપમાં ગ્રહણ કરવામાં આવતા ગયા, તે સિવાય આમ પણ બન્યું છે કે દરેક ધર્મ કોઈ એક દોષ અથવા અનેક દોષો દૂર કરવા ઉત્પન્ન થયો છે. એટલે ત્હેને પોતાની ત્હમામ શક્તિ એ દોષો દૂર કરવા તરફ ખરચી છે, અને બીજા વ્હેમોની ઉપેક્ષા કરી છે, ત્હેને દૂર કરવા માટે ધ્યાન આપ્યું નથી. ત્હેને અંગે પરિણામ એ આવ્યું કે દુનિયાનો કોઇ પણ ધર્મ વ્હેમ અને મિથ્યાધારણાથી મુક્ત નથી.

બીજી પણ એક વાત છે કે ધર્મોનો ઇતિહાસ આપણને બતાવે છે કે કોઇ પણ ધર્મ પોતાના પ્રવર્તક કે ઉપદેષ્ટાના સમયમાં જે રીતે ઉપદિષ્ટ થાય છે, ત્હેનું તે સ્વરૂપ ચિરકાળ સુધી રહેતું નથી. ધીમે ધીમે દેશકાળની પરિસ્થિતિ અનુસાર જાણ્યે અજાણ્યે ત્હેમાં પરિવર્તન થાય છે. અને કોઇ કોઈ વખત તો એ એટલું વિકૃત બને છે કે ત્હેનું વર્તમાન સ્વરૂપ જોઇને મૂળ સ્વરૂપનું અનુમાન કરવું પણ મુશ્કેલ બને છે. અને સંસારમાં કોઈકજ ધર્મપ્રવર્તક તીર્થંકર યા પેગંબર એવા થયા હોય કે જેની શિષ્યપરંપરા ચિરકાળ સુધી પોતાના આદિ ગુરૂના બતાવેલ માર્ગ પર બરાબર ગમન કરતી રહી હોય! તે સિવાય જ્યારે શિષ્યો અપરિગ્રહી રહી શકતા નથી, પૂજા પ્રતિષ્ઠાના ભૂખ્યા અને સુખ સગવડીયા બની જાય છે ત્યારે તો મૂળ ધર્મની દુર્દશાનો પાર રહેતો નથી.

ઘણે દૂર ન જતાં આપણે મધ્યકાલીન સંતો કબીર, નાનક, દાદુ વગેરેના સાહિત્ય અને ઇતિહાસને તપાસીએ તો ખબર પડશે કે ત્રણસો ચારસો વરસની અંદર ઉપર્યુક્ત સંતોના અનુયાયીઓએ જુદા જુદા વાડા અને પંથ ઉભા કરીને પોતાના ગુરૂઓના ઉપદેશની કેવી કમબખ્તી કરી મૂકી છે.

મહાત્મા કબીર જીવનભર ધાર્મિક સંકુચિતતા અને સાંપ્રદાયિકતા વિરૂદ્ધ યુદ્ધ કરતા રહ્યા. પરંતુ ત્હેમના [illegible] શિષ્યોએ ત્હેમના પુત્ર અને શિષ્ય કમાલના નેતૃત્વમાં એક [illegible] ખડો કરવાનો

પૂર્ણચન્દ્ર બાળક દાદુના સ્વરૂપમાં ઉત્પન્ન થયા અને ત્હેનું લોદીરામ નામના એક નાગર બ્રાહ્મણે પાલન પોષણ કર્યું.

આ દૃષ્ટાંતો તો ત્રણસો ચારસો વરસ પહેલાંના છે. ઘણા પૂરાણા નથી. તેથી આપ અનુમાન કરી શકશો કે જે ધર્મસંસ્થાપકો હજારો વર્ષ પહેલાં થઈ ગયા છે ત્હેમના વિષયમાં કેટલી અદ્‌ભૂત વાતો ગુંથાણી હશે! અને ત્હેમના સજીવ સિદ્ધાંતોને કેટલા વિકૃત બનાવી દીધા હશે.

ઈસા મસીહ કુમારિકાના ગર્ભમાં ઉત્પન્ન થયા. બુદ્ધ ભગવાનનો જન્મ થતાંજ સમસ્ત સંસાર પ્રકાશિત થઇ ગયો, બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ સ્વયં ઉપસ્થિત થયા. ભગવાન મહાવીર બ્રાહ્મણીના ગર્ભમાંથી અપહરણ થઈ ત્રિશલા ક્ષત્રિઆણીના ગર્ભમાં મૂકવામાં આવ્યા. ત્હેમના જન્મ સમયે ઈન્દ્રાદિ દેવો આવ્યા, અંગુઠાથી સુમેરૂ કંપાયમાન થયો, હનુમાનજી સૂર્યના ગોળાને ગળી ગયા, કૃષ્ણચંદ્રે ગોવર્ધન પર્વત ઉઠાવ્યો, રામચંદ્રના જન્મકાળમાં અને કૃષ્ણની રાસલીલા વખતે સૂર્ય ચંદ્ર મહિનાઓ સુધી સ્થિર પડયા રહ્યા. આવા પ્રકારની ચમત્કારિક ઘટનાઓ ઘણું કરીને દરેક ધર્મમાં મળે છે. અને દરેક ધર્મના અનુયાયીઓ ત્હેને યુક્તિ પ્રયુક્તિથી સિદ્ધ કરે છે.

મ્હારો વિશ્વાસ છે કે જૈનધર્મ પોતાના સમયનો બહુ પરિષ્કૃત સંશોધિત અને સદસદ્વિવેકપૂર્ણ ધર્મ હતો. ત્હેણે વ્હેમો અને મિથ્યા ધારણાનો બધાથી અધિક વિરોધ કર્યો હતો. અને પોતાનો પાયો સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન, અને સમ્યક્ ચારિત્ર ઉપર નિર્ભર કર્યો હતો. સ્વામી સમન્તભદ્ર કહે છે કે હું પ્રાણીઓને દુઃખથી છોડાવીને ઉત્તમ સુખમાં લઇ જવાવાળા સમીચીન (સારા) ધર્મનો ઉપદેશ કરીશ. અને સાચી દૃષ્ટિ, સાચું જ્ઞાન અને સચું આચરણ એજ સમીચીન ધર્મ છે. આ ત્રણે બાબતો ધર્મની ઉત્તમમાં ઉત્તમ કસોટી છે. હું સમજું છું કે આ વિજ્ઞાનયુગમાં પણ સારા ધર્મની આથી સારી વ્યાખ્યા થઇ શકે નહિ

ઉપર્યુક્ત સાચી દૃષ્ટિની પ્રાપ્તિ માટે લોકમૂઢતા, ગુરુમૂઢતા, અને દેવમૂઢતા એ ત્રણે મૂઢતાઓ દૂર કરવી જોઇએ. અને જેવી રીતે પહેલાં કહેવાયું છે તેમ સંસારમાં જેટલા વ્હેમ અને મિથ્યા વિશ્વાસ છે તથા આ મૂઢતામાં આવી જાય છે, આવી સ્થિતિમાં એ વાત જોરથી કહી શકાય છે કે જ્હેને સાચી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે તે વ્હેમોથી પર થઇ જાય છે. હવે સમ્યક્ જ્ઞાનનું સ્વરૂપ જુઓ.

अन्यूनमनतिरिक्तं याथातथ्यं विना च विपरीतात् ।
निस्संदेहं वेद यदाहु तज्ज्ञानमागमिनाम् ॥

અર્થ—ઓછું નહિ અને વધારે પણ નહિ, સીધી રીતે જેવું હોય તેવું વિપરીતતા વગર અને સંદેહ વગર જાણવું તેજ ખરું અગર સમ્યક્જ્ઞાન છે.

આથી સ્પષ્ટ થાય છે કે જૈનધર્મ કોઇ પણ પ્રકારના મિથ્યા જ્ઞાનને અને વ્હેમને આશ્રય આપતો નથી. સમ્યક્ જ્ઞાન વિજ્ઞાનનું વિરોધી નથી અને તે માટે તે ઓછામાં ઓછો પોતાના મૂળ રૂપમાં વિજ્ઞાનસમ્મત ધર્મ કહી શકાય છે.

હવે પ્રશ્ન એ ઉઠે છે કે જેના દર્શન અને જ્ઞાનનું સ્વરૂપ આટલું નિર્મળ અને વિજ્ઞાનસમ્મત છે, તેમાં પણ આટલા બધા વ્હેમોને સ્થાન કઇ રીતે મળ્યું ? અને વ્હેમ વિજ્ઞાનવિરૂદ્ધ વાતો ક્યાંથી આવી !

ત્હેના અનેક કારણો છે. સૌથી પહેલું તો એ છે કે મહાપુરૂષની વાણીને ત્હેના અનુયાયીઓ યથાર્થ સ્વરૂપમાં ધારણ કરી શકતા નથી. તેઓ ત્હેના મર્મને, રહસ્યને નહિ પણ શબ્દોને વળગે છે. અને ત્હેમની શિષ્ય-પરંપરા દેશ કાળની પરિસ્થિતિને અનુકૂળ પોતાની સગવડ માફક અર્થ કરવા મંડી પડે છે. એટલે પ્રત્યેક મહાપુરૂષના તિરોધાન પછી ત્હેના અનુયાયીઓમાં મતભેદ ઉભા થાય છે અને પછી તે સંપ્રદાયનું રૂપ ધારણ કરે છે. એ સંપ્રદાયો પોતાના મતનો કદાગ્રહ

એટલા બધો પ્રબળ હોય છે કે ત્હેમનામાં Compromise યા સમજુતીની શક્તિ નષ્ટ થઇ જાય છે. અને તેઓ મૂળ વસ્તુની ખાના ખરાબી કરી નાંખે છે. તેરમી શતાબ્દિના એક ગ્રંથકર્તાએ જૈનધર્મની દુર્દશાના સંબંધમાં એક પુરાણો શ્લોક ઉધ્ધૃત કર્યો છે.–

पंडितैर्भ्रष्टचारित्रैः बठरैश्च तपोधनैः ।
शासनं जिनचंद्रस्य निर्मलं मलिनीकृतम् ॥

અર્થઃ–ભ્રષ્ટ આચરણી પંડિતો અને રીઢા સાધુઓએ નિર્મળ એવા જિનશાસનને મલિન બનાવી મૂક્યું છે.

પાડોસના પ્રત્યેક ધર્મો તથા જનસમાજની અભિરૂચીનો પણ ધર્મ ઉપર પ્રભાવ પડે છે. અને તેથીજ વર્ણભેદ અને જાતિભેદનું બીજ જૈનસમાજના શરીરમાં પ્રવેશ્યું છે. બુદ્ધ અને ઇસાઇ પણ ત્હેનાથી બચ્યા નથી.

જે ધર્મના અનુયાયીઓની સંખ્યા ઓછી હોય છે અથવા ઓછી થતી જાય છે ત્હેણે પોતાના અસ્તિત્વની રક્ષાને માટે પોતાના પાડોશી ધર્મની ઘણી ખરી બાબતો લેવી પડે છે અને ત્હેની સાથે ઘણા વ્હેમોનું આગમન થાય છે સેંકડો પ્રકારના દેવી દેવતાઓ તેથીજ જૈન ધર્મમાં ઘુસી ગયા છે. અને હવે તો તે એટલા બધા મજબૂત બની ગયા છે કે કોઈ રીતે હઠી શકે તેમ નથી. મૂળ સિદ્ધાંતો સાથે પણ ત્હેમનો અનિવાર્ય સંબંધ જોડી દેવાયો છે.

ઘણું કરીને પ્રત્યેક ધર્મના અત્યંત શ્રદ્ધાળુ ભક્તો દ્વારા એવું કથા-સાહિત્ય ઉત્પન્ન થાય છે કે જેનો ઉદ્દેશ ધર્મનો મહિમા વધારવાનો હોય છે, ત્હેમાં કેટલીક અલૌકિક ચમત્કારપૂર્ણ વાતો તેજસ્વી વાણીમાં કહેવાય છે કે જે આગળ જતાં સત્ય અને તથ્ય બની જાય છે. અને ત્હેનું મજબૂત રીતે પ્રતિપાદન થવા લાગે છે.

દરમ્યાન ભૂગોળ અને ખગોળ સંબંધમાં આ યુગમાં જ્યારે નવી નવી શોધખોળો પૂરી ઝડપમાં રહેવા આવતી જોઈ (હસ્તામલકવત્) થઈ રહી છે અને ખગોળના સંબંધમાં વિજ્ઞાનની નવી નવી શોધો હમેશાં બાબત ઉપર પ્રકાશ ફેંકાતી રહી છે ત્યારે જૈન સાહિત્યમાં પ્રાચીન જે સ્વરૂપ બતાવ્યું છે તેના ઉપર આક્ષેપો થાય છે, પરંતુ હવે એને કેવળ જૈન ધર્મને બતાવનાર નથી પરંતુ બ્રાહ્મણધર્મના પુરાણ ભૂગોળની પણ એમજ દશા છે. અહીં ઉપર વખત પહેલાં ભૂગોળ અને ખગોળના સંબંધમાં તે સમયના લોકોમાં જે ધારણા હતી, તેજ થોડા રૂપાન્તર સાથે લિપિબદ્ધ કરવામાં આવી. અને જૈન સાહિત્યમાં ત્હેના ઉપર સર્વજ્ઞકથિત હોવાની છાપ લગાવી દીધી, પરિણામે ત્હેમાં અત્યાર સુધી કંઈ પરિવર્તન કરવામાં આવ્યું નહિ, અને એ ભૂલી જવામાં આવ્યું છે કે અન્યૂન, અનતિરિક્ત, યથાતથ, અવિપરીત—અધિક નહિ તેમ વધારે પણ નહિ સીધી રીતે જેવું હોય તેવું ધર્મનું મૂળભૂત સમ્યક્ જ્ઞાન છે

જૈન કથાસાહિત્યને આપ જરા બારીકીથી તેમજ તુલનાત્મક દૃષ્ટિથી વાંચશો તો જણાશે કે ત્હેના લોકપ્રસિદ્ધ અસંભવ અને અવૈજ્ઞાનિક કથાઓનું ઘણું રીતે ખંડન કરેલ છે પઉમચરિયં (પદ્મપુરાણ) ની ભૂમિકામાં જ્યારે રાજા શ્રેણિક રામચરિત્ર સાંભળવાની ઇચ્છા પ્રગટ કરે છે ત્યારે કહે છે કે લોકોમાં જે કથા પ્રસિદ્ધ છે તે જુઠ્ઠી, ઉપપત્તિ વિરુદ્ધ અને અવિશ્વસનીય છે ત્હેના ઉપર વિદ્વાનો શ્રદ્ધા રાખતા નથી.

अलियंपि सव्वमेय उववत्तिनिरुद्धं पच्चयगुणेहिं ।
नय सद्दहंति पुरुसा हवंति जे पंडिया लोए ॥

એટલા માટે આપ વાસ્તવિક રામચરિત્ર સંભળાવો! ત્યારે જૈન રામાયણ કહેવામાં આવ્યું ત્હેમાં સીતા ઘડામાંથી નહિ પણ રાજા જનકની રાણીના ગર્ભથી ઉત્પન્ન થઈ હનુમાન પવનના પુત્ર નહિ પણ પવન યા પવનંજય રાજાના પુત્ર થયા. રાવણ રાક્ષસ અને હનુમાન

વાંદરા નહિ પણ તે તે તે નામના વંશોમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો કહેવામાં આવ્યા. એવી રીતે મહાભારતની કથાઓને પણ જૈન હરિવંશપુરાણમાં સંસ્કારિત રૂપ આપવામાં આવ્યું. ત્હેમાં પણ ઘણી અલૌકિક અતિમાનવ અને નહિ માનવાલાયક અસંભવ વાતોને કાઢી નાંખવામાં આવી.

હરિભદ્રસૂરિનું ધૂર્તાખ્યાન અને અમિતગતિસૂરિની ધર્મપરીક્ષા એ બે ગ્રંથો એ બાબતની સાબીતિ આપે છે કે જૈન વિદ્વાનોને લોકપ્રચલિત સાહિત્યની અસંભવ અને નકામી વાતો ઉપર કેટલી ચીઢ હતી? ત્હેમાં ગણેશજીનું મેલમાંથી ઉત્પન્ન થવું, હાથીનું શીર લગાવી દેવાનું, શેષનાગ ઉપર સુતેલા વિષ્ણુના નાભિકમળમાંથી બ્રહ્માનું પ્રગટ થવું, વગેરે સેંકડો અસંભવ વાતોની ખૂબ હાંસી કરવામાં આવી છે એટલે એ ચોક્કસ અનુમાન બાંધી શકાય કે તેઓ અલૌકિક અને ચમત્કારિક વાતોમાં વિશ્વાસ કરવાના ખૂબ વિરોધી હતા. આમ હોવા છતાં પણ જૈન સાહિત્યમાં આજે આપણે એવી બાબતો જોઇએ છીએ કે જેના ઉપર વિશ્વાસ રાખી શકાતો નથી. પાંચસો ધનુષ્યના શરીર, એક લાખ જોજનનો ઐરાવત હાથી, હજાર હજાર જોજનના જળકળશોદ્વારા ભગવાનનો અભિષેક, દ્વારિકાના છપ્પન કરોડ જાદવો, ભગવાનના પાંચે કલ્યાણકોમાં દેવતાઓના આગમન, ચક્રવર્તીની છન્નુ હજાર રાણીઓ, ચોરાસી લાખ હાથી, અઢાર કરોડ ઘોડા, વગેરે, એવી બાબતો છે કે જે અતિશયોક્તિ અલંકારમાં તો ખપી શકે છે, પરંતુ સત્યથી વેગળી છે.

આવા પ્રકારનું કથા-સાહિત્ય તો અપેક્ષાકૃત પુરાણું છે. ત્યારપછી જૈન ગ્રંથકારોએ એવું સાહિત્ય ઉત્પન્ન કર્યું કે જેથી જૈન ધર્મના અનુયાયીઓ વ્હેમો અને મિથ્યા ધારણામાં ઘણી ખરાબ રીતે ફસાયા છે. વર્તમાન જૈન સમાજ આ વિષયમા કોઇનાથી પછાત નથી. આવા પ્રકારના નમુનાઓ જોવા હોય તો ભક્તામર-સ્તોત્ર ઉપર શ્વેતાંબર તથા દિગંબર સંપ્રદાયોના જે ટીકા ગ્રંથો લખાયા છે તે વાંચો! ભક્તામર-સ્તોત્ર શ્રીમાનતુંગસૂરિનું બનાવેલ એક પ્રસાદ ગુણયુક્ત શુદ્ધ સ્તોત્ર છે. પરંતુ

તેના એક એક શ્લોકની સાથે એક એક મંત્ર જોડી દેવામાં આવ્યો છે જેને લાખ લાખ અને પચાસ પચાસ હજાર વાર વિધિ વિધાન સહિત જપવાથી દુનિયામાં એવી કોઈ ચીજ નથી કે જે ન પ્રાપ્ત થઈ શકે કોઈ કોઈ કથા કથામાં તો ગુરુ ગુરુ સાથ ઉડ્યો તેજ ઉપર્યુક્ત કથાઓમાં બતાવવામાં આવે છે ત્યારે માનતુંગસૂરિને રાજા ભોજે (જોકે માનતુંગસૂરિ અને ભોજ કરતા ઘણા કાળ પહેલાં થઈ ગયા છે) ચુમાલીસ અથવા અડતાલીસ બેડીઓ* પહેરાવી જેલમાં પૂર્યા, એટલે શ્રી માનતુંગસૂરિએ ભક્તામર સ્તોત્રની રચના કરી તેનું પાઠ કર્યું, તેથી બેડીઓ તડાતડ તૂટી ગઈ અને જેલની બહાર આવ્યા. માનતુંગ અને કાલિદાસને પણ એક સ્થળે ગણી દીધા છે (જોકે એ બન્નેના સમયમાં સેકડો વર્ષોનું અંતર છે) જેમાં માનતુંગ ચક્રેશ્વરી દેવીને બોલાવે છે, જ્યારે કાલીદાસ કાલીને બોલાવે છે અને પછી બન્ને દેવીઓમાં ધમસાણ મચે છે

જ્યારે દિગંબર અને શ્વેતાંબર સાધુ વનવાસને છોડીને મઠવાસી થયા ત્યારથીજ આવા પ્રકારના સાહિત્યની ઉત્પત્તિ થઈ છે અને ત્હેમનાથી આવી બાબતોનો પ્રચાર પણ ઘણો થયો છે ત્હેમના અનુયાયીઓમાં એ દૃઢ વિશ્વાસ હતો કે આ મંત્ર તંત્રના પ્રભાવથી જતિઓ અને ભટ્ટારકોની પાલખીઓ અધર ચાલતી હતી કુમુદચંદ્રની સ્તુતિના પ્રભાવથી અમાવાસ્યાની રાત્રિએ પૂર્ણિમાનો ચંદ્ર ઉગ્યો હતો ધનંજય શેઠના વિષાપહારસ્તોત્રના પાઠથી ત્હેમના પુત્રને ચઢેલું સાપનું ઝેર ઉતરી ગયું હતું. સ્વયંભૂસ્તોત્રના પાઠથી શીવલિંગ ફાટ્યું હતું અને ત્હેમાથી ચંદ્રપ્રભુની મૂર્તિ નીકળી હતી મક્ષી પાર્શ્વનાથનું મંદિર તોડવા માટે પ્રહાર કરવામાં

* શ્વેતાંબર સંપ્રદાય અનુસાર ભક્તામરના ચુમાલીશ પદો છે અને દીગંબર-સંપ્રદાય અનુસાર અડતાલીશ છે એટલે બેડીઓ પણ ચુમાલીશ યા અડતાલીશ હોવી જોઈએ

આવ્યો હતો, હેમાંથી દૂધની ધારા નીકળી અને બાદશાહ મુસ્કેટાટ બંધાયો. અકલંક દેવે બૌધ્ધ ધર્મની તારા દેવી સાથે શાસ્ત્રાર્થ કરી વિજય મેળવ્યો હતો. ગીરનાર પર્વત ઉપર શ્વેતાંબર દીગંબરના સ્વામિત્વનો નિર્ણય એક દેવી દ્વારા કરવામાં આવ્યો હતો. અમુક દેવીએ અમુક નગરમાં મરકી ફેલાવી હતી. અને તે મંત્ર તંત્રથી દૂર થઇ હતી. વગેરે વગેરે.

ભટ્ટારકો અને યતિઓ પાછળથી તો માદળીયા બાંધવા, મંત્રથી ઝાડો નાંખવો, જ્યોતિષ અને સામુદ્રિક શાસ્ત્રથી લોકોનું ભવિષ્ય બતાવવું, દવાઓ આપવી વગેરે કામો ધંધાદારી રીતે કરતા હતા, ધર્મોપદેશ કરતાં ઉપરોક્ત ચમત્કારોથી ત્હેમની પૂજા-પ્રતિષ્ઠા અધિક થતી હતી. તેઓ પાલખીમાં નીકળતા, સિંહાસનાધીશ્વર કહેવાતા. ત્હેમના આગળ ચોપદારો ચાલતા હતા, રાજા લોકો પણ ત્હેમની સેવામાં હાજર થતા હતા. વ્હેમોના કિચ્ચડમાં ફસાવવાને આ લોકોએ બધાથી અધિક કાર્ય કર્યું છે, અને જૈન ધર્મને વર્તમાન સ્વરૂપમા મૂકવાનું શ્રેય ત્હેમણેજ પ્રાપ્ત કર્યું છે.

વર્તમાન જૈનોને જોઇને કોઇ એ વિશ્વાસ કરી શકે નહિ કે એ લોકો કોઇ પરિષ્કૃત, બુદ્ધિવાદી ધર્મના અનુયાયી છે. ઇશ્વર કર્તૃત્વમાં ન માનવા છતાં પણ પોતાના દુઃખોને ટાળવા અને સુખી થવા માટે તે પાડોશીઓનુંજ અનુકરણ કરી રહ્યા છે. પાડોશીઓના જીવન ભરના પાપ ગંગા સ્નાનથી ધોવાઇ જતાં હોય તો ત્હેમાના શત્રુંજય યા સમ્મેત શિખરજીની યાત્રાથી પ્રત્યેક પાપ નષ્ટ થાય છે. પદ્માવતી અને ક્ષેત્રપાલ આદિ શાસન દેવો સંકટ સમયે ત્હેમને સહાયતા કરે છે. અને જૈન મંત્રના જાપથી ઇચ્છિત ધન પ્રાપ્ત કરવામાં અને શત્રુઓનો નાશ કરવામાં સમર્થ થાય છે. ત્હેમના તીર્થો ઉપર કેશરની વર્ષા થાય છે. મૂર્તિઓ અંતરિક્ષમાં રહે છે. ઘણી મૂર્તિઓ ભક્તોને સ્વપ્ન આપી

જમીનમાંથી જાગ નિકળવાની ઈચ્છા પ્રગટ કરે છે. અને ઘણી લોકોને પહોંચે આવે છે.

ઉપર્યુક્ત બધી બાબતોનું મૂળ અજ્ઞાન છે. અજ્ઞાનના ઘોર અંધકારમાં બધાય ધર્મતત્ત્વો વિકૃત રૂપ ધારણ કરી લે છે. અને ત્હેના સ્થાનમાં વિવિધ પ્રકારના વ્હેમો આવી જમાવી લે છે. તે માટે સૌ પહેલાં જનતાની અજ્ઞાનતા દૂર કરવાની આવશ્યકતા છે. દેશના શિક્ષિત નવ યુવાનો કે જે અમારા ભવિષ્યના નિર્માતા છે ત્હેમનું પ્રથમ કર્તવ્ય છે કે તે સ્વામી સમંતભદ્રના શબ્દોમાં અજ્ઞાન અંધકારને દૂર કરી સાચા ધર્મની પ્રભાવના કરે, જ્યાં સુધી જનતા અજ્ઞાનમાં પડી છે ત્યાં સુધી કદિ પણ તે વ્હેમોથી મુક્ત થશે નહિ, અને જ્યાં સુધી વ્હેમોનો નાશ નહિ થાય ત્યાં સુધી પોતાના પગ ઉપર ઉભી રહી શકશે નહિ અને સ્વરાજ્યની યોજના સંપાદન કરી શકશે નહિ.

લોકોના અજ્ઞાન અને જડતાને દૂર કર્યા સિવાય ધર્મરક્ષાની બાંગ પૂકારે છે તે કાંતો મૂર્ખ છે અથવા ધૂર્ત છે. કમમાં કમ આપણા યુવક વર્ગે એ સમજી લેવું જોઇએ અને બીજા બધાં કામ છોડી આ કામમાં લાગી જવું જોઇએ.



મ. ગાંધીજી—કેટલાક ધાર્મિક વિચારો.

(આખ્યાતાઃ—શ્રી. મોહનલાલ દલીચંદ દેશાઈ.

બી. એ. એલ એલ બી. એડવોકેટ.)

ગાંધીજી **"वसुधैव कुटुंबकम्"** એવી દશાને પામેલા વિશ્વપ્રેમી મહાત્મા છે. જગતના ભાગ્ય વિધાતા-જગતના મહાન્ પુરૂષ છે. ભારતના અપૂર્વ અપ્રતીમ દિવ્ય પુત્ર છે કે જેણે હિન્દના અસંખ્ય જનો પર પોતાની પ્રભાભરી અજબ છાપ પાડી છે. ભારતવર્ષના તેઓ મિત્ર માર્ગદર્શક અને દૃષ્ટા (Friend, Guide and Philosopher) છે. તેમની ચૈતન્ય શક્તિ સુતેલામાં જાગૃતિ આણે છે, તેમનામાં પ્રેરણાનું પરમ સામર્થ્ય છે, તેમનો નિષ્કામ ત્યાગ કીર્તિને ઇચ્છતો નથી, કોઈ ભોગેચ્છા સેવતો નથી. ઓછામા ઓછુ લઇ વધુમાં વધુ જનસમાજને આપનારો તે સાધુ-એવા તે છે. મહાન્ સત્તા, શસ્ત્રાસ્ત્ર, તુરંગ, અપમાન કે ખુદ મૃત્યુ પણ તેમને પોતાના પરમાર્થ કાર્યથી કે સ્વીકારેલા સિદ્ધાંતથી અટકાવી શકે નહિ એવી તેમની નિર્ભયતા છે. ભવિષ્યમાં જગતને નવીન વલણ આપવાના કાર્યમાં તે અતિ મહત્ત્વની ભૂમિકા ભજવ કરશે એ નિર્વિવાદ છે.

તેમનો ઇંદ્રિયનિગ્રહ, સંયમ જબરો છે. સૂત્રકૃતાંગમાં કહ્યું છે કેઃ—

कोहं च माणं च तहेव मायं। लोभं चउत्थं अज्झत्थदोसा।
एआणि वंता अरहा महेसी। ण कुव्वइ पाव ण कारवेइ॥

"ક્રોધ, માન, માયા તથા લોભ એમ ચાર પ્રકારના અધ્યાત્મ-દોષ છે, તેઓનો ત્યાગ કરીને અર્હંત્ અથવા મહર્ષિ થવાય છે કે જે પાપ (સાવદ્ય અનુષ્ઠાન) કરતા નથી તેમ (અન્ય પાસે) કરાવતા નથી."

એટલે કે ક્રોધાદિ કષાયને જીતવામાં મહોદિન ઉપયોગવાળા રહેનાર એ મહર્ષિ થવાને યોગ્ય છે. ને સત્યની નિશ્રાએ સદા ચાલનાર હોય સંસાર સાગરને વહેલા તરી જશે, કારણ કે જિનાગમમાં કહ્યું છે કેઃ-

सच्चस्साणाए उवट्ठिए मेहावी मारं तरइ

— સત્યની આજ્ઞાથી ઉભો થયેલો બુદ્ધિમાન પુરૂષ સંસાર સમુદ્રને તરી જાય છે.

મહાત્માજી એક વ્યક્તિ માત્ર છે. એમ નહિ, પણ તે એક મોટી સંસ્થા (Institution) છે, જગતને અનેક સદેશા પાઠવે છે, ભારતને અનેક પાઠો શીખવી ટટ્ટાર કરે છે, નિર્ભય બનાવે છે, દેશ માટે-ધર્મ માટે પ્રાણ આપનાર એવા અનેક વીરોને ઉત્પન્ન કરે છે. વિચારો સર્જે છે અને તે સ્પષ્ટાકારે મુસદ્દીપણું બનાવ્યા વગર-દ્વિઅર્થીપણાને સ્થાન આપ્યા વિના બોલે છે, લખે છે. ભાષામાં વાક્છટા કે વાક્પટુતા નહિ પણ આંતરિક પ્રેરણામય ઉદ્ગારો નીખાલસતાથી નીકળે છે અને તેથી લોકો પર સચોટ છાપ પડે છે.

તેમની વિશિષ્ટતાઓ-

૧ તેમણે લોકોને માથે સસ્તી, સ્વચ્છ, અને શ્વેત ખાદીની ટોપી પહેરાવી કે જેને "ગાંધી ટોપી" (Gandhi cap) કહેવામાં આવે છે

૨ અંગ્રેજી ભણેલાઓનો અંગ્રેજી પહેરવેશ પ્રત્યેનો મોહ દૂર કર્યો અને તેમને અસલી સાદા પહેરવેશ પ્રત્યે વાળ્યા.

૩ યંત્રવાદના ભીષણ પરિણામોથી બચવાનો સાવચેતીનો સૂર કાઢી રેંટીઓ-ખાદીની ઘેર ઘેર આણ ફેરવી.

૪ મહાન સત્તા સામે નિ:શસ્ત્ર સામનો કરવા માટે પ્રજાને અહિંસામય અને શાંતિમય શસ્ત્ર નામે અસહકાર-સત્યાગ્રહ આપીને પ્રજાને નિર્ભય અને સ્વમાનશીલ બનાવી

૫ રાષ્ટ્રભાષા તરીકે હિન્દીનો પ્રચાર કરી હિન્દના જુદા જુદા પ્રાંતો વચ્ચે રહેલો ભેદભાવ દૂર કર્યો.

૬ પ્રજાજીવનમાં શુદ્ધ ચારિત્ર, ત્યાગ–સંયમને સ્થાન આપ્યું, આત્મશુદ્ધિ પર ખૂબ ભાર મૂક્યો **શઠં પ્રતિ શાઠ્યં** નહિ, પણ **શઠં પ્રતિ સત્યાગ્રહં** એ પાઠ ભણાવ્યો અને પ્રજા હિતાર્થે સ્વાર્પણનો ધર્મ નેતાઓને શીખવ્યો.

૭ માત્ર ઠરાવો કરી 'અરજી અને વિનવણી કરતી રાષ્ટ્રસભાને સ્વાવલંબી કાર્ય કરતી પ્રાણવાન જીવંત સંસ્થામા ફેરવી નાંખી.

૮ સામાજિક અસમાનતાઓ, જાતિ ભેદ, અસ્પૃશ્યતા અન્યાય છે તે બતાવી અસ્પૃશ્યતા–નિવારણનાં ચારે બાજુ આંદોલનો કર્યાં.

૯ સ્ત્રીઓ–ખેડુતો અને મજૂરોનું સંગઠન કરી કરાવી તેના દુઃખમાં ભાગ લીધો અને ગરીબ અને શ્રીમંતોનો, કીસાન અને જમીનદાર વર્ગોનો સમન્વય સાધ્યો.

૧૦ ગ્રામ્ય ઉદ્યોગોનો ઉદ્ધાર કરવાની ચળવળ ઉપાડી.

૧૧ તેના ચઢતે રાજકારણમાંજ નહિ, પણ ખોરાક, આરોગ્ય, વ્યાયામ, અર્થકારણ, ધર્મ, સમાજ, ભાષા આદિ સર્વ વિષયોમાં પોતાના પ્રેરણામય વિચારો એક ધર્મજિજ્ઞાસુ–મહર્ષિ કહેતા હોય તેમ વિના સંકોચે સ્વતંત્રતાથી જણાવ્યા. આ સર્વમાં ધર્મદષ્ટિ ઓતપ્રોત રહેતી. એક વખતે પોતે કહ્યું છે કે "બહારથી ધર્મજિજ્ઞાસુ તરીકે જણાતા અનેક પુરુષો અંદરથી રાજપ્રકરણી હોય છે, ત્યારે બહારથી રાજપ્રકરણનો સ્વીકાર કરવા છતાં પણ અંતરમાંથી હું ધર્મજિજ્ઞાસુ છું.' વળી 'રાજપ્રકરણી વિષયો સાથે ધર્મને કે સંસારસુધારાને સંબંધ નથી એ વિચાર અયોગ્ય છે' એમ સ્પષ્ટ જણાવ્યુ છે

૧૨ સર્વ વિષય–બાબતમાં તેમણે અહિંસા અને સત્યને પ્રાધાન્ય આપ્યું છે અને પોતાના [illegible] અને આત્મબળથી લોકોની સેવા

ટકવામાં પોતાનું સત્ત્વ આપી કોઇ નેતાએ હજુ સુધી મેળવી નથી એટલી બધી કીર્તિ લોકપ્રીતિ મેળવી છે વગેરે વગેરે.

ગાંધી યુગ—તેમણે છેલ્લા ૧૫-૨૦ વર્ષમાં ભારતમાં મહાન ક્રાંતિ કરી પોતાનો યુગ પ્રવર્તાવ્યો છે-તેઓ યુગપ્રવર્તક બન્યા છે. એથી આ યુગ તેમના નામથી-ગાંધી યુગ તરીકે વાસ્તવિક રીતે ઓળખાય છે.

આ યુગમાં આપણે જન્મ્યા છીએ તેથી આપણે આપણી જાતને ધન્ય માનવી ઘટે છે. મહાપુરુષો કેવા હશે, કેવી રીતે ખાતા પીતા-વિચરતા હશે, ઉપદેશતા હશે, ધર્મ પાળતા હશે, લોકો પર પ્રભાવ પાડતા હશે, પ્રજાને ઉન્નત બનાવતા હશે તેનું પ્રત્યક્ષ તાદૃશ દૃષ્ટાંત-ઉદાહરણ વર્તમાનમાં આપણને આ મહાત્માજી પૂરું પાડે છે.

અર્હંતો, મહર્ષિઓ થઇ ગયા. તેમણે વિશ્વપ્રેમ બતાવ્યો-પ્રેર્યો-ઉપદેશ્યો પણ તે ધર્મ કારણે, ધર્મવીરો તરીકે, પોતાના ધાર્મિક સમૂહમાં પણ જેણે રાજકારણમાં અહિંસાતત્ત્વને મૂકી રાજપ્રકરણી નેતા તરીકે પ્રભાવ બતાવ્યો હોય તે આ એકજ છે.

એક કવિ કહે છે તેમ ઇચ્છીએ કેઃ—

જગતથી દૂર નિજ ધર્મ જીવન મહીં,
પ્રેમ-પથ બુદ્ધ **મહાવીર** આપ્યો.
જગત સમુદાયમાં રાજ્યના કાર્યમાં,
એહ સદેશ અધુરો રહ્યો'તો.
કિન્તુ સર્વાંગ જીવન વિષે તેં કરી,
પ્રેમના તત્ત્વની કાર્ય-ઘોષ,
(એ) તત્ત્વ ઝીલાવવા વર્ષ શત જીવ, ઓ
પ્રેમ સાધન ભર્યા દિવ્ય ડોસા!

તેઓ ઓછામાં ઓછા શત વર્ષ જીવો, પોતે તરી જાઓ અને આપણને તારી જાઓ.

આધુનિક યુગકારોમાં-મહાન લેખકો-વક્તાઓમાં સૌથી વધારે મને અને ઘણાંને ગાંધીજી પ્રિય લાગે છે. તેમનું કથન, વ્યાખ્યાન અને લખાણમાંથી ઘણી પ્રેરણા મળે છે, જીવનને સચ્ચારિત્રવાળું ઘડવામાં, મનને વિકારહીન અને નિર્મળ બનાવવામાં બહુ નિમિત્તભૂત થાય છે. એ એક દીવા દાંડીની ગરજ સારે છે. તેમના ગ્રંથોનો-લખાણોનો સંગ્રહ કરી વાંચી મનન કરતા રહેવું અને તેમના વિચારરત્નોને હૃદયમાં સ્થાન આપતા રહેવું; એથી ઘણો લાભ થશે.

તેમના પર જૈન ફિલસુફ શ્રીમદ્ રાજચંદ્રની જરૂર અસર પડી છે. અહિંસા અને અનેકાંતવાદ એ બે જૈન ધર્મના મૂળગત અને સનાતન પાયા છે. એ બંનેએ ગાંધીજી પર ભારે પ્રભાવ પાડ્યો છે. (આથી મેં ૫-૮-૧૯૨૩ ને દિને "જૈન દષ્ટિએ મહાત્મા ગાંધી" એ વિષય પર જાહેર ભાષણ શ્રી મુંબઈ માંગરોળ જૈન સભામાં આપ્યું હતું. જુઓ માસિક જૈનયુગ. પુ. ૫ અંક ૧ થી ૩) સત્યશોધક તરીકે-તત્ત્વગવેષક તરીકે જુદા જુદા દષ્ટિબિન્દુથી વિચારકરી નિર્ણય બાંધવામાં અનેકાંતદષ્ટિએ પ્રધાન ભાગ ભજવ્યો છે. તેમના ધાર્મિક વિચારો 'ધર્મમંથન' એ નામના પુસ્તકમાં બહાર પડયા છે. તે આપ સૌ અને ખાસ કરી આપણો યુવકવર્ગ વાંચશે તો ઘણો અંતર પ્રકાશ પડશે.

'અહિંસા પરમોધર્મ' જેનું મૂળ છે એવા જૈન ધર્મના કેટલાક અનુયાયીઓમાં આ અહિંસા ધર્મના પયગંબરને હૃદયમાં સ્થાન અપાયું નથી એ અફસોસનો વિષય છે. આ મહાન વિભૂતિને ગાળો દેવા-તેની નિંદા કરવાની હદ સુધી કેટલાક જતા જોવામાં આવે છે તેનો શોક ઉપરાંત શરમનો વિષય છે. પરમાત્મા તેમને સદ્બુદ્ધિ આપો.

બાકી **लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति** એટલે કે લોકોત્તર પુરુષનાં ચિત્તને સંપૂર્ણપણે જાણવાની આપણી તાકાત નથી.

એને તો વિશેષ વિશેષ ઓળખવાનું કાર્ય ભવિષ્ય કરશે. અને એક પ્રસંગ જણાવું છું:—

એક વખત ગાંધીજીને એક સભાના પ્રમુખે કહ્યું કે 'આવી વ્યવસ્થા કરવાનું કારણ એ છે કે આપને હજી અમે ઓળખ્યા નથી' ત્યારે ગાંધીજીએ વિનોદમાં કહ્યું 'મને શેના ઓળખો? હું તો મરી ગયા પછીજ ઓળખાવાનો છું ના?'–આ જોકે વિનોદ હતો છતાં તેનો આશય લક્ષમાં લેવા યોગ્ય છે, કારણ કે તેમના જ શબ્દોમાં કહીએ તો '× × સુધારકોનું જ્યારે મૃત્યુ થાય ત્યારે માત્ર તેમના દેહનો જ નાશ થાય છે. એમનું કામ અને એમના વિચારો દેહની સાથે મરી જતા નથી. એમની શક્તિમાં તો સમય જાય તેમ વધારો થાય છે. આપણને એનો અનુભવ વધારે થાય છે, કેમકે જેમ કાળ જાય તેમ માટીના ખોળિયાથી સ્વતંત્ર રીતે એનો પ્રભાવ પ્રગટ થતો જાય છે. મનુષ્યમાં જે ક્ષણજીવી અંશ છે તે દેહની સાથે નાશ પામે છે. મનુષ્યનો જે શાશ્વત અવિનાશી અંશ છે તે તો દેહની રાખ થઈ ગયા પછી પણ જીવે છે અને દેહનું બંધન દૂર થવાથી વધારે પ્રકાશે છે.'

કાલાન્તરે મહાપુરુષોના સંબંધમાં બન્યું છે તેમ ગાંધીજીનાં પત્રો, વાર્તાલાપો, વ્યાખ્યાનો, ગ્રંથો, વગેરે સર્વ અતિ આદરપાત્ર થશે અને તેમની મૂર્તિ એક મહાપુરુષ–દેવમૂર્તિ સમ લેખાશે.

ગાંધીજી એ પરમ સત્યશોધક છે. સત્યને શોધનારે સત્યને ખુલ્લું મન રાખીને શોધવું જોઈએ એટલુંજ નહિ પરંતુ એના પ્રત્યે નિષ્ઠા રાખવી જોઈએ, એની સાધના કરવી જોઈએ; અને તેમ કરતાં જે સત્ય સાંપડે તેને તે પૂર્ણ છે, શાશ્વત છે એમ માનીને તે પ્રમાણે આચરણ કરવું જોઈએ; સત્યશોધક જીવનો ભોગ આપીને સત્યની રક્ષા કરવા બંધાયલો છે. આવા સત્યશોધક ગાંધીજીએ સામાજિક, ધાર્મિક, શિક્ષણ–વિષયક, રાજકીય વગેરે અનેકવિધ વિષયોની પર્યેષણા શુદ્ધ પ્રામાણિક

બુદ્ધિ અને દૃષ્ટિથી કરી તે તે સંબંધે પોતાના વિચારો વ્યાખ્યાનો, સંવાદો અને જાહેર પત્રો દ્વારા જણાવ્યા છે.

આમ છતાં પોતાના મનને હમેશાં ખુલ્લું રાખ્યું છે, હુંજ સાચો અને બીજા ખોટાજ, એમ માન્યું નથી; પોતાનું હૃદય નમ્ર રાખ્યું છે. તેઓ જણાવે છે કે 'મારી ભાષામાં ને મારા કાર્યમાં નમ્રતા છે કે નહિ એ તો જગત જાણે; પણ મારા હૃદયમાં નમ્રતા ભરી છે ને તે વધતી જાય છે, કેમકે મારી માનસિક, શારીરિક ને આત્મિક શક્તિની મર્યાદા હું જાણું છું ને જોઇ રહ્યો છું.' 'સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. મને એક જ વસ્તુની પડી છે, ને તે પ્રતિક્ષણ સત્યનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે.' 'મારાં વચનોમાં સર્વ કાળે અવિરોધ હોવો જ જોઇએ એવો આગ્રહ મેં કદી રાખ્યો નથી જે ક્ષણે મને જે સત્ય ભાસે તે પ્રમાણે હું બોલું ને આચરૂં તો મારાં વાણી ને આચરણમાં ગમે એટલા વિરોધો બતાવવામાં આવે એની મને પરવા નથી.' 'મેં ખૂબ આત્મનિરીક્ષણ કર્યું છે, એકે એક ભાવને તપાસ્યો છે, તેનું પૃથક્કરણ કર્યું છે, પણ તેમાંથી નીપજેલા પરિણામ એ સૌને સારૂ છેવટનાં જ છે, એ ખરાં છે અથવા એજ ખરાં છે એવો દાવો હું કોઇ દિવસ કરવા ઇચ્છતો નથી' પણ એ દાવો તો છે કે 'મારી દૃષ્ટિએ ખરા છે અને અત્યારે તો છેવટના જેવાં લાગે છે.' તેમના વિચારો પ્રત્યે આપણે કેવું વલણ રાખવું તે સંબંધમાં તે સાથે સાથે સ્પષ્ટ કરી નાખે છે કે —'સારો માર્ગ એ છે કે મહાત્માના વચનને પણ બુદ્ધિની [illegible] ચકાસવું ને તેમાં કસ ન ઉતરે તો તે વચનનો ત્યાગ [illegible]

[illegible]નો તિરસ્કાર કરનાર અને નિંદનાર સજ્જન [illegible] માની શકાતું નથી.

પોતાના વિષે પ્રમાણિકપણે જણાવે છે કે 'મને દૃઢ વિશ્વાસ છે કે હું પ્રેમથી ઉભરાઈ રહ્યો છું. મને સ્વપ્ને પણ કોઈના પ્રત્યે વેરભાવ ઉત્પન્ન થયો નથી' 'મારી બધી પ્રવૃત્તિ મોક્ષને ખાતર છે,' 'મારે જે કરવું છે, જેની હું વર્ષો થયાં ઝંખના કરી રહ્યો છું, તે તો આત્મદર્શન છે, તે ઈશ્વરનો સાક્ષાત્કાર છે, મોક્ષ છે. મારૂં ચલનવલન બધું એજ દૃષ્ટિએ છે, અને મારૂં રાજપ્રકરણી ક્ષેત્રની અંદર ઝંપલાવવું પણ એજ વસ્તુને આધીન છે.'

અત્યારે તેઓ ગામડાંના લોકોની સેવા કરવા વર્ધા પાસે સેગાંવ નામના ગામડામાં વસે છે, તેમાં તેમનું ધ્યેય શું છે એમ એક યુરોપિયન સજ્જને પૂછ્યું ત્યારે ઉત્તરમાં તેમણે કહ્યું, 'હું અહીં બીજા કોઈની સેવા કરવા નથી આવ્યો, પોતાની જ સેવા કરવા આવ્યો છું. આ ગામડાના લોકોની સેવા દ્વારા મારે આત્મ–સાક્ષાત્કાર કરવો છે. માણસનું અંતિમ ધ્યેય ઇશ્વરનો સાક્ષાત્કાર છે, અને એની સામાજિક, રાજકીય, ધાર્મિક બધી પ્રવૃત્તિઓ ઈશ્વરદર્શનના અંતિમ ધ્યેયને અનુસરીને થવી જોઇએ. મનુષ્ય માત્રની સેવા એ સાધનામાં એક આવશ્યક અંગ બની જાય છે, કેમકે ઇશ્વરને પ્રાપ્ત કરવાનો એક માત્ર રસ્તો એ છે કે એની સૃષ્ટિમાં (બધા જીવોમાં) એને જોવો ને એની સાથે તાદાત્મ્ય સાધવું. એ તો સૌની સેવા દ્વારાજ બની શકે, ને એ સેવા દેશસેવા વિના બની ન શકે. હું સમસ્ત વિશ્વનો એક અંશ છું ને માનવ જાતિથી ભિન્ન એવી રીતે હું ઇશ્વરને જોઈ ન શકું'

આમ છે તો વિશ્વબંધુત્વ રાખી સર્વ દેશના લોકોની સેવા કરતાં આ દેશની સેવા કેમ પસંદ કરી, તેનો પણ પોતે જવાબ આપી દે છે:— 'મારા દેશબંધુઓ મારા નજીકમાં નજીકના પડોશી છે, એ એવા અસહાય, એવા નિર્ધન, એવા નિષ્ક્રિય બની ગયા છે કે મારે મારી બધી શક્તિ એમની સેવામા વાપરવી જોઇએ.'

હવે તેમના ધાર્મિક વિચારો પ્રત્યે આવીએ. પહેલાં ધર્મની વ્યાખ્યા ટુંકમાં જણાવે છે:—

ધર્મની સંક્ષિપ્ત વ્યાખ્યા–'આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ, ધર્મ એટલે સંકુચિત સંપ્રદાય નહિ, કેવળ બાહ્યાચાર નહિ. બહોળા વ્યાપક અર્થમાં ધર્મ એટલે ઇશ્વરતત્ત્વ વિષે અચલિત શ્રદ્ધા, પુનર્જન્મ વિષે અચલિત શ્રદ્ધા, સત્ય અને અહિંસા વિષે સંપૂર્ણ શ્રદ્ધા. ધર્મ એટલે ધર્માચરણ. ધર્મમાં કોઇ પણ અંશ અસત્ય ન હોય, કઠોરતા ન હોય, હિંસા ન હોય. ધર્મનું માપ પ્રેમથી, દયાથી, સત્યથી થાય છે. આ ત્યાગથી મળેલું સ્વર્ગ પણ નિંદ્ય છે. સત્યનો ત્યાગ કરવાથી હિન્દુસ્તાનને સ્વરાજ્ય મળતું હોય તો તે નકામું છે.'

'ધર્મની રક્ષા શુંડાબાજીથી અથવા પાખંડથી, વાક્ચાતુર્યથી અથવા [illegible]ર લેખોથી કદી નથી થઈ, નથી થવાની. ધર્મરક્ષા ધર્મીઓની શુદ્ધિથી, [illegible]પંથીજ થઈ શકે છે.

'મંદિર એ ધર્મ માત્રનું આવશ્યક અંગ છે–પછી ભલે તેને કોઈ 'મંદિર' કહે, 'મસ્જિદ' કહે, કોઇ 'ગુરુદ્વાર' કહે, કોઇ 'અપાસરો' [illegible] જ્યાં સુધી શરીર અને આત્માનો સંબંધ રહેશે ત્યાં સુધી મંદિર અને ભગવાનનો મેળ સધાયલોજ રહેશે. શરીર નરકની ખાણ છે, અને ઇશ્વરને (આત્માને) રહેવાનું સ્થાન પણ છે. એજ રીતે મંદિર પણ નરકની ખાણ થઈ શકે છે અને ભગવાનનું સ્થાન તો છે જ. 'જેની જેની ભાવના તેવી તેની સિદ્ધિ.'

'શાસ્ત્ર—ધર્મનું આચરણ કરવામાં પ્રવચનની જરૂર કોઇવાર હોય પણ પ્રવચન કરનારનું જીવન ધર્મનિષ્ઠ હોવું જોઇએ. તે પ્રવચન એટલે શાસ્ત્રની વ્યાખ્યા ટુંકમાં એ છે કે 'જે આપણને મોક્ષ તરફ પ્રવર્તાવે તે શાસ્ત્ર.' તે 'સત્યનું, અહિંસાનું' બ્રહ્મચર્યનું વિરોધી ન હોય, તેને ધર્મદૃષ્ટિથી જોવાં જોઇએ, તેનું રહસ્ય પામવું જોઇએ. કેટ[illegible]ના અક્ષરાર્થને વળગનારા છે. તેના દરેક વચનનો અક્ષરાર્થ [illegible]

[illegible]રા ગાંધીજી

વિવિધ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ વધારતા ગયા તેમ તેમને જણાયું કે દરેક ધર્મ-શાસ્ત્રનો અર્થ કરવામાં તેના રહસ્યાર્થ-ગૂઢાર્થ સમજવા અને તેને સદાચારની કસોટીએ ચડાવી તેની કિંમત આંકવી જોઈએ. તેમણે એક સહેલો રસ્તો અનુભવ્યો છે, તે બતાવતાં કહે છેઃ– 'દરેક ધર્મનો વિચાર કરીને મે દઢભાજક કાઢયો છે. કેટલાક સિદ્ધાંત અચલિત જેવા માલમ પડે છે, અનુભવ તેનો અનાદર નથી કરી શકયો. ભક્ત તુલસીદાસે અર્ધ દોહામાં કહી દીધું છે 'દયા ધર્મકા મૂલ હૈ.' 'સત્ય સિવાય બીજો ધર્મજ નથી ' એ સનાતન વાકય છે. કોઈ પણ ધર્મે આ સૂત્રોનો ઈનકાર નથી કર્યો, દરેક સૂત્ર જેને વિષે શાસ્ત્રવાકયનો દાવો કરવામાં આવે તેને સત્ય રૂપી એરણ ઉપર દયા રૂપી હથોડા વતી ટીપી જોવું. જે તે નક્કર લાગે ને તૂટી ન જાય તો યોગ્ય માનવું. અખાની અનુભવ વાણીમા શાસ્ત્રાર્થ-શાસ્ત્રવાદ એ 'અંધારો કૂવો ' છે. તેમાં પડે તે ગોથાં ખાધા જ કરે. જે શાસ્ત્ર મને મદિરાપાન, માંસભક્ષણ, પાખંડ ઈત્યાદિ શીખવે તે શાસ્ત્ર ન કહેવાય.'

'શાસ્ત્રના અક્ષરને વળગ્યો તે વેદિયો છે એમ ઘણા કવિઓએ ગાયું છે. શાસ્ત્રોનું દોહન ઘણા જગદ્ગુરૂઓએ એક એક વાકયમાં આપ્યું છે. ને તે બધાનું તાત્પર્ય એ છે કે આપણે ઈશ્વરભક્તિ કરી જ્ઞાન મેળવવુ અને તે વડે મોક્ષ મેળવવો.'

'ગુરૂ— ગુરૂ વિના જ્ઞાન ન હોય ' એ સુવર્ણવાકય છે. પણ ગુરૂ મળવા જ દોહ્યલા છે અને સદ્ગુરૂને અભાવે ગમે તેને ગુરૂ કરી બેસીને આપણે સંસારસાગરની વચ્ચોવચ્ચ ડૂબવું યોગ્ય નહિ ગણાય. ગુરૂ તે કે જે તારે. પોતે તરી ન જાણે તે બીજાને શું તારે? એવા તારા (તારનારા) આજકાલ હોય તો પણ તે એકાએક જોવામાં આવતા નથી.

'જેણે અહિંસા, સત્ય અને બ્રહ્મચર્યમાં પૂર્ણતા પ્રાપ્ત નથી કરી અને જેણે સર્વ પ્રકારની માલિકી અને ધનવૈભવનો ત્યાગ નથી કર્યો, તેવો કોઇ પણ મનુષ્ય શાસ્ત્રોને ખરેખગ સમજી ન જ શકે એ ધર્મસૂત્રમાં

મારી સંપૂર્ણ શ્રદ્ધા છે. હું ગુરૂની પ્રથાને માનું છું, પણ સાથે સાથે એ પણ જોઉં છું કે અત્યારે તો લાખો મનુષ્યોએ ગુરૂ વગર જ પોતાની જીવનયાત્રા પૂરી કરવી રહી છે, કારણ સંપૂર્ણ જ્ઞાન સાથે તેટલા જ સંપૂર્ણ સદાચારનો સંગમ આ કાળમાં સાંપડવો દુર્લભ છે

'જે આપણને રાગદ્વેષાદિ રહિત કરે, જે આપણને પ્રેમધર્મ શીખવે, જે આપણને ભયમુક્ત કરે, સાદાઇ શીખવે, ગરીબમાં ગરીબની સાથે ઐક્ય સાધવાની બુદ્ધિ આપે એટલુંજ નહિ પણ ઐક્ય અનુભવવાનું હૃદયબળ આપે તે ગુરૂ.

પણ 'જેનામાં દંભ છે, દર્પ છે, જે સેવાનો ભૂખ્યો છે, તેને ગુરૂ માની બેસવું એ તો અનેક પ્રકારનાં ગંદાં પાણીઓને સમુદ્ર તરફ ઘસડી જતી ગંગા નદીના ઝેરી પાણીના જેવું સમજવું જોઇએ.

'અત્યારે તો ધર્મને નામે આપણે અધર્મ આચરીએ છીએ, સત્યને નામે પાખંડ પોષીએ છીએ, અને જ્ઞાની હોવાનો ડોળ કરીને અનેક પ્રકારની પૂજા ચોરી લઈ પોતે અધોગતિ પામીએ છીએ અને બીજાને સાથે ઘસડીએ છીએ. એવે સમયે કોઇને પણ ગુરૂ કરવાની ચોખ્ખી ના પાડવાનો જ ધર્મ પ્રાપ્ત થાય છે. સાચો ગુરૂ ન મળે તેથી માટીનું પૂતળું બેસાડીને તેને ગુરૂ બનાવવામાં બેવડું પાપ છે. પણ સાચો ગુરૂ ન મળે ત્યાં લગી દૃઢતાપૂર્વક 'નેતિ' 'નેતિ' કહેવામાં પુણ્ય છે, એટલું જ નહિ પણ તેથી કોઈ દહાડો સાચો ગુરૂ મળવાનો પ્રસંગ પણ આવે.'

સાધુઓને સંદેશ—'સાધુઓને હું વિનતીને કહું છું કે જ્યાં સુધી પ્રેજા ખીણ અને નિઃશસ્ત્ર છે અને સરકાર અને લુટારૂઓનો કેર વર્તે છે ત્યાં સુધી તમે તમારો અધિકાર ઉપયોગમાં લઇ રૈયતના કામે પડી જાઓ. લુચ્ચા, ચોર, લંપટના રોગોનું હરણ કરવું એ તમારો ધર્મ છે. × × પડોશી પર અત્યાચાર થતો હોય ત્યારે રક્ષા કરવી એ તમારો ધર્મ છે. તમારી પાસે યમ-નિયમનાં તિવ્ર શસ્ત્રો છે. એ શસ્ત્રોને

યત્કિંચિત્ તપશ્ચર્યાથી તમે સહેજમાં માર્યા કરી શકો છો. પ્રભુઓની પાસેથી હું નિર્ભયતા અને દયાના પાલનની આશા રાખું છું.'

જીવનનો હેતુ—'આપણે દુનિયામાં જન્મ લીધો તે ભોગ માટે નહિ પણ ત્યાગ માટે, સંયમ માટે. × × ઇશ્વરી કડક નિયમ છે કે જેને ઈશ્વરની નજીક જવું હોય તેણે દુનિયાનો ત્યાગ કરીને દુનિયામાં રહેવું જોઇએ. એ વાત કઠણ છે છતાં સહેલી પણ છે. જીવવું તે સેવાને માટે છે એમ માનીએ તો સહેલી વાત છે.

અહિંસા—'અહિંસાનું જીવન લક્ષણ પ્રેમ છે—અવેર છે. મનુષ્યનો ધર્મ અહિંસા છે અને જેટલે અંશે તે અહિંસક છે તેટલેજ અંશે તે પોતાની જાતિને શોભાવી શકે છે. મનુષ્ય-સ્વભાવ હિંસા નહિ પણ અહિંસા છે, કેમકે તેજ પોતાના અનુભવથી નિશ્ચયપૂર્વક કહી શકે છે 'હું દેહ નથી પણ આત્મા છું, અને આ દેહને આત્માના વિકાસને અર્થે, આત્મદર્શનને અર્થેજ વાપરવાનો મને અધિકાર છે' અને તેમાંથી તે દેહદમનની, કામ ક્રોધ મદ મોહ મત્સર ઇત્યાદિ શત્રુઓને જીતી લેવાની નીતિ ઘડાવે છે, તેને જીતવાનો ભારે પ્રયત્ન આદરે છે અને તેમાં એ સંપૂર્ણ વિજય મેળવે છે. અને જ્યારે એવો વિજય મેળવે ત્યારે જ તેણે મનુષ્યજાતિના સ્વભાવને અનુકૂળ કાર્ય કર્યું કહેવાય. તેથી રાગદ્વેષાદિને જીતવા એ અતિ-માનુષી કાર્ય નથી, પણ માનુષી કાર્ય છે અહિંસાનું પાલન એ ઉંચામાં ઉંચા પ્રકારની વીરતાનું લક્ષણ છે. અહિંસામા ભીરૂતાને ક્યાંયે સ્થાન નથી.

'અહિંસાધર્મનો સંપૂર્ણ પાળનારોજ સંપૂર્ણ મરદાની બતાવી શકે. એક માણસ પણ અહિંસા જીવન સંપૂર્ણપણે ગાળવાને તૈયાર હશે, તો દુનિયાને વશ કરી શકશે. હું નમ્રતાથી કહીશ કે આજે મારા આ જર્જરીત દેહે પણ આટલી ભારે લડત ઉઠાવવાની મારી કંઇક શક્તિ છે, તેનું કારણ મારૂં અહિંસાધર્મનું પાલન જ છે.

૧ 'અહિંસા એ મનુષ્ય જાતિનો સ્વધર્મ છે અને પશુબળ કરતાં એની શક્તિ અનંતગણી મોટી ને ચઢીઆતી છે.

૨ અહિંસા માણસનાં સ્વમાન અને આબરૂનું પૂરેપૂરૂં રક્ષણ કરે છે, અહિંસાનો સ્વભાવ જ એવો છે કે અનીતિથી મેળવેલા ધનના કે અનાચારના બચાવમાં એ કશી મદદ કરતી નથી.

૩ અહિંસા એવી શક્તિ છે કે જેનો પ્રયોગ બાળક, જુવાન, સ્ત્રી, વૃદ્ધ, સૌ સરખી રીતે કરી શકે છે. માત્ર તેમનામાં પ્રેમસ્વરૂપ ઇશ્વર વિષે અવિચલ શ્રદ્ધા હોવી જોઇએ અને તેથી મનુષ્ય માત્રને માટે સમાન પ્રેમ હોવો જોઇએ. અહિંસાનો જીવનધર્મ તરીકે સ્વીકાર કરવામાં આવે તો તે છૂટાંછવાયાં કાર્યોને લાગુ ન પાડતાં આખા જીવનમાં વ્યાપવી જોઇએ ને જીવનના પ્રત્યેક કાર્યમાં પ્રગટ થવી જોઇએ.

૪ અહિંસાધર્મ વ્યક્તિઓને માટે સારો છે પણ જનસમૂહોને માટે સારો નથી એમ માનવું એ ગભીર ભૂલ છે.'

સત્ય—'ધર્મ એટલે સત્ય અને અહિંસા, અથવા કેવળ સત્ય કહો તોપે બસ થાય. અહિંસા સત્યના પેટમાં જ સમાયેલી છે. તે વિના સત્યની ઝાંખી સરખીયે ન થાય.

'અહિંસા વિના સત્યનો સાક્ષાત્કાર અસંભવિત છે, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ પણ અહિંસાને અર્થે છે, અહિંસાને સિદ્ધ કરનારા છે. અહિંસા સત્યનો પ્રાણ છે. મનુષ્ય તેના વિના પશુ છે. આ બધું સત્યાર્થી પોતાની શોધના પ્રવાસમાં વહેલોજ જોઈ લેશે.

'સત્ય સ્વયંસિદ્ધ છે, અહિંસા તેનું સંપૂર્ણ ફળ છે. સત્યમાં તે છુપાયેલી પડીજ છે, પણ તે સત્યની જેમ વ્યક્ત નથી તેથી ભલે તેને માન્ય કર્યા વિના મનુષ્ય શાસ્ત્ર શોધે. તેમ છતાં તેનું સત્ય તેને અહિંસાજ શીખવશે.

"આપણે ધર્મનેજ ભૂલ્યા છીએ. સહુ પોતપોતાનો કક્કો ખરો રાખવા મથે છે. ધર્મ શું છે, ક્યાં છે, તે કેમ ઓળખાય, તેની કેમ રક્ષા થઇ શકે એ જાણવાની ઇચ્છા સરખી નથી રહી.

"જૈનોની પાસેથી તો આથી વધારે સારાની આશા રખાય. તેઓ તો સ્યાદ્વાદના પૂજારી છે, દયા ધર્મના ઇજારદાર છે. તેમનામાં સહિષ્ણુતા હોવી જોઇએ. એટલે અંશે પોતાને પોતાનું સત્ય પ્રિય છે તેટલેજ અંશે બીજાને તેનું હોય જ એમ માનવું જોઇએ. જ્યાં વિરોધીની ભૂલ લાગે ત્યાંયે મનમાં રોષ ન લાવતાં દયાભાવથી કામ લેવું ઘટે.

"પણ સ્યાદ્વાદ અને દયાભાવ જૈન ઘરોમાં અને જૈન મંદિરોમાં પણ કેમ જાણે પોથીઓમાંજ શોભતા હોય એવો આભાસ મને આ લેખો વાંચતાં થયો, એવો અનુભવ તો થયાંજ કરે છે. જ્યાં દયાનો અમલ છે ત્યાં તે કીડિયારાં પૂરવામાં ને માછલાં બચાવવામાંજ પરિમિત થઇ જતો જોવામાં આવે છે. અને આ દયાધર્મ પાળવાને ખાતર મનુષ્ય પ્રત્યે ક્રૂરતા વપરાય તો તેની ગણતરી ધર્મમાં થતી જાણી છે.

"રાયચંદભાઇ તો કહેતા જ કે જૈન સિદ્ધાંત વાણિયાઓને ત્યાં ગયો એટલે તેનો વાણિયાશાઇ દિમાળ થયો; જ્ઞાન અને વીરતા જે દયાનાં" લક્ષણ હોવાં જોઇએ, તેમનો પ્રાયઃ લોપ થયો ને દયા અને બીરના એ બે શબ્દો પર્યાયવાચક બની જઇ દયા વગોવાઇ.

"વળી ધર્મને અને ધનને હાડવેર રહ્યાં. પણ જૈન મંદિરોમાં લક્ષ્મીદેવીએ વાસ કર્યો એટલે ધર્મના સિદ્ધાંતોનો નિર્ણય તપશ્ચર્યાથી નહિ, પણ વકીલોની દલીલોથી અદાલતોમાં થવા લાગ્યો. એટલે જે વધારે પૈસા આપે, તે પોતાને ગમતો ધર્મનો નિર્ણય લાવી શકે એમ થયું

"આ ચિત્રમાં કદાચ અતિશયોક્તિ જણાશે, પણ નથી. જૈનોને હું જાણું છું. એટલો પરિચય મને વૈષ્ણવ સંપ્રદાયનો ને વૈષ્ણવોનો છે તેટલો જ લગભગ જૈન સિદ્ધાંતનો ને જૈનોનો છે. કેટલાક મને દેશભાવે

જૈન માને છે, કેટલાક પ્રેમભાવે હું જૈન હોઉં એમ ઇચ્છે છે. કેટલાક જૈનો વિષેનો મારો પક્ષપાત જોઇ રાજી થાય છે. તેમનાં પુસ્તકોમાંથી હું ઘણું શીખ્યો છું. ઘણા જૈન મિત્રોનો સહવાસ મને ઉપકારક નીવડ્યો છે. તેથી ઉપરનું લખવા અને તે વાટે જૈન ધર્મ પ્રિય છે એવા જૈનોને જાગૃત કરવા પ્રેરાયો છું.

"શ્વેતાંબર દિગંબરમાં વૈરભાવ શો? બન્નેના સિદ્ધાંતો એક છે. થોડા ભેદ છે તે સહ્ય છે, બન્નેના પક્ષનું સમાધાન થાય તેવા તે ભેદ છે; જેવા દ્વૈતી અદ્વૈતીના.

"જૈનોમાં સાધુઓ અને સાધ્વીઓ પુષ્કળ છે, તેમને સમય છે. તેઓ કાં ખરી તપશ્ચર્યા ન કરે? તેઓ કાં શુદ્ધ જ્ઞાન ન મેળવે? તેઓ કાં અનુભવજ્ઞાન ન આપે?

"જૈન યુવકો પોતાના વડવાઓની જેમ ધન ઉપાર્જનમાં ગૂંથાયેલા જોવામાં આવે છે, તેઓ કાં ગૃહસ્થાશ્રમી રહેતા છતાં તપસ્વી જેવા બની ઉદારચિત્ત, સ્વચ્છ, દયામૂર્તિ ન બને?

"હું હિંદુ અને જૈન એવા બે વિભાગ નથી કરતો. સ્યાદ્વાદની જ સહાયથી હું હિંદુ એટલે વૈદિક મત અને જૈન મતનું ઐક્ય સાધી શકું છું. મેં તો તેની મદદથી ધર્મો માત્રની એકતા મારા પૂરતી તો ક્યારની સાધી છે. શ્વેતાંબર દિગંબરના ઝગડાનો ન્યાય છાપાં દ્વારા ન મળે, અદાલતમાં ન મળે. બન્ને અથવા બેમાંથી એક એકને સારૂ પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થાય. આટલુંયે ન કરી શકે તે ધર્મનું નામ ભૂલી નમ્ર બની મૌન ધારણ કરે."

જૈનોને માટે આમાંથી ઘણું સમજવાનું, ઘણો સાર લેવાનું મળે છે. સાધુ અને શ્રાવકો, વૃદ્ધો અને યુવાનો, ધનવાન અને ગરીબ વગેરે ધર્મદ્રષ્ટિથી—સ્યાદ્વાદથી વિચારે, શુદ્ધ તપશ્ચર્યા કરે, ખરી દયાનું જ્ઞાન

લઈ તેને આચારમાં મૂકે, તો સર્વે ધર્મોની એકતા સમન્વય, વૈમનસ્ય ને ઝઘડા દૂર થાય અને વિશ્વની શાંતિમાં મોટો ફાળો આપી શકાય.

મહાત્માજીનાં વચનો એ દિવ્યવાણી છે-તેમાંથી અમૃત ઝરે છે અને હૃદયને શાંતિ અર્પે છે.

મારા મિત્ર શ્રી રામનારાયણ પાઠકજીના શબ્દોમાં કહીએ તો—'ગાંધીજીની પ્રેરણા ધાર્મિક છે અને તેઓ જગતને અહિંસા પંથે દોરે છે છતાં તેઓ ધર્મપ્રવર્તક કે ધર્મસંસ્થાપક નથી. ધર્મપ્રવર્તક કે ધર્મ-સંસ્થાપક, ખરી કે ખોટી રીતે, પોતે જગતનું અંતિમ સત્ય પામ્યો છે, અંતિમ ઉન્નત દશાએ પહોંચ્યો છે, એવી શ્રધ્ધાવાળો હોય છે અને એવી શ્રધ્ધાના ગૂઢ બળથી તે લોકોને પોતા તરફ આકર્ષે છે. ગાંધીજી બન્નેની ના પાડે છે. તેઓ કહે છે કે પોતાને ઇશ્વરનું દર્શન થયું નથી, તેમ પોતાને ગુરૂ પણ મળ્યો નથી. દરેક ગૂઢતાને તેઓ વર્જ્ય ગણતા જણાય છે. × છતાં તેમના અનુભવમાં કાંઇ ગૂઢ નથી જ એમ કેમ કહી શકાય ! તેમની ઉપવાસની પદ્ધતિ તેઓ પ્રભુ પાસેથી બળ મેળવે છે તે, અંતર્યામીના અવાજ પ્રમાણે ચાલે છે, કલાકોના કલાકો પ્રાર્થનામાં ગાળે છે તે સર્વ ગૂઢ એટલે સામાન્ય માણસને નહિ થયેલો અનુભવ છે. × × તેમના જીવનમાં બુદ્ધિ હૃદયને અનુસરે છે, હૃદયની દાસી છે, અને કેવળ બુદ્ધિને માટે તેમને અણગમો પણ હશે, તેમ છતાં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે. જેટલી ભાવનાઓને કાર્યોને અને વસ્તુઓને તેઓ બુદ્ધિના પ્રકાશમાં તપાસે છે તેટલી બહુ ઓછા તપાસતા હશે, × ધાર્મિક વૃત્તિના હોવા છતાં પાંજરાપોળ, સ્વચ્છતા, અહિંસા, સ્પર્શાસ્પર્શ અને સામાન્ય રહેણી કરણીના પ્રશ્નો ઉપર તેમણે બુદ્ધિથી જેટલી ચર્ચા કરી છે તેટલી ક્યાંએ નથી કરી એમ કહી શકાય. × ગાંધીજીની અંતઃપ્રેરણા ધર્મની છે, છતાં તેઓ પોતાના કાર્યક્રમો બુદ્ધિની પરીક્ષા માટે રજુ કરે છે. અહિંસાની પ્રેરણા ધાર્મિક છે, પણ તેઓ હિંદ આગળ તેને એક વ્યાવહારિક સાધન તરીકે રજુ કરે છે. નિઃશસ્ત્ર હિંદને મરજીઆત નહિ—આખી

દુનિયાને માટે એ અમોઘ શસ્ત્ર છે અને સૌથી ઓછી હાનિવાળું છે એમ એ પૂરવાર કરે છે. સ્પર્શાસ્પર્શનું પાપ તેઓ પોતાની ધર્મબુદ્ધિથી સમજ્યા છે અને તેને પણ બુદ્ધિની કસોટીએ તેઓ કસી આપે છે.

'જીવનનો એવો એક પણ પ્રદેશ નથી, એવો એક પણ પ્રશ્ન નથી જેમાં ગાંધીજીએ કંઇને કંઇ ન કર્યું હોય. જેમ સૂર્ય ઉગે, અને ખુલ્લામાં તો અજવાળું થાય પણ બંધ બારણામાં પણ પ્રકાશ પ્રવેશે, તડોમાં પણ અજવાળું પહોંચે, તેમ તેમણે પ્રેરેલું ચેતન સમાજના અંધારામાં અંધારા ભાગમાં પણ પહોંચ્યું છે. તેમણે પ્રશ્નો વિચાર્યાજ નથી, ઉભા નહોતા થતા ત્યાંથી ઉભા કર્યા છે. તેમનામાં અનેક વિરોધી બળોનો સમન્વય છે. ક્રાંતિકાર છતાં તે પ્રાચીનતાને માટે આદર ધરાવે છે. મૃદુ છતાં હઠીલા છે. આગ્રહી છતાં છૂટછાટ મૂકનાર છે. પ્રેમાળ છતાં ભીષણ છે. × તેઓ મને મનુષ્યના કરતાં ગૂઢ કુદરતી બળ જેવા લાગે છે. × ખુલ્લામાં ખુલ્લા અને નિખાલસ છતાં, તેમના આત્મદોહનમાંથી સ્ફુરતાં બળો કુદરત જેવાં ગૂઢ છે, અકળ છે, અમેય છે, અપ્રતિહ્ત છે. કોઇ મહાન્ હેતુ સિદ્ધ કરવા કુદરત આવાં બળો પેદા કરે છે, એ મહાન્ હેતુ સિદ્ધ થવામાં આપણે સર્વ જેટલે અંશે નિમિત્તભૂત થઇ શકીશું તેટલે અંશે ધન્ય થઇશું."

એક લેખક મનોરમ શબ્દોમાં મહાત્માજીને સંબોધી જે જણાવે છે તેમાંથી થોડું ટાંકીએઃ—

"તારો સ્પર્શ માટીમાંથી માનવી ઘડે છે, તારા શબ્દે જડ ચેતન રૂપ બને છે, તારા જીવન-અમૃતે કંઇ કંઇ શુષ્ક વેરાનોને લીલાંછમ બનાવ્યાં છે. તેં માનવીમાં માનવતા રેડી છે; માનવીને આદર્શ આપ્યો છે, જીવનમાં કાંઇ જીવવા જેવું છે એમ સિદ્ધ કરી બતાવ્યું છે. સુકાન-વિહોણા નાવની માફક આથડતા જીવોનો તું સુકાની બન્યો. માર્ગ ભૂલેલાનો તું રાહબર બન્યો છું. અંધારે અથડાનારને , ૧૫

બન્યો છું. તું નિર્બળોની નિર્બળતા નિવારી છે. બીરુની બીરુતા ટાળી છે. કાચા હૈયાવાળાને તેં કડણ બનાવ્યાં છે.

'અજ્ઞાનીઓને તેં જ્ઞાન આપ્યું છે. મૂઢ માનવીઓની મૂઢતા તેં નિવારી છે. પ્રકાશહીનોને તેં પ્રકાશ આપ્યો છે. દર્દીનો તું વૈદ્ય બન્યો છું. વેદનાઓનો તું શામક બન્યો છું. ભાંગેલા હૈયાને તું જીવાડનાર બન્યો છું.

'પીડિતોની પીડા તારાથી જોવાતી નથી, કંગાલોની કંગાલીયત તારાથી ખમાતી નથી. શોષિતોનાં હાડપિંજરો પ્રતિ તું દૃષ્ટિ નાખી શકતો નથી.

'× × × આથી તું અમારો પૂજ્ય છે."

આ પૂજ્ય મહાત્મનના સંદેશ ઝીલી આપણે કૃતાર્થ બનીએ અને આપણી પામરતા, સ્વાર્થલાલસાઓ નિવારી પવિત્ર બનીએ એ હૃદયપ્રાર્થના.

અંતે વર્તમાન કવિશ્રી ઉમાશંકરની "વિશ્વશાંતિ"માંની નીચેની કડીઓથી આ વકતવ્ય અત્ર સમાપ્ત થાય છેઃ-

ધુમ્ર દાવાનળે દાઝયા તપેલા પૃથિવીતલે,
ઝમી વર્ષાવની શીળી કોની આ પગલી પડે?

કોના સુણીને સુર આંસુભીના,
ગળી જતી વિશ્વની ઘોર હિંસા?
હોલવવા પાપ યુગો—યુગોનાં,
શું ઊતરી મૂર્તિમતી અહિંસા?

